# દૈનિક મુંબઈ સમાચાર

203 વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 20 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૩ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






**TOKYO / SHIZUOKA / HIROSHIMA / KOBE / KYOTO / OSAKA**

- TOKYO SKY TOWER અને TEAM LABS PLANET ની મુલાકાત.
- ALL NIPPON દ્વારા BOMBAY થી JAPAN માટેની DIRECT FLIGHT.
- અમારા INDIAN CHEF દ્વારા તૈયાર કરેલા સ્વાદિષ્ટ ભોજન.
- તમારા પ્રવાસ દરમિયાન BULLET TRAIN ની યાત્રાનો અનુભવ કરો.
- MT FUJI, LAKE KAWAGUCHIKO CRUISE ની મુલાકાત.
- KOBE માં JAIN TEMPLE તથા EARTHQUAKE MUSEUM ની મુલાકાત.
- KYOTO માં KINKAKUJI TEMPLE અને BAMBOO GROOVES ની મુલાકાત.
- NARA માં BUDDHA TEMPLE ની મુલાકાત.
- OSAKA માં OSAKA CASTLE અને FLOATING GARDEN ની મુલાકાત.

**OTHER SECTORS — FOR 2025 —**

*Arctic | Alaska & Canada | Central Europe | New Zealand Scandinavia | South Africa | Iceland | South America | Australia | Turkey | USA | Vietnam*

URVI LUXURY DESTINATION PVT. LTD.

Where U & V meet to create memories.

SOHIL SHAH +91 98701 53149 | SOHAM SHAH +91 97738 06090 | DHIREN RUPARELIA +91 99305 49258

**DEPARTURE DATES**

MARCH: 18( SOLD OUT ), 21*, 23( SOLD OUT ), 27*, 30 ( SOLD OUT )

APRIL: 01 ( SOLD OUT ), 06, 08 ( SOLD OUT )

OFFICE ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN MANDIR, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.

+91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

# છ હજાર કરોડના બીઝેડ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની સીઆઈડી ક્રાઈમે વધુ એક ગુનામાં ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છ હજાર કરોડના બીઝેડ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે વધુ એક ઠગાઈના ગુનામાં સીઆઈડી ક્રાઈમે ફરિયાદ નોંધી હતી. પ્રાંતિજના એક વ્યક્તિએ ઝાલાના ચીટફંડમાં રોકાણ કરેલા ૨૫ લાખ પરત નહીં કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. જેથી સીઆઈડી ક્રાઈમે વધુ એક ગુનામાં ઝાલાની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી હતી.

બીઝેડ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની એક મહિના પહેલાં જ ધરપકડ કરવામાં આવી હતી. તેને કોર્ટમાં રજૂ કરીને ત્રણ દિવસના રિમાન્ડ મેળવી તેની કસ્ટડી સીઆઈડી ક્રાઈમે મેળવી હતી. સીઆઈડી ક્રાઈમના તપાસનીશ અધિકારીએ કહ્યું હતું કે, અમે ઝાલાની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી હતી. અમને તેની સામે નોંધાયેલી ફરિયાદ અંગે એવી શંકા છે કે, વધુ એક મોટું કૌભાંડ ખુલી શકે છે. આ કેસની તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, અમદાવાદસ્થિત એક શખસે કથિત રીતે ક્રિકેટર શુભમન ગીલ, રાહુલ ટેવટિયા, મોહિત શર્મા અને સાઈ સુદર્શનને એ વ્યક્તિ સાથે ઓળખ કરાવી હતી જેના માધ્યમથી તેમણે ભૂપેન્દ્ર ઝાલાની પોન્ઝી સ્કીમમાં રોકાણ કર્યું હતું.

૨૬ ડિસેમ્બરે મહેસાણાના વિસનગર ખાતેથી ભૂપેન્દ્ર ઝાલાની ધરપકડ કરાઈ હતી. સીઆઈડી ક્રાઈમે ઝાલા સામે આક્ષેપ કર્યો હતો કે. તેણે છ હજાર કરોડનું કૌભાંડ આચર્યું છે પરંતુ બાદમાં તપાસ દરમિયાન આ રકમ ૪૫૨ કરોડની હોવાનું જાણવા મળ્યું હતું.

સીઆઈડી ક્રાઈમે સ્પષ્ટ કર્યું હતું કે, ઝાલાએ તેની સ્કીમમાં રોકાયેલી મોટાભાગની રકમ પરત કરી દીધી હતી. હાલમાં ૧૭૨ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી હોવાનું પણ જણાવ્યું હતું. કેટલાક સિનિયર પોલીસ કર્મચારીઓએ આ કૌભાંડની રકમમાં ઘટાડા સાથે તેની સંપત્તિ જપ્ત કરવાના ચાલી રહેલા પ્રયાસો સામે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

આરોપી ઝાલાએ હિંમતનગરમાં બીઝેડ ફાઈનાન્સ, ટ્રેડર્સ અને બીઝેડ ગ્રુપ ઓફ કંપનીમાં સીઈઓ તરીકે કામ કર્યું હતું. તેણે અને તેના સાગરિતોએ તલોદ, હિંમતનગર, વિજાપુર, મોડાસા, માલપુર, અરવલ્લી, ગાંધીનગર અને વડોદરામાં રોકાણકારો પાસેથી રૂપિયા રોકાણ માટે ઓફિસો શરૂ કરી હતી. સીઆઈડીના સૂત્રોએ કહ્યું હતું કે, ઝાલા તેની પોન્ઝી સ્કીમમાં રોકાણ કરવા માટે ફ્રેન્ચાઈઝીની ઓફર કરતો હતો. સીઆઈડી ક્રાઈમે હવે વધુ એક ઠગાઈનો ગુનો દાખલ કરીને ઝાલાની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અમદાવાદ ખાતે ૬૫૧ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે તાજેતરમાં અમદાવાદ, ગાંધીનગર અને વડનગર સહિતના વિસ્તારોમાં કરોડો રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યું હતું.

હવે તેઓ ફરીવાર અમદાવાદ ખાતે ૬૫૧ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે અને રાણીપમાં સભાને સંબોધશે. તે ઉપરાંત તેઓ હિન્દુ આધ્યાત્મિક મેળાનું પણ ઉદ્ઘાટન પણ કરશે.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજથી ત્રણ દિવસ માટે અમદાવાદની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આજે સવારે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક મેળાનું ઉદઘાટન કર્યા બાદ સાંજે ૬૫૧ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે. તે ઉપરાંત તેઓ રાણીપમાં સરદાર ચોક ખાતે જંગી સભાને સંબોધન કરશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી, રોડ, બ્રિજ સહિતના વિકાસ પ્રોજેક્ટો અંતર્ગત ૫૭૦ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત આજે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા કરવામાં આવશે, જેમાં ગાંધીનગરમાં ૫૨૯.૯૪ કરોડના પ્રજાલક્ષી ૨૫ કામો છે. સિમ્સ બ્રિજ નીચે રમતગમત સંકુલ, જોધપુરમાં વેજલપુર ટીપી સ્કીમ નં.૪માં નવો કોમ્યુનિટી હોલ, સાબરમતી ચેનપૂર અંડરપાસ, મક્તમપુરા વોર્ડમાં કોમ્યુનિટી હોલ તથા પાર્ટી પ્લોટ, બોડકદેવ માનસી સર્કલ પાસે વેજિટેબલ માર્કેટનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પ્રબોધ રાવળ બ્રિજથી કાળી ગરનાળા સુધીના આરસીસી ડ્રેનેજ બોક્સની કામગીરી, રાણીપ વિસ્તારમાં નવું વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર બનાવવા, બલોલનગરમાં ઓવરહેડ ટાંકી, નિરમા યુનિવર્સિટી પાસે નવું વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર, રાણીપ બસ સ્ટેન્ડ પાસે ઓવરહેડ ટાંકી, દક્ષિણ પશ્ચિમ ઝોનના જુદા જુદા તળાવનું ઈન્ટર લીંકીંગ, મકતમપુરામાં પાણીની ટાંકી, સરખેજ વોર્ડમાં ફૂડ કોર્ટ, વેજલપુર વોર્ડમાં ફિઝિયોથેરાપી સેન્ટર અને સરખેજ વોર્ડમાં વુમેન હોસ્ટેલના કામના ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.

# ગુજરાત યુનિ.માં ₹ ૪.૦૯ કરોડની ઉચાપત મામલે પૂર્વ કુલપતિ, રજિસ્ટ્રાર સહિત ૧૦ લોકોને ક્રાઈમ બ્રાંચની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીના એનિમેશન ડિપાર્ટમેન્ટમાં ૪.૦૯ કરોડ રૂપિયાની ઉચાપત મામલે પૂર્વ પ્રોફેસર કમલજીત લખતરિયા સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં ક્રાઇમ બ્રાન્ચે તેમની ધરપકડ પણ કરી હતી. ત્યારબાદ તપાસ દરમ્યાન વધુ ખુલાસા થતા ક્રાઈમ બ્રાન્ચે તપાસ માટે પૂર્વ કુલપતિ હિમાંશુ પંડયા, રજિસ્ટ્રાર પીયૂષ પટેલ અને પૂર્વ સિન્ડિકેટ સભ્ય વનરાજસિંહ ચાવડા સહિત ૧૦ જેટલા લોકોને નોટિસ આપી હતી. ક્રાઈમ બ્રાન્ચમાં ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પીયૂષ પટેલની પાંચ કલાક જેટલી પૂછપરછ ચાલી હતી. ગુજરાત યુનિવર્સિટીના એનિમેશન ડિપાર્ટમેન્ટના પૂર્વ કોર્ડિનેટર કમલજીત લખતરિયાએ રૂ. ૪.૦૯ કરોડની ઉચાપત કરી હતી, જેમાં તેને પોતાના અને સ્વજનોના ખાતામાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત નોલેજ પાર્ટનરને ૭૦ ટકા હિસ્સો આપવાનો હતો. લખતરિયાએ ગુજરાત યુનિવર્સિટીનો ૧૬ કરોડથી વધુ રકમનો જે ખર્ચ કર્યો તેનો હિસાબ આપ્યો નથી તે મામલે પણ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ કરાઈ રહી છે. આ દરમિયાન એડવાઈઝરી કમિટીને પણ નિવેદન નોંધવા માટે બોલાવાશે. આ કેસમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ હિમાંશુ પંડયા, રજિસ્ટ્રાર પીયૂષ પટેલ અને પૂર્વ સિન્ડિકેટ સભ્ય વનરાજસિંહ ચાવડા સહિતનાને નોટિસ આપી હતી.

# ગુજરાતમાં આગામી ત્રણ દિવસ કાતિલ ઠંડીનો અનુભવ થશેઃ પવનની દિશા બદલાતા ઠંડા પવનો ફૂંકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી લોકોને ઠંડીથી આંશિક રાહત મળી હતી, જો કે ફરી એક વખત તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વિવિધ જિલ્લાઓનું તાપમાન બે ડિગ્રી જેટલું ઘટતા ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગાહી પણ કરી હતી અને હજુ પણ આગામી ૨થી ૩ દિવસ દરમિયાન તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. ભરશિયાળે ઉનાળાના અનુભવ બાદ હવે ફરી ગુજરાતવાસીઓ ગુલાબી ઠંડીથી ઠરશે. આ સાથે જ આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેવાની હવામાન વિભાગે આગાહી કરી હતી. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાકમાં હજુ પણ ગુજરાતના લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવી શકે છે, જેથી ફરી એક વખત ઠંડીનો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે, કારણ કે પવનની દિશા બદલાઈ છે અને રાજસ્થાન ઉપર એક સાયક્લોન સર્ક્યુલેશન સર્જાયું છે. તેથી ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાઈને ઉત્તર તથા ઉત્તર પૂર્વ તરફથી થાય છે, જેને કારણે ઠંડા બર્ફિલા પવનો આવતા તાપમાનમાં ઘટાડો થયો છે. બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થયા બાદ ગુજરાતમાંથી ભેજનું પ્રમાણ પણ ઘટ્યું છે, જેથી ઠંડી વધુ પ્રમાણમાં અનુભવાશે. અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં આજે વાતાવરણ શુષ્ક રહેવાની સાથે લઘુતમ તાપમાન રહેવાની સંભાવના છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું લઘુતમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે. નલિયામાં રાજ્યનું સૌથી ઓછું લઘુતમ ૧૧ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં પણ ૨૪ કલાકમાં એક ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુતમ તાપમાન ઘટીને ગતરાત્રિ દરમિયાન ૧૫.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત વડોદરામાં ૧૫.૬ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૮.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધાયું હતું.

# ગુજસેટની પરીક્ષાના રજિસ્ટ્રેશનમાં ગત વર્ષ કરતાં આ વર્ષે ઘટાડો નોંધાયોઃ કુલ ૧,૩૦,૫૦૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં આ વર્ષે ૧,૩૦,૫૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ગત વર્ષે ૧,૩૮,૦૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં આ વખતે ૭૫૦૦ વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે. આ પરીક્ષા આગામી ૨૩મી માર્ચના રોજ લેવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ૩૫૦ રૂપિયા ફી સાથે ગુજસેટ ૨૦૨૫ની પરીક્ષા માટે ૧૭ ડિસેમ્બરથી રજિસ્ટ્રેશન પ્રોસેસ શરૂ કરવામાં આવી હતી. જેની અંતિમ તારીખ ૩૧મી ડિસેમ્બર રખાઈ હતી. પરંતુ તે લંબાવીને સાતમી જાન્યુઆરી કરાઈ હતી. આ દરમિયાન ૧,૨૮,૯૫૭ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, પરંતુ લેટ ફી સાથે આ રજિસ્ટ્રેશન માટેની તારીખ ૧૫ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી હતી. આ દરમિયાન વધુ ૨૮૦૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ વર્ષે ગત વર્ષ કરતાં ૭૫૦૦ વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા હતાં. ગત વર્ષે ૧,૩૪,૫૦૯ વિદ્યાર્થીઓએ ગુજસેટની પરીક્ષા આપી હતી. ગુજરાતમાં ગુજસેટની પરીક્ષા ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી કોર્સમાં પ્રવેશ માટે લેવામાં આવે છે. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતાં ગ્રૂપ, એ, બી અને એબીના વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે.

# અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ૧૦૪ મીટર ઊંચી સ્નોરકલ સીડી ખરીદાશેઃ ૪૫ કરોડની ફાળવણી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા હવે શહેરમાં બનતી ઊંચી ઈમારતોમાં થતી આગ અકસ્માતની ઘટનાઓમાં લોકોનું રેસ્ક્યૂ કરવા માટે ૧૦૪ મીટર ઊંચી સ્નોરકલ સીડી ખરીદવામાં આવશે. આ માટે મહાનગરપાલિકા દ્વારા ૪૪.૯૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. શહેરમાં ૪૩ માળ સુધી જ્યારે કોઈ આગ અકસ્માતની ઘટના બને ત્યારે બચાવકાર્ય માટે આ હાઇડ્રોલિક પ્લેટફોર્મ સીડીનો ઉપયોગ કરી શકાશે.

અમદાવાદ શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૧૨ જેટલી હાઈરાઈઝ બિલ્ડિંગો છે. જેમાં ૬ કોમર્શિયલ અને ૩ મિક્સ યુઝ બિલ્ડિંગો છે. આ તમામ બિલ્ડિંગોની હાઈટ ૧૦૦ મીટરથી ઊંચી છે. જ્યારે સાઉથ વેસ્ટ ઝોનમાં એક રેસિડેન્શિયલ અને એક મિક્સ યુઝ માટેની હાઈરાઈઝ બિલ્ડિંગ છે. શહેરમાં કુલ હાઈરાઈઝ બિલ્ડિંગોની સંખ્યા ૨૩ છે. આ ૧૦૪ મીટરની સ્નોરકલ સીડી શહેરની હાઈરાઈઝ બિલ્ડિંગોમાં બનતી આગની ઘટનાઓમાં રેસ્ક્યૂ ઓપરેશન માટે વાપરવામાં આવશે.

શહેરમાં ઊંચી ઇમારતોમાં આગ અકસ્માતની ઘટના બને ત્યારે બચાવકાર્ય માટે ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા કામગીરી કરવા આશરે ૧૦૪ મીટર ઉંચાઈની સ્નોરકલ સીડી ખરીદવા અંગેની દરખાસ્ત આજે ગુરુવારે મળનારી સ્ટેન્ડિંગ કમિટીમાં મૂકવામાં આવી છે. અતિઆધુનિક વ્હિકલ ખરીદી કરવા પાછળ રૂપિયા ૪૬ કરોડનો ખર્ચ થશે.

# અમદાવાદ ઍરપોર્ટ પરથી બૅંગકોકથી આવેલા પેસેન્જર પાસેથી સાત કરોડનું હાઈડ્રોફોનિક વીડ ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પર પ્રતિબંધિત ડ્રગ્સની હેરાફેરી મોટા પ્રમાણમાં થઈ રહી છે તેથી કસ્ટમ વિભાગ પણ સતર્ક થઈ ગયો છે. આ દરમિયાન અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બૅંગકોકથી આવેલી ફ્લાઈટમાં એક પેસેન્જર પાસેથી ૭ કરોડ રૂપિયાના ડ્રગ્સ સાથે ઝડપાયો હતો. મુસ્તાક ભટ્ટી નામના આ પેસેન્જર પાસેથી ૪.૬૪૫ ગ્રામ હાઈડ્રોફોનિક વીડ મળી આવ્યું હતું, જેની ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમત ૭ કરોડ રૂપિયાથી પણ વધારે થવા જાય છે. ગાંજા કરતાં પણ હાઈ ક્વૉલિટીનું માનવામાં આવતું હાઈડ્રોફોનિક વીડ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયું હોય એવો આ ચાર દિવસમાં બીજો કિસ્સો બન્યો છે. આ પહેલાં બેંગકોકથી અમદાવાદ આવેલી એક મહિલા પાસેથી ૨૩૪૯ ગ્રામ હાઈડ્રોફોનિક વીડ મળી આવ્યું હતું અને આ મહિલાની એનડીપીએસ ઍક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. થાઈ એરલાઈન્સની બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં હાઈડ્રોફોનિક વીડ સાથે ઝડપાયેલા મુસાફરનું નામ મુસ્તાક અહેમદ ઉંમરભાઈ ભટ્ટી છે. ચાર દિવસ પહેલાં અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર થાઈ એરલાઈન્સની ફ્લાઈટમાં બેંગકોકથી અમદાવાદ આવેલી થાઈલેન્ડની રહેવાસી પીમાલા સંપાની કસ્ટમના એર ઇન્ટેલિજન્સ યુનિટના મહિલા અધિકારી શીતલ પરમારે ૨૩૪૯ ગ્રામ હાઈડ્રોફોનિક વીડ સાથે ઝડપી લઈને ધરપકડ કરી હતી. હવે મુસ્તાક ભટ્ટી પણ આજ પ્રકારનું ડ્રગ્સ લઈને આવતાં કસ્ટમ વિભાગ ચોંકી ગયો હતો.

# વિકલાંગ વ્યક્તિઓ માટેના પ્રમોશનમાં ક્વૉટા મુદ્દે હાઈ કોર્ટે ગુજરાત સરકારને નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે રાજ્ય સરકારને વિકલાંગ વ્યક્તિઓ તરીકે માન્યતા પ્રાપ્ત તેના કર્મચારીઓને પ્રમોશનમાં ૪ ટકા અનામત માટે નીતિ બનાવવાની માગ કરતી અરજી પર નોટિસ ફટકારી હતી.

જસ્ટિસ અનિરુદ્ધ પી માયીએ પ્રતિવાદી, રાજ્ય સરકારને નોટિસ ફટકારી કરી અને આગામી સુનાવણીની તારીખ પહેલાં તેના જવાબમાં એફિડેવિટ દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો.

વિકલાંગતાથી પીડિત ગુજરાત સરકારના ૩૪ કર્મચારીઓના જૂથે હાઈકોર્ટમાં અરજી કરી હતી અને જણાવ્યું હતું કે રાજ્ય વહીવટીતંત્રે કેન્દ્રના કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ અને ૧૭ મે, ૨૦૨૨ના રોજ જારી કરાયેલા ઑફિસ મેમોરેન્ડમના પાલનમાં નીતિનો મુસદ્દો તૈયાર કર્યો નથી.

અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, વિભાગે દિવ્યાંગ કર્મચારીઓના અધિકાર (આરપીડી) અધિનિયમ ૨૦૧૬ના હુકમનું કડક રીતે પાલન કરતા દિવ્યાંગ તરીકે માન્યતા પ્રાપ્ત કર્મચારીઓના પ્રમોશનમાં ૪ ટકા અનામતની રાજ્યની નીતિનું યોગ્ય રીતે પાલન કરવા માટે ગુજરાત સરકારને મેમોરેન્ડમ આપ્યું હતું.

અરજીમાં સુપ્રીમ કોર્ટના બે કેસ અને આરપીડી ઍક્ટની કલમ ૩૩ના આદેશનું પાલન કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા વિવિધ નિર્દેશોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

જોકે, અનેક રજૂઆતો છતાં ગુજરાત રાજ્ય દ્વારા આજ સુધી આવી કોઈ નીતિ લાગુ કરવામાં આવી નથી, પિટિશનમાં જણાવાયું હતું. અરજદારોએ જણાવ્યું હતું કે ૨૦૨૧ અને ૨૪ની વચ્ચે, તેઓએ દિવ્યાંગો માટે પ્રમોશનમાં અનામતના આદેશના અમલીકરણ અને કડક પાલન માટે નીતિ ઘડવા માટે સરકાર સમક્ષ ૨૬ રજૂઆતો કરી હતી, પરંતુ કોઈ ફાયદો થયો નથી. ૨૫ જૂન, ૨૦૨૪ ના રોજ, દિવ્યાંગજન અદાલતના કમિશનરની સામાન્ય વહીવટ વિભાગને યુનિયન ઑફ ઈન્ડિયાના ઑફિસ મેમોરેન્ડમનો અમલ કરવા માટે ભલામણ કરી હતી, પરંતુ એવું કોઈ પગલું લેવામાં આવ્યું નથી, તેની પણ રજૂઆત કરી હતી.

# ગુજરાતમાં લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટૅકનોલૉજિના ઉપયોગથી નવી ૬૦૭ આંગણવાડી અને નંદઘરનું નિર્માણ કરાશે

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીના ઉપયોગથી નવી ૬૦૭ આંગણવાડી અને નંદઘરનું નિર્માણ કરવામાં આવશે. આ અંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૬૦૭ આંગણવાડી કેન્દ્રો-નંદઘરના નિર્માણનો ઈ-શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, અદ્યતન અને સુવિધા સભર આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ વિકસિત ભારતના નિર્ધારમાં વિકસિત ગુજરાતથી અગ્રેસર રહેનારી ભાવિ પેઢીનો મજબૂત પાયો છે. મહિલા અને બાળવિકાસ વિભાગ સાથે સંકલનમાં રહીને જીએસપીસી આ ૬૦૭ આંગણવાડી કેન્દ્રોનું લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ એલજીએસએફ ટેકનોલોજીના ઉપયોગથી નિર્માણ કરવાની છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, બાળકને આંગણવાડીમાં નિયમિત આવવાની પ્રેરણા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવું જોઈએ. દેશ આઝાદીની શતાબ્દી ૨૦૪૭મા મનાવતો હશે ત્યારે હાલ આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો યુવા વયે પહોંચ્યા હશે.

આ યુવાશક્તિમાં રાષ્ટ્રહિત ઉજાગર થાય તેવા સંસ્કાર બાળપણથી જ કેળવવાનું અને ભાવિ પેઢીના ઉમદા ઘડતરનું કર્તવ્ય પોઝિટિવ-સકારાત્મક અભિગમથી નિભાવીને સમાજહિતની મળેલી તકને સાર્થક કરવા અને નકારાત્મકતા દૂર કરવા મુખ્ય પ્રધાને આહ્વાન કર્યું હતું.

તેમણે જીએસપીસીના આ અભિગમની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર અદ્યતન અને ગુણવત્તાયુક્ત આંગણવાડીઓના નિર્માણ માટે પૂરતું ભંડોળ આપવા તત્પર છે.

# રાજસ્થાનના કોટામાં નીટની પરીક્ષાની તૈયારી કરતી અમદાવાદની યુવતીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

અમદાવાદઃ રાજસ્થાનના કોટામાં ૨૦૨૫ની શરૂઆતના ૨૨ દિવસમાં જ આપઘાતની આ પાંચમી ઘટના પ્રકાશમાં આવી છે. કોટાના જવાહરનગરમાં નીટની તૈયારીઓ કરતી અમદાવાદની એક યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

કોટાના જવાહરનગર પોલીસ સ્ટેશનની હદમાં પેઈંગ ગેસ્ટમાં રહેતી અમદાવાદની અફસા શેખ નામની યુવતીએ તેના રૂમમાં જ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તે ૬ મહિના પહેલાં જ નીટની તૈયારી માટે કોટા આવી હતી. યુવતી જે મકાનમાં રહેતી હતી તેના મકાન માલિકે પોલીસને કહ્યું હતું કે, મેસનો મેનેજર રૂમમાં ગયો તો વિદ્યાર્થીની ઊઠી નહોતી. જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને તેના પરિવારને જાણ કરી હતી. પોલીસે કહ્યું હતું કે, આ ઘટના પાછળ શું કારણ તે પોસ્ટમોર્ટમ બાદ જણાશે અને ઘટનાની ઊંડી તપાસ કરવામાં આવશે. મકાન માલિકના જણાવ્યા પ્રમાણે મંગળવારે આ યુવતી રાત્રે મોડે સુધી બાળકો સાથે રમતી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે જે રૂમમાં વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો છે.

# ૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી ચાલનારા ગુજરાત વિધાનસભાના સત્રમાં કુલ ૨૭ બેઠકો મળશે

અમદાવાદઃ ગુજરાત સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે પંદરમી ગુજરાત વિધાનસભાના છટ્ઠા સત્ર વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૧૯ ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળશે. ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનાર બજેટ સત્ર ૨૮ માર્ચ સુધી ચાલશે. જેમાં કુલ ૨૭ બેઠકો મળશે.

૨૬ દિવસ ચાલનારા બજેટ સત્રમાં પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી શરૂઆત થશે. નાણાંપ્રધાન કનુભાઈ દેસાઈ સત્રના બીજા દિવસ ૨૦મી ફેબ્રુઆરીએ ગુજરાતનું વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરશે. આ વર્ષે રજૂ કરવામાં આવનાર બજેટ વધુ સુવિધાજનક અને રાજ્યની વિકાસની નવી દિશા આપનારું હશે. વર્ષ ૨૦૨૫ ગુજરાતની પ્રગતિ માટે માઈલસ્ટોન સાબિત થશે. આ સત્રમાં સરકારી વિધેયકો, બિન સરકારી વિધેયકો, વિનિયોગ વિધેયક રજૂ થશે.

# નવી જંત્રી અંગે રાજ્ય સરકારને બે મહિનામાં ૧૧,૦૪૬ વાંધા સૂચનો મળ્યાંઃ દર ઘટાડવા ૬૭૦૦ રજૂઆતો મળી

અમદાવાદઃ ગુજરાતમાં સૂચિત નવી જંત્રીના દરો અંગે વિવાદ સર્જાયો હતો. બિલ્ડર એસોસિએશન સહિત નાગરિકોએ તેનો વિરોધ કર્યો હતો. ત્યાર બાદ સરકારે લોકોનાં વાંધા સૂચનો મંગાવ્યા હતાં. જેમાં રાજ્ય સરકારને ૫૪૦૦ જેટલા શહેરી અને ૫૬૦૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી કુલ ૧૧,૦૪૬ વાંધા સૂચનો મળ્યાં હતાં. રાજ્ય સરકારને મળેલ કુલ રજૂઆતો પૈકી ૬૭૦૦ જેટલી પ્રવર્તમાન જંત્રી દર ઓછા કરવાની અને ૧૭૫૫ જેટલી જંત્રી દર વધારવાની મળી હતી. રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા જાહેર હિતને ધ્યાને લઇ જમીનના ભાવોનું સરળીકરણ અને તર્કસંગતીકરણ કરી, વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવીને વાસ્તવિક ભાવો દર્શાવતી, જંત્રી તૈયાર કરવાના દિશા નિર્દેશો આપવામાં આવ્યા હતાં. જરૂરી ફેરફાર કરી મળેલ ભાવો ને ધ્યાને લઈ, શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લાવાર અલગ-અલગ ભાગમાં વિવિધ હેતુઓ માટેના ભાવોથી તૈયાર થયેલ મુસદ્દારૂપ જંત્રી અને માર્ગદર્શિકા ૨૦ નવેમ્બરે વાંધા-સૂચન માટે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતુ કે, શરૂઆતમાં પ્રસિદ્ધ કરેલ જંત્રી બાબતે વાંધા સૂચનો મંગાવવા માટે ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ સુધીની અવધિ રાખવામાં આવી હતી. જે જાહેર હિતને ધ્યાને લઇને ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી હતી. આ બે મહિનામાં રાજ્ય સરકારને કુલ ૧૧,૦૪૬ જેટલા વાંધા સૂચનો મળ્યા હતાં. જેમાંથી ૫૪૦૦ જેટલા શહેરી વિસ્તારમાંથી જ્યારે ૫૬૦૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારમાંથી આવ્યાં હતાં.

# ગુજરાતમાં શિયાળો બન્યો ઘાતકઃ ૨૦ દિવસમાં હૃદયરોગના ૫૧૪૪ કેસ નોંધાયા

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાની સિઝનમાં છેલ્લા ૨૦ દિવસમાં હૃદયરોગ સંબંધિત ઈમરજન્સીના ૫,૧૪૪ કેસ નોંધાયા હતા, જે ગત વર્ષ ૨૦૨૪ના પહેલી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરીના સમયમાં ૪,૩૦૫ કેસ હતા. આમ ગત વર્ષની સરખામણીએ શિયાળામાં હૃદય રોગ સંબંધિત ઈમરજન્સીમાં ૧૯.૪૯ ટકાનો વધારો નોંધાયો હતો. એકંદરે ગત વર્ષે રોજના ૨૧૫ જેટલા કેસ આવ્યા હતા, જે અત્યારે ૨૫૭ આસપાસ પહોંચી ગયા છે. આ આંકડા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસના છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ના સમયગાળામાં વિવિધ બીમારીના કારણે કુલ ૭.૨૫ લાખ લોકોનાં મોત નોંધાયા હતા, જે પૈકી મેડિકલી સર્ટિફાઈડ થયેલા અથવા નહીં થયેલામાં હાર્ટ ફેલ્યોરના કારણે ૯૩,૭૯૭ લોકોએ જીવ ગુમાવ્યા હતા, ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના રિપોર્ટમાં આ બાબત બહાર આવી હતી. ગુજરાતમાં હાર્ટ ફેલ્યોરના કારણે વર્ષ ૨૦૨૧માં શહેરી વિસ્તારમાં ૬૯,૧૮૦ જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪,૬૧૭ લોકોના એમ કુલ ૯૩,૭૯૭નાં મોત થયા હતા. હૃદયરોગના વધતા કેસ અંગે તબીબોએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ઠંડીમાં હૃદયને ઓક્સિજન પંપ કરવા બમણી મહેનત કરવી પડે છે. આ સંજોગોમાં શિયાળાની સિઝનમાં હૃદય રોગનો ખતરો વધી જાય છે. તબીબો કહે છે કે, જેમને બીપીની સમસ્યા હોય, પહેલેથી હૃદય રોગની તકલીફ હોય, કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઊંચું હોય, દારૂ પીવાની ટેવ હોય, ધૂમ્રપાન કરતાં હોય, બહારનું ખાવાની વધુ પડતી આદત હોય તેવા લોકોને હૃદય રોગનો ખતરો વધુ રહેતો હોય છે.

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 20 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ વદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૩ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# જળગાંવમાં ટ્રેન દુર્ઘટનાઃ ૧૨નાં મોત

મુંબઈઃ ઉત્તર મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લામાં બુધવારે સાંજે ટ્રેનમાં આગ લાગી હોવાની અફવાને કારણે ભયના માર્યા પ્રવાસીઓ ટ્રેનમાંથી ઊતરી પડતા બાજુના ટ્રેક પર સામેથી આવતી ટ્રેન નીચે કચડાઈ ગયા હતા. આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૨ પ્રવાસીના મોત થયાં હતાં અને અનેક ઘાયલ થયા હતા.

મળેલી માહિતી મુજબ મરણાંક વધવાની શક્યતા છે, એમ અધિકારીઓએ કહ્યું હતું. આ ઘટના પાચોરે નજીક માહેજી અને પાધડિ સ્ટેશન વચ્ચે બની હતી. મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે જિલ્લા કલેક્ટરે આપેલી માહિતી મુજબ આ ઘટનામાં ઓછામાં ઓછા બાર જણના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. ટ્રેનમાં આગ (જુઓ પાનું ૨) ▶▶


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 73,170/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## રૂપિયામાં ૨૪ પૈસાનું બાઉન્સબૅક



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ નોંધાતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસાના (જુઓ પાનું ૨) ▶▶



સમીર શાહ ના સથવારે...
અમેરિકા ૨૦૨૫
૨૧ રાત / ૨૨ દિવસ
April 17 | May 8, 15, 29 | June 5


Per Adult (2 in 1 Room) = US$ 6800 = ₹5,78,000*
Per Adult (3 in 1 Room) = US$ 6400 = ₹5,44,000*
Per Adult (4 in 1 Room) = US$ 6200 = ₹5,27,000*
Per Child with Bed = US$ 5100 = ₹4,34,000*
ABOVE OFFER VALID TILL 31 JAN. 2025 ONLY
EXCLUDES : Main Flight, 5% GST, 5% TCS, Visa
9769000799
9820026046
Dolphin Tours



JAPAN 10 Nights 11 Days
Cherry Blossom

¤ ચેરી બ્લોસમ 2025નો આનંદ માણો માત્ર "ટ્રાવેલટાઈઝ" સાથે
¤ માઉન્ટ ફિજી (પમું સ્ટેશન), હાકોન રોપવે, લેક એશી ક્રુઝ, ટોયોટા કાર મ્યુઝિયમ, SC મેગલેવ ટ્રેન મ્યુઝિયમ, ચિડોરીગા ફુચી વગેરે શ્રેષ્ઠ સાઈટ સીઇંગ
¤ 2 બુલેટ ટ્રેનનો અનુભવ, 3 ડી ટીમ લેબ
Departures: March 22, 25, 28, 30, Apr 02, 05, 06
TRAVELTIES
Your World. Your Way.
Departures: April 16,26 May 2,4,6,8,10,12,14,16, 18, 20,22,24,26,28,30, June 1,3,7,11,15,19,23,27 July 8,12
SOUTH AFRICA 13 Nights 14 Days

¤ 13 હોટલ રાત્રિ મુક્કમ માત્ર "TravelTies" સાથે કેપ ટાઉન ની સર્વશ્રેઠ હોટલ - "Taj Cape Town" માં ૩ રાત્રિ નો મુક્કામ
¤ હેલિકોપ્ટર રાઈડ, ફૂલ રનિંગ (2) WALK WITH LION, પિલાનેસબર્ગ નેશનલ પાર્કમાં 2 સફારી ડ્રાઇવ,
વર્લ્ડ ક્લાસ એરલાઇન્સ માં મુસાફરી
રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલુ સ્વદીસ્ટ ભોજન
+91 77000 45182 | + 91 77000 45192
101, Akruti Aditya Towers, Noshir Bharucha Marg, Grant Road (W), Mumbai - 07.




SCENIC Georgia
09 DAYS
DEP DATES | 27th MAR | 26th APR | 05th MAY | 09th MAY | 15th MAY | 18th MAY | 29th MAY | 07th JUN | 16th JUN
PACKAGE INCLUSIONS
• Helium Ballon Ride, Diamond Bridge, Dashbashi Canyon, Monument Of Chronicles, Alphabetic Tower,Ferris Wheel, અને Ali and Nino Statue નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• Luxurious Hotels
• તમામ એન્ટ્રન્સ ફી ટૂર કોસ્ટ માં સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



CREDAI- banm Builders Association of Navi Mumbai & CREDAI banmRaigad Builders Welfare Association
૨૩મુ પ્રોપર્ટી એક્સ્પો
નવી મુંબઈ ૨૦૨૫
૨૪ ૨૫ ૨૬ ૨૭ જાન્યુઆરી ૨૦૨૫
સ્વ.શ્રી. ગણપતશેઠ તાંડેલ ગ્રાઉન્ડ બાજુમાં, સીવુડ્સ વેસ્ટ, નવી મુંબઇ.
સમય - સવારે ૧૦ થી સાંજે ૮
અભી નહી તો કભી નહી
1 DAY TO GO
લકી ડ્રોમાં નોંધણી કરાવો અને આકર્ષક ઇનામો જીતો
LUCKY DRAW

YAMI GAUTAM
BOLLYWOOD CELEBRITY
TITLE SPONSOR
DELTA WORLD OF VALUES
A BALAJI GROUP VENTURE
MAIN SPONSORS
PARADISE GROUP Your World. Our Vision.
EV HOMES
CO-SPONSORS
ARIHANT SUPERSTRUCTURES LTD.
Changing Lifestyle
J PRIME BUILDCON
BANKING PARTNER
SBI
OOH MEDIA PARTNER
RONAK ADVERTISING
80000 66669
www.navimumbaiexpo.com
SCAN TO REGISTER
300+ મિલકતો એક છત હેઠળ ઘર ખરીદવાના વિકલ્પો ₹૨૫લાખ* થી ₹૨૫ કરોડ*
મફત પ્રવેશ | મફત પાર્કિંગ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગૌમૂત્રથી તાવ જ નહીં, કેન્સર પણ મટે તેવા દાવા થાય છે!

**આપણે** ત્યાં માણસના જીવની કોઈ કિંમત નથી એટલે ગમે તે માણસ આરોગ્યને લગતી સલાહો આપવા ઊભો થઈ જાય છે. જેને મેડિકલ સાયન્સ સાથે કંઈ લેવાદેવા નથી એવા લોકો પણ આવી સલાહો આપે છે. તાજેતરમાં આઈઆઈટી મદ્રાસના ડિરેક્ટર વી. કામકોટીએ ગૌમૂત્ર પીવાથી તાવ મટી જાય છે એવો દાવો કર્યો એ તેનો તાજો પુરાવો છે.

કોમકોટિ સાહેબના કહેવા પ્રમાણે, એક સંન્યાસીને તાવ આવ્યો હતો. લોકોએ ડોક્ટરને બોલાવવા કહ્યું પણ સંન્યાસીએ કહ્યું કે, પોતે ગોમૂત્ર પીશે. લોકો ગૌશાળામાં ગયા અને ગૌમૂત્ર લઈ આવ્યા. ગૌમૂત્ર પીધાના ૧૫ મિનિટમાં તો તાવ ઉતરી ગયો.

કોમકોટિનો આ વીડિયો વાયરલ થયો પછી તેમના માથે માછલાં ધોવાયાં એટલે તેમણે પાછો એવો દાવો કર્યો કે, ગૌમૂત્રના સેવનથી થતા ફાયદાની વાત તો યુએનએ પણ સ્વીકારી છે અને એ અંગેના અભ્યાસનો રિપોર્ટ પબ્લિશ પણ થયો છે. ક્યાં પબ્લિશ થયો એ તેમણે ના કહ્યું કે કોઈ પુરાવા પણ રજૂ ના કર્યા.

ભારતમાં આ પ્રકારના દાવા નવા નથી. કોરોના કાળ વખતે ગાયના મૂત્રથી કોરોના મટી જાય છે એવા દાવા કરનારા પણ હતા પણ કોઈ વ્યક્તિ ગાયનું મૂત્ર પીને સાજો થઈ ગયો હોય એવું હજુ લગી તો સાંભળ્યું નથી. ભૂતકાળમાં તો ગીર ગાયના મૂત્રથી કેન્સર મટી શકે છે એવા દાવા પણ થયેલા છે. સાંભળીને આંચકો લાગશે પણ આ વાત સાચી છે. ૨૦૧૮માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના બાયોટેક્નોલોજી વિભાગના સાયન્ટિસ્ટની એક ટીમ દ્વારા દાવો કરાયો હતો કે ગૌમૂત્રથી કેન્સરના કોષોને મારવામાં તેમને સફળતા મળી છે.

જૂનાગઢ યુનિવર્સિટીની ટીમે દાવો કરેલો કે, ગૌમૂત્ર દ્વારા તમામ પ્રકારનાં કેન્સર મટાડી શકાય છે. આ ટીમનો દાવો હતો કે, ગૌમૂત્રમાં મલ્ટીપલ મેટાબોલાઇટ હોય છે અને તેનો પાઉડર કેન્સરના કોષોને ફાડી નાખે છે તેથી કેન્સરની સારવાર શક્ય છે.

આ ટીમનો દાવો હતો કે, ગીર ગાય, જર્સી ગાય, ભેંસ અને હોલ્સ્ટેઇન ફ્રિએસિયન ગાય એમ ચાર પશુઓનાં મૂત્રમાંથી બનાવાયેલા પાઉડરને કેન્સરના કોષો પર લગાવવામાં આવ્યો હતો. આ પ્રયોગનું તારણ એ નીકળ્યું કે, ગીર ગાયના મૂત્રમાંથી બનેલા પાઉડરને કારણે કેન્સરના કોષોની સંખ્યા ઘટવા લાગી હતી. પ્રયોગશાળામાં કેન્સરના કોષો પર સફળ પ્રયોગ કરવાનો દાવો કરનારી આ ટીમે ઉંદર પર પ્રયોગ કરવાની જાહેરાત કરેલી અને ઉંદર પરના પ્રયોગો સફળ થાય તો પેટન્ટ મેળવી તેમાંથી દવા બનાવવા માટે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનમાંથી મંજૂરી લેવાની જાહેરાત પણ કરી હતી.

આ વાતને છ વર્ષ થઈ ગયાં પણ ગૌમૂત્રથી કેન્સર મટાડતી કોઈ દવા બજારમાં આવી નથી ને કેન્સરના કોઈ દર્દી કિમોથેરાપી કે બીજી એલોપથિક સારવારના બદલે ગૌમૂત્રથી સારવાર કરાવતાં હોય એવું સાંભળ્યું પણ નથી.

એક મજાની વાત પાછી એ છે કે, ગૌમૂત્રના કહેવાતા ફાયદા સામે ઈન્ડિયન વેટરનરી રીસર્ચ કાઉન્સિલ (IVRI)ના સંશોધનમાં તો ગૌમૂત્રથી બિલકુલ દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. આ સંસ્થાના કહેવા પ્રમાણે તો ગાયનો નહિ પણ ભેંસનો પેશાબ વધુ અસરકારક છે. આ સંસ્થાના પીએચડી વિદ્યાર્થીઓએ કરેલા પ્રયોગોનું તારણ એ છે કે, ગાય અને બળદના પેશાબમાં ૧૪ પ્રકારના હાનિકારક બેક્ટેરિયા હોય છે કે જે પેટમાં ચેપનું કારણ બની શકે છે તેથી તેને પીવાનું ટાળો.

આ રિપોર્ટ ઓનલાઈન રિસર્ચ વેબસાઈટ રિસર્ચગેટમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ રીપોર્ટ પ્રમાણે ગાય, ભેંસ અને મનુષ્યોના મૂત્રના ૭૩ નમૂનાઓનું વિશ્લેષણ કરાયું હતું, આ વિશ્લેષણ પ્રમાણે ગૌમૂત્રના સેવનથી ગંભીર સમસ્યાઓ અને રોગો થઈ શકે છેઃ ગૌમૂત્ર પીવાથી હૃદયને લગતા બ્રેડીકાર્ડિયા, ટાકીકાર્ડિયા જેવા રોગ તથા બ્લડ પ્રેશર પર અસર થઈ શકે છે. આ ઉપરાંત શ્વાસને લગતા રોગો પણ થઈ શકે છે. ટ્યુબરક્યુલોસિસ, બ્રુસેલોસિસ, લેપ્ટોસ્પાયરોસિસ અને સાલ્મોનેલોસિસ જેવા રોગો ફેલાવાનું જોખમ પણ હોવાથી સંશોધકોનું તારણ એ હતું કે, કોઈ પણ સંજોગોમાં મનુષ્યોને ગૌમૂત્રની ભલામણ ના કરી શકાય.

આ બંનેમાંથી કઈ વાતને સાચી માનશો? ડો. કામકોટિની વાતને સાચી માનશો કે આઈવીઆરઆઈના સંશોધનને સાચું માનશો? આઈવીઆરઆઈના સંશોધનને સાચું માનજો કેમ કે વૈજ્ઞાનિક સંશોધન ગૌમૂત્ર પીવાથી સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમો હોવાનું કહે છે. આ સંજોગોમાં ગૌમૂત્રનું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

ટૂંકમાં વાત એટલી જ છે કે, ગૌમૂત્ર અંગે મોટા મોટા દાવા કરાય છે પણ તેના ફાયદા અંગે મેડિકલી કશું સાબિત થયેલું નથી. બીજી તરફ તેની ખતરનાક અસરો વૈજ્ઞાનિક સંશોધનમાં સાબિત થયેલી છે તેથી આ બધી વાતોમાં આવવા જેવું નથી. જેને આ બધી વાતોમાં વિશ્વાસ છે તેને કોઈ રોકી શકવાનું નથી. તેમને ગમે તો એ ગૌમૂત્ર પીવે, બળદનું મૂત્ર પીવે કે કૂતરાનું મૂત્ર પીવે, તમે ના પીતા ને કોઈને પીવાની સલાહ ના આપતા.

કોઈ પણ તકલીફ લાગે તો ડોક્ટર પાસે જજો. એ ડોક્ટર એલોપથીનો ના હોય ને આયુર્વેદિક કે હોમિયોપથીનો હશે તો પણ ચાલશે કેમ કે એ બધી પણ માન્યતાપ્રાપ્ત સારવાર પદ્ધતિઓ છે. એલોપથી વધારે અસરકારક છે તેથી તેના પર વધારે ભરોસો કરજો, પણ ગૌમૂત્ર પીવાની સલાહ આપનાર પર ભરોસો ના કરતા, આ બધાં ઉંટવૈદાંના કારણે જીવ પર જોખમ ઊભું ના કરતા.

આપણે ત્યાં ગૌમૂત્રથી ફલાણું થાય છે ને ઢીકણું થાય છે એવા દાવા થાય ત્યારે શાસ્ત્રો અને પૌરાણિક ગ્રંથોના હવાલા આપવાની ફેશન છે. વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા કે સભ્યતાના નામે કંઈ પણ કહેવાય એટલે શાસ્ત્રો અને પૌરાણિક ગ્રંથોના હવાલા આપી દેવાની ફેશન છે. તેનું કારણ એ કે, સામાન્ય લોકો કદી શાસ્ત્રો અને પૌરાણિક ગ્રંથો વાંચવાના નથી તેથી સાચું કે ખોટું શું એ જાણી શકવાના નથી.

હકીકત એ છે કે, જે લોકો શાસ્ત્રો અને પૌરાણિક ગ્રંથોના હવાલા આપીને દાવા કરે છે તેમણે પણ કદી એ બધું વાંચેલું નથી હોતું. આ કારણે જ એ લોકો શાસ્ત્રો અને પૌરાણિક ગ્રંથોના હવાલા આપે છે પણ ક્યાં લખાયેલું છે તેના પુરાવા નથી મૂકતા તેથી મોટા ભાગે તો શાસ્ત્રો અને પૌરાણિક ગ્રંથોના નામે ગપ્પાષ્ટક જ ચાલે છે. ક્યાંક વળી કોઈ જગાએ લખેલું મળી આવે તો પણ એ બ્રહ્મવાક્ય નથી બની જતું કેમ કે એ લખનારનો અભિપ્રાય છે, આપણી પરંપરાનો ભાગ બિલકુલ નથી.

ને છેલ્લે એક સાદી વાત વિચારજો કે, ગૌમૂત્રથી રોગો મટાડાતા હોત તો ભૂતકાળમાં મોટા મોટા રોગચાળા કઈ રીતે ફાટી નિકળતા? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૨૩-૧-૨૦૨૫,
નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી, વિંછુડો
ભારતીય દિનાંક ૩, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ-૯
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૯
પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૪મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૭, પછી અનુરાધા.
ચંદ્ર તુલામાં ક. ૨૨-૩૨ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૯, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
ભરતીઃ રાત્રે ક. ૧૯-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૮ (તા. ૨૪)
ઓટઃ બપોરે ક. ૧૨-૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૬ (તા. ૨૪)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - નવમી. નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૨-૩૨.
સૂર્ય શ્રવણમાં ૨૮-૪૫. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૩૭.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી ઈન્દ્રદેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ પૂજા, કથા-વાંચન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રી સુક્ત, પુરુસુક્ત અભિષેક, ગણેશ અભિષેક, શ્રી દત્તગુરુ પૂજા, પર્વપૂજા નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ પ્રવાસનો શોખ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ ભાઈ-બહેનોમાં પ્રિય, ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ નિર્ણયોમાં મક્કમતા, બુધ-મંગળ પ્રતિયુતિ ભાષામાં કટુતા આવે. બુધ-હર્ષલ ત્રિકોણ અનેક ભાષાની જાણકારી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, બુધ-મંગળ પ્રતિયુતિ (તા. ૨૪), બુધ-હર્ષલ ત્રિકોણ (તા. ૨૪). મંગળ પુનર્વસુના તારા સાથે યુતિ કરે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# તું મેરા સહારા હૈ, મૈં તેરા સહારા હું.....
# કુરાન કરીમની હિદાયતમાં પતિ-પત્ની એકબીજાના પૂરક

**મિયાં**-બીબીના સુખ-શુકુનભર્યા લગ્નજીવન - સુખી દાંપત્યજીવન માટે પવિત્ર કુરાનમાં હિદાયત ધર્મજ્ઞાન - માર્ગદર્શન - શિક્ષણ આપવામાં આવેલ છે.

.... અલ્લાહ એજ છે જેણે પૃથ્વીનું સર્જન કર્યું અને તેને વિસ્તારપૂર્વક ફેલાવી.

* તેના પર અચલ - સ્થિર પહાડનું સર્જન કર્યું.
* તે દિવસને રાત્રીથી ઢાંકી દે છે.

નિઃસંશય તેમાં મનન-ચિંતન-અભ્યાસ કરનારા લોકો માટે નિશાનીઓ મૌજૂદ -સ્પષ્ટ છે...!

- વિસર્જન પછી સર્જન અને સર્જન પછી વિસર્જન!
- સૃષ્ટિના સર્જકની અખૂટ શક્તિ - કરામતની જાણકારી - ઈલ્મોજ્ઞાનની સહજ જાણકારી - બોધ મળતા ઈન્સાન નતમસ્તકે -નમ્રતાથી 'સુબ્હાનલ્લાહ' - અલ્લાહની મહાનતાનો જોટો જડવો મુશ્કેલ, પાલનહાર એવા અલ્લાહ-ઈશ્વર-પ્રભુનો આભાર માને છે - જીવમાત્ર નતમસ્તક - માથું નમાવીને - ઝુકાવીને એક માત્ર અલ્લાહને નમન કરતો થઈ જાય છે.
- સુમેળભર્યા - સુખી દાંપત્યજીવન માટેનો માર્ગ દાખવતા કુરાન કરીમના અભ્યાસથી બોધ મળે છે કે,

* જ્યારે એક પુરુષ અને એક સ્ત્રી નિકાહ (લગ્ન)ના બંધનથી મિયાં-બીબી (પતિ-પત્ની) બને છે ત્યારે જ સૃષ્ટિના સર્જક એવા રબુલઆલેમિને રચેલું એકમ તૈયાર થાય છે અને તેથી સ્ત્રી અને પુરુષ એકબીજામાં એટલા ઓતપ્રોત થઈ જાય છે કે જેની સરખામણી કુરાને પાકમાં આ પ્રમાણે રજૂ કરવામાં આવેલ છે.

'તમારી પત્ની તમારો પોષાક છે અને તમો તમારી પત્નીનો.' અર્થાત તમારી પત્ની તમારી શોભા છે અને તમે તમારી પત્નીની શોભા.

માનવીની સૌથી નજદીકની વસ્તુ તેનો લિબાશ-પહેરવેશ છે. આ કેટલી વ્યવહારિક અને બોધ આપનારી, પતિ-પત્નીમાં ભરપૂર પ્રેમ અને આદર ઉત્પન્ન કરનારી ઈલાહી વાણી છે. માણસની સૌથી કરીબી કહી શકાય એવી વસ્તુ પોષાક છે જેને શોભારૂપ રાખવામાં માનવી જેટલી કાળજી રાખે છે તેવી જ તકેદારી પોતાની પત્ની માટે પણ રાખવી જરૂરી બની રહે છે. પતિ-પત્ની પરસ્પર એકબીજાના સુખ અને દુઃખના સાથી-સંગાથી, રક્ષણ, ટેકો અને આધાર છે. જેમ પત્ની પતિ વિના અધૂરી છે. તેમ પતિ પણ પત્ની વગર અપૂર્ણ છે અને એટલે જ તો પરવરદિગારે હઝરત આદમ સાથે હઝરત હવ્વાને પણ પેદા કર્યા જેથી સંસારની ગાડી એકબીજાની પૂરક બની રહે.

પતિ-પત્નીનાં સુખી દાંપત્યજીવન માટે અને ભવિષ્યની પ્રજા માટે કુરાને મજીદમાં જે ફરમાન કરવામાં આવ્યું છે તે ખૂબ જ વ્યાપક છે. આ હીદાયતમાં બોધને સમજવામાં આવે તો તેનું મહત્ત્વ સમજી શકાશે. ફરમાવવામાં આવ્યું છે કે, દરેકને પોતાનો વંશવેલો કાયમ રાખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. જેથી તમે દુનિયાથી રૂખસદ વિદાય થાવ તે પહેલાં તમારી જગ્યાએ બીજા પેદા થાય. આવનારી પેઢીને તમે તમારી જગ્યાએ છોડી જવાના છો તેને દીન, નીતિમત્તા અને માનવતાના ગુણોથી શણગારવાની તમારી અગત્યની જવાબદારી બની રહેવા પામે છે.

સૃષ્ટિના જગતકર્તા-પાલનહાર અલ્લાહે બંને જહાંના સરકાર રસૂલે કરીમ હઝરત મુહમ્મદસાહેબ પર નાઝિલ ફરમાવેલ કુરાન એ એક એવી ઈલાહી કિતાબ છે કે તેમાં માણસના પ્રારંભથી અંત સુધી અર્થાત કયામત (મુસ્લિમ અને ખ્રીસ્તી ધર્મનુસાર, આખરી નિર્ણય, ન્યાયના દિવસ) સુધી હર પળે ઉપયોગી - માગદર્શન મળી રહે તેવો બોધ આપવામાં આવ્યો છે, જો તેના પર જેટલું ચિંતન - મનન - અમલ કરવામાં આવે તો દુન્યવી જીવન તો સફળ થઈ જ જાય પણ આખેરત (મૃત્યુલોક)નું જીવન પણ કામિયાબ બની જાય.

ફરમાવવામાં આવ્યું છે કે -

* 'તમે પુરુષોમાંથી હો કે સ્ત્રીઓમાંથી!
* જે મનુષ્યે સત્કાર્ય કર્યું એવી સ્થિતિમાં કે તે ઈમાન (સચ્ચાઈ) ધરાવનારો પણ હોય તો ખચીતજ અમે તેની ઝિન્દગી સારી પસાર કરી દઈશું અને જે કાર્ય તેઓ કરતા હતા તેનાથી પણ કંઈ કેટલોય સારો બદલો તેમને જરૂર આપી દઈશું...!'

- જે દંપતીઓએ સાત્ત્વિક જીવન જીવ્યું છે તેના માટે રબ (રોજી આપનાર ઈશ્વર) ફરમાવે છે કે -

*... 'તમે અને તમારી પત્ની જન્નતમાં દાખલ થાઓ....!'

ઈસ્લામમાં મિયાં-બીબી અર્થાત પતિ-પત્નીનાં સુમેળભર્યા વ્યવહારનો ઘણો બુલંદ ખયાલ બાંધવામાં આવ્યો છેઃ

- લગ્નબંધનથી જોડાયેલ દરેક દંપતીઓને જોઈએ કે તેઓ પરસ્પર એકબીજાના સાથી-સંગાથી બની રહે,
- નજીવી વાત - પ્રસંગ વગેરે બાબતો સર્જાતા ઝઘડા - કંકાસથી દૂર રહી સંયમ જાળવે,
- કુરાન કરીમ તેમજ
- હદીસ શરીફ, ધાર્મિક - સામાજિક કિતાબો.
- અખબારો, સામાયિકોમાં છપાતા લેખો વાંચે.
- આ માટેના આદેશ - ઉપદેશ - દિશાસૂચન પર અમલ કરે.
- ઈગો - અભિમાન નિરાશા લાવે છે જીવન જેર જેવું બનાવે છે. કોઈ પણ વાતને 'પ્રતિષ્ઠા'નો પ્રશ્ન બનાવશો નહીં.
- સબ્ર - સંયમ સાત્વિક જીવન ભણી લઈ જાય છે.
- સફળ જીવન માટે હકારાત્મક અભિગમ હસીખુશી લાવે છે. બીમારી, બલા, આફતો દૂર કરી મુશ્કેલી આસાન કરે છે.

* * *

**બોધઃ**

'...... આકાશ અને ધરતીનો સર્જક જેણે તમારા પોતાની નસલમાંથી તમારા માટે જોડીઓ પેદા કરી અને આવી જ રીતે પશુ-પક્ષીઓમાં પણ જોડીઓ પેદા કરી વંશોને તે ફેલાવે છે.....!'

* 'સૃષ્ટિની કોઈ શક્તિ તેના જેવી નથી.'
* 'તે અલ્લાહ જ છે, જે બધું સાંભળનાર અને જોનાર છે.'

**ધર્મજ્ઞાન :**

* આસમાન અને ધરતીના ખજાનાઓની ચાવી તેની પાસે છે.
* એ જેને ચાહે-ઈચ્છે તેને વિશાળ રોજી આપે છે.
* તેનાથી કંઈ જ છૂપું - અજાણ્યું નથી.
* તે મહાન શક્તિશાળી છે, મહાનકર્તા છે.

**સાપ્તાહિક સંદેશ**

- તમામ ખૂબીઓ, ભલાઈઓ, અચ્છાઈઓ પ્રાપ્ત કરવાની તમન્ના હોય તો ઈલ્મ-બોધ-જ્ઞાન પ્રાપ્ત કરો. ઈલ્મોજ્ઞાનમાં જગતની તમામ સારી ખૂબીઓ સમાયેલી છે. 'અને તારી એવી ઈચ્છા હોય કે તારાથી કોઈ સારો અમલ-કર્મ થાય તો તારા માટે જરૂરી છે, કે તું શીખેલા તારા ઈલ્મોજ્ઞાનને બીજાને શીખવાડ. આનાથી વધીને બીજો કોઈ સારો અમલ - આચરણ નથી.'

- હુઝૂરે અનવર (સલ.) ■

# કર્ણાટકમાં બે અકસ્માતમાં ૧૪નાં મોત, અનેક ઘાયલ

યેલાપુરા/રાયચુર (કર્ણાટક)ઃ ઉત્તર કન્નડ અને રાયચુર જિલ્લામાં શુક્રવારે થયેલા બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં ચૌદ લોકોનાં મોત થયાં હતાં અને અનેક ઘાયલ થયા છે.

ઉત્તર કન્નડના પોલીસ અધિક્ષક એમ નારાયણે જણાવ્યું હતું કે, યેલાપુરા ઘટનામાં, હાવેરી જિલ્લાના સવનુરના ૨૯ ફળ વિક્રેતા ફળો વેચવા માટે યેલાપુરા મેળા તરફ જઈ રહ્યા હતા ત્યારે એમને લઈ જતો ટ્રક બુધવારે વહેલી સવારે અહીં નજીકની ૫૦ મીટર ઊંડી ખીણમાં પડી ગયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

''સવારે લગભગ ૫.૩૦ વાગ્યે, ટ્રકચાલકે બીજા વાહનને સાઈડ આપવાના પ્રયાસમાં ડાબી બાજુ જઈને ૫૦ મીટર ઊંડી ખીણમાં પડી ગયો,'' એમ નારાયણે જણાવ્યું હતું.

આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને બેને ગંભીર ઈજાઓ થઈ હતી. ઘાયલોને હુબલીની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ગંભીર રીતે ઘાયલ બે વ્યક્તિઓ પણ સારવારનો સામનો ન કરતા મૃત્યુ પામ્યા હતા.

નવ પીડિતની ઓળખ ફયાઝ ઈમામ સાબ જામખમ્મદી (૪૦), વસીમ મુલ્લા મુદાગેરી (૨૫), ઈજાઝ મુશ્તાક મુલ્લા (૨૦), સાદિક ભાષા પારસ (૩૦), ગુલામ હુસૈન ગુદુસાબ જવાલી (૪૦), ઈમ્તિયાઝ અહેમદ જાફર મુલાગેરી (૪૬), અલ્ફાઝ જાફર મંદાકી (૨૫), અલફાઝ જાફર મંદાકી (૨૦) અને અસલમ બાબુ બેને (૨૪) તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે, બીજી ઘટનામાં, બુધવારે વહેલી સવારે સિંદનુરમાં વાહન પલટી જતાં ત્રણ વિદ્યાર્થી સહિત ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયા હતા અને દસ અન્ય ઘાયલ થયા હતા. મંત્રાલય સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને લઈ જઈ રહેલી આ ગાડી નરહરિ મંદિરમાં પ્રાર્થના કરવા માટે હમ્પીની યાત્રાએ જઈ રહી હતી. પોલીસે જણાવ્યું હતું કે સિંધનુરમાં અરાગીનામારા કેમ્પ પાસે આ અકસ્માત થયો હતો.

મૃતકોની ઓળખ આર્યવંદન (૧૮), સુચેન્દ્ર (૨૨) અને અભિલાષ (૨૦) તરીકે થઈ છે. આ અકસ્માતમાં ડ્રાઈવર શિવ (૨૪)નું પણ મોત થયું હતું. ૧૦ ઘાયલને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સિંધનુર પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લીધી, મૃતદેહોને શબઘરમાં ખસેડ્યા અને ઘાયલોને હોસ્પિટલમાં ખસેડ્યા. સિંધનુર ટ્રાફિક પોલીસ સ્ટેશને કેસ નોંધ્યો છે. ■

# ટ્રમ્પ સામે બાવીસ રાજ્ય અને બે શહેરે કેસ કર્યા

વૉશિંગ્ટનઃ ગેરકાયદે સ્થળાંતર કરીને આવેલા માતાપિતાના ઈમિગ્રેશન સ્ટેટસને ધ્યાન પર ન લેતાં અમેરિકામાં જન્મેલા બાળકોને બર્થરાઈટ સિટિઝનશિપની બાંયધરી આપતી સદીઓ જૂની ઈમિગ્રેશન પૉલિસીનો અંત લાવવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે લીધેલાં પગલાંના વિરોધમાં બાવીસ રાજ્ય અને બે શહેરે ટ્રમ્પ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. ભારતીય-અમેરિકન સૅનેટરોએ પણ ટ્રમ્પના આ પગલાંનો વિરોધ કર્યો છે.

અઢાર રાજ્ય અને બે શહેરે એમ કહીને ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કરી કેસ દાખલ કર્યો હતો કે ૧૪મા બંધારણીય સુધારા અંતર્ગત આવા બાળકોને આપોઆપ અમેરિકાનું નાગરિકત્વ મળી જાય છે અને અમેરિકાના પ્રમુખ કે અન્ય કોઈપણ બંધારણીય સત્તાને તેમાં ફેરફાર કરવાનો અધિકાર નથી. અન્ય ચાર રાજ્યએ પણ વૉશિંગ્ટનના પશ્ચિમ જિલ્લાઓમાં આ મામલે કેસ દાખલ કર્યો છે.

અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પ્રચાર દરમિયાન આપેલા વચનની પૂર્તિ કરતો ટ્રમ્પનો અંદાજે ૭૦૦ શબ્દનો આ આદેશ સોમવારે મોડીરાત્રે બહાર પાડવામાં આવ્યો હતો.

ટ્રમ્પનો આ નિર્ણય અસાધારણ અને વધારેપડતો આકરો છે એમ જણાવતાં ન્યૂ જર્સીના ઍટર્ની જનરલ મૅથ્યુ જે. પ્લાટકિને કહ્યું હતું કે અમેરિકાની ધરતી પર જન્મેલી વ્યક્તિને આપોઆપ જ અમેરિકાનું નાગરિકત્વ મળી જાય છે. ■

# નેશનલ હેલ્થ મિશન વધુ પાંચ વર્ષ લંબાવાયું

નવી દિલ્હીઃ નેશનલ હેલ્થ મિશન વધુ પાંચ વર્ષ લંબાવવાના પ્રસ્તાવને કેન્દ્રના પ્રધાનમંડળે બુધવારે મંજૂરી આપી હતી.

કેન્દ્રના પ્રધાનમંડળ દ્વારા લેવાયેલા આ નિર્ણય અંગે પત્રકારોને જાણકારી આપતાં કેન્દ્રિય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું કે છેલ્લાં દસ વર્ષમાં આ મિશને ઐતિહાસિક લક્ષ્યો પાર પાડ્યાં છે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન અંદાજે બાર લાખ જેટલા હૅલ્થકેર વર્કરો નેશનલ હેલ્થ મિશનમાં જોડાયા હતા અને આ મિશન અંતર્ગત જ ભારતે કોરોનાની મહામારી વિરુદ્ધની લડાઈ લડી હતી, એમ તેમણે કહ્યું હતું.

દરમિયાન, પ્રધાનમંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬ની માર્કેટિંગ સિઝન માટે કાચા શણની એમએસપી પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૬૫૦ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪-૧૫માં કાચા શણની એમએસપી પ્રતિ ક્વિન્ટલ રૂ. ૨,૪૦૦ હતી જે હવે ૨.૩૫ ગણી વધારીને રૂ. ૫.૬૫૦ કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળ મળેલી કેબિનેટ કમિટી ઑન ઈકોનોમિક અફેર્સ (સીસીઈએ)ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું. શણના વેપાર મારફતે ચાર લાખ લોકોને રોજગાર મળે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### જળગાંવમાં

લાગી હોવાની અફવાને પગલે બુધવારે સાંજે લગભગ પાંચ વાગ્યે ચેઈન પુલિંગ કરતા લખનઊ-મુંબઈ પુષ્પક એક્સપ્રેસ પાચોરે નજીક માહેજી અને પાધડિ સ્ટેશન વચ્ચે ઊભી રહી ગઈ હતી. ટ્રેન ઊભી રહેતા અમુક પ્રવાસીઓ પુષ્પક એક્સપ્રેસમાંથી નીચે ઊતર્યા હતા, પરંતુ કમનસીબે તેઓ બાજુના ટ્રેક પરથી પસાર થઈ રહેલી કર્ણાટક એક્સપ્રેસની અડફેટે આવી ગયા હતા, એમ મધ્ય રેલવેના મુખ્ય પ્રવક્તા સ્વપ્નીલ નીલાએ કહ્યું હતું.

જે જગ્યાએ ટ્રેન ઊભી રહી હતી ત્યાં તીવ્ર વળાંક હોવાને કારણે મુસાફરો ટ્રેક પર બેઠેલા હોવાનો કર્ણાટક એક્સપ્રેસના ચાલકને અંદાજ નહોતો આવ્યો.

ઘટનાસ્થળ મુંબઈથી ૪૦૦ કિ.મી. કરતાં પણ વધુ અંતરે આવેલું છે.

પ્રાથમિક માહિતી મુજબ એક્સલ ગરમ થવાથી કે બ્રેક જામ થવાને કારણે પુષ્પક એક્સપ્રેસના એક કોચની અંદર તણખા ઝર્યા હતા અને ધુમાડો નીકળ્યો હતો જેને કારણે પ્રવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

ગભરાયેલા પ્રવાસીઓમાંથી કોઈએ ચેઈન ખેંચી હતી અને અમુક પ્રવાસીઓ ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. કમનસીબે એ જ સમયે બાજુના ટ્રેક પરથી કર્ણાટક એક્સપ્રેસ પસાર થઈ રહી હતી, એમ રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું. મહારાષ્ટ્રના પ્રધાન અને જળગાંવના ગાર્ડિયન મિનિસ્ટર ગુલાબરાવ પાટીલે કહ્યું હતું કે વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે અને ત્યાર બાદ વધુ માહિતી ઉપલબ્ધ બનશે. (એજન્સી) ■

### રૂપિયામાં

બાઉન્સબૅક સાથે ૮૬.૩૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૫૯૨૦.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, તાજેતરમાં ટ્રમ્પના વહીવટીતંત્રમાં વેપાર અને વેરાની નીતિ અંગેની અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં ભારે ચંચળતા જોવા મળી શકે, એવું ફોરેક્સ ટ્રેડરોનું માનવું છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૫૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૬.૫૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૭૧ અને ઉપરમાં ૮૬.૩૦ સુધી મજબૂત થયા બાદ ૨૪ પૈસાના સુધારા સાથે ૮૬.૩૪ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૩ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત આંતરપ્રવાહ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ અને ડૉલરમાં આયાતકારોની માગને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળી શકે છે. તેમ છતાં ક્રૂડતેલના ભાવમાં સંભવિત ઘટાડો અમુક અંશે રૂપિયાને ટેકો આપે તેવી શક્યતા નકારી ન શકાય, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે નજીકના ભવિષ્યમાં ડૉલર સામે રૂપિયો ૮૬.૨૦થી ૮૬.૬૫ની રેન્જમાં જોવા મળી શકે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૯ ટકા વધીને બેરલદીઠ ૭૯.૬૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવા છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા ઘટીને ૧૦૭.૮૯ આસપાસ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૬૬.૬૩ પૉઈન્ટનો અને ૧૩૦.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

બુલેટ ટ્રેન આવશે ૨૦૩૩માં

# હાલ બુલેટના ટ્રેક પર દોડાવાશે વંદે ભારત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારતીય રેલવેના સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ બુલેટ યા હાઈ સ્પીડ ટ્રેન માટે રેલવે પ્રધાનથી લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી રસ લઈને કામ કરી રહ્યા છે ત્યારે હવે બુલેટ ટ્રેન દોડાવવા માટે નવો અવરોધ આવ્યો છે. ૨૦૨૭ના બદલે હવે બુલેટ ટ્રેન માટે ૨૦૩૩ સુધી રાહ જોવાની નોબત આવી શકે છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટને લઈ નવી અપડેટ સામે મળી છે. દેશની સૌથી પહેલી હાઈ સ્પીડ મુંબઈ-અમદાવાદના કોરિડોર માટે જાપાની શિંકાનસેન બુલેટ ટ્રેન ખરીદવામાં વિલંબ થઈ રહ્યો છે ત્યારે રેલવે મંત્રાલયે આ જ કોરિડોર માટે નવી સિગ્નલિંગ સિસ્ટમ માટે ટેન્ડર આમંત્રિત કર્યાં છે. શિંકાનસેન ટ્રેન ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં સુરત-બિલિમોરા સેક્શનમાં લાવવાની હતી, પરંતુ હવે એમાં વિલંબ થશે. હવે આ જ કોરિડોરમાં કલાકના ૨૮૦ કિલોમીટરના ઝડપની વંદે ભારત ટ્રેન દોડાવવાની મંજૂરી આપી છે.

હાઈ સ્પીડ વિશેષ ટ્રેનને ૨૦૩૦ સુધી તો ટ્રેન ઓપરેશન સિસ્ટમમાં આવશે નહીં. આ બાબત એ વખતે સ્પષ્ટ થઈ છે, જ્યારે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (એનએચઆરએસસીએલ)એ વંદે ભારત ટ્રેન ચલાવવા માટે સિગ્નલિંગ સિસ્ટમ માટે ટેન્ડર બહાર પાડ્યા છે, જેમાં ભારતની સ્વદેશી હાઈ સ્પીડ ટ્રેન તરીકે ડેવલપ કરવામાં આવશે. ■
















# કોસ્ટલ રોડનો દક્ષિણ તરફનો કનેક્ટર આવતા સપ્તાહમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં મરીન ડ્રાઈવ સાથે બાન્દ્રા-વરલી સી લિંકને જોડનારો દક્ષિણ તરફના કનેક્ટરને આવતા અઠવાડિયે ખુલ્લો મૂકવાની તૈયારી મુંબઈ મહાનગરપાલિકા કરી રહી છે. હાલ પાલિકા સાઈનબોર્ડ, પેઈન્ટિંગ અને લાઇટિંગ સહિતના કામ પતાવી રહી છે. કોસ્ટલ રોડના આ ભાગનું સત્તાવાર ઉદ્‌ઘાટન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ૨૬ જાન્યુઆરીના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે હજી સુધી કોસ્ટલ રોડના વરલીમાં બે અને હાજી અલીમાં એક ઈન્ટરચેન્જનું કામ હજી પત્યું નથી અને તે આવતા મહિના સુધીમાં પૂરું થશે એવું માનવામાં આવે છે.

મરીન ડ્રાઈવથી સી લિંક સુધીના કનેક્ટરનો દક્ષિણ તરફનો રોડ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. અગાઉ દક્ષિણ મુંબઈથી વાહનચાલકો ઉત્તર તરફ વાયા બાન્દ્રા-વરલી સી લિંક થઈને જતા હતા પછી કોસ્ટલ રોડ પર જવા માટે વરલીના અબ્દુલ ગફાર ખાન માર્ગ પર ઉતરીને આગળ વધતા હતા. કોસ્ટલ રોડ કનેક્ટરના દક્ષિણ તરફના ભાગનું કામ પૂરું થયા પછી વાહનચાલકો હવે સી લિંકથી સીધા મરીન ડ્રાઈવ પર જઈ શકે છે, જેનાથી ઉત્તરથી દક્ષિણ તરફની મુસાફરી સરળ થઈ રહેશે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ કોસ્ટલ રોડ પરનું કામ તેના અંતિમ તબક્કામાં છે, જેમાં પેઈન્ટિંગ, લાઈટિંગ અને સાઈન બોર્ડનું હાલ ચાલી રહ્યું છે. ૨૬ જાન્યુઆરીના મુખ્ય પ્રધાનના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવવાનું છે. ત્યારબાદ બીજા દિવસથી એટલે કે સોમવારથી ટ્રાફિક માટે રસ્તો ખુલ્લો મુકાશે. જોકે હાજી અલી તરફના પટ્ટામાં (વરલીથી લોટ્સ જેટી) અને વરલીમાં બે માર્ગ પ્રભાદેવીથી બાન્દ્રા અને પ્રભાદેવીથી મરીન ડ્રાઈવ પર બાકી રહેલું કામ ફેબ્રુઆરી અંત સુધીમાં પૂરું થવાની અપેક્ષા છે. આ દરમિયાન પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ બ્રીચ કેન્ડી ખાતે પ્રિયદર્શિની પાર્કથી સી લિંકના વરલી છેડા સુધી ફેલાયેલો ૭.૫ કિલોમીટર લાંબો પ્રોમેનેડ મે સુધીમાં તૈયાર થવાની ધારણા છે.

# બીડના સરપંચ હત્યારાને ફાંસી જ આપો: એકનાથ શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે કહ્યું હતું કે સરપંચ સંતોષ દેશમુખની હત્યા કેસમાં સંડોવાયેલા લોકોને બક્ષવામાં આવશે નહીં, અને તેમણે આ નક્કૂરથ ગુના માટે આરોપીઓને મૃત્યુદંડની સજાની માગણી કરી હતી. બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખનું નવમી ડિસેમ્બરે અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેમણે વિસ્તારમાં પવનચક્કી પ્રોજેક્ટ ચલાવતી ઊર્જા કંપનીને નિશાન બનાવીને ખંડણી ઉઘરાવવાના પ્રયાસનો પ્રતિકાર કર્યો હતો.

## એક આરોપી ભાગેડુ જાહેર

બીડ પોલીસે બુધવારે સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસનો આરોપી કૃષ્ણા આંધળેને ભાગેડૂ જાહેર કર્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, તેની ધરપકડ સંબંધિત માહિતી આપનારને "યોગ્ય પુરસ્કાર" આપવામાં આવશે. પોલીસે અગાઉ પણ આ કેસમાં ત્રણ વોન્ટેડ આરોપીઓ સુદર્શન ઘુલે, સુધીર સાંગલે અને આંધલે વિશે માહિતી આપવા બદલ ઈનામની જાહેરાત કરી હતી. ઘુલે અને સાંગલેની ત્યારબાદ ધરપકડ કરવામાં આવી હતી.

## વાલ્મિક કરાડને ૧૪ દિવસની કસ્ટડી

મહારાષ્ટ્રના બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે સંબંધિત કેસના આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ પર લીધા બાદ પણ જામીન ન આપવા જોઈએ એમ તેમના ભાઈ ધનંજય દેશમુખે બુધવારે જણાવ્યું હતું. આ દરમિયાન, સંતોષ દેશમુખની હત્યાના કેસમાં પકડાયેલા વાલ્મિક કરાડને ગઈકાલે અદાલતે ૧૪ દિવસની અદાલતી કસ્ટડી આપી હતી. (પીટીઆઈ)

# કલિના કાર ડીલરની ઑફિસમાં લાગી આગ

મુંબઈ: મુંબઈના કલિના વિસ્તારમાં ગઈ કાલે સવારે કાર ડીલરની ઓફિસમાં આગ ફાટી નીકળી હતી. જોકે કોઈ જાનહાનિ ન થઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કલિના વિસ્તારના સીએસટી રોડ પર સ્થિત બીએમડબલ્યુ કાર ડીલરની પ્રથમ માળની ઓફિસમાં સવારે ૭.૪૪ વાગ્યે આગ ફાટી નીકળી હતી.

આગ ઓફિસમાં રાખવામાં આવેલી સામગ્રી સુધી મર્યાદિત હતી અને ત્યાંથી ગાઢ ધુમાડો નીકળતો હતો, એમ ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.

ફાયર બ્રિગેડની સાત ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી અને આગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# પાલક પ્રધાન વિવાદનો અંત દાવોસથી ફડણવીસ પાછા ફરવા સાથે આવશે: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન અને એનસીપીનાં નેતા અદિતિ તટકરેએ બુધવારે કહ્યું હતું કે, શાસક મહાયુતિના ટોચના નેતાઓ જિલ્લા પાલક પ્રધાનોની નિમણૂંક અંગે ગઠબંધનમાં ચાલી રહેલા વિવાદ પર નિર્ણય લેશે. આ પહેલાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ એવી જાહેરાત કરી હતી કે પાલક પ્રધાનપદને લઈને થયેલા વિવાદનું નિરાકરણ મુખ્ય પ્રધાન ફડણવીસ દાવોસથી પાછા ફર્યા બાદ થઈ જશે.

મુંબઈમાં કેઈએમ હોસ્પિટલના કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા એકનાથ શિંદેને જ્યારે પાલક પ્રધાનપદને લઈને ચાલી રહેલા વિવાદ અંગે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે ફક્ત એટલું જ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દાવોસથી પાછા ફર્યા બાદ આ મુદ્દે ચર્ચા કરીને પ્રશ્ન ઉકેલી કાઢીશું.

આ પદ માટે હરીફ દાવાઓ સામે આવ્યા પછી, તેમના ગૃહ જિલ્લા રાયગડના પાલક પ્રધાન તરીકે તટકરેની અને નાશિકના પાલક પ્રધાન તરીકે ગિરીશ મહાજનની નિમણૂંક પર રોક લગાવવામાં આવી હતી. શિવસેનાના નેતા ભરત ગોગાવલે દ્વારા તેમની નિમણૂંકનો વિરોધ કરવા અંગે પૂછવામાં આવતાં તટકરેએ કહ્યું હતું કે, નઅમને એકનાથ શિંદે પર વિશ્વાસ છે અને આશા છે કે તેઓ યોગ્ય નિર્ણય લેશે. રાયગડના ગોગાવલેએ વારંવાર કહ્યું હતું કે તેઓ આ પદ માટે ઉત્સુક છે. નાશિકમાં પણ, સ્થાનિક શિવસેનાના નેતાઓ પાલક પ્રધાનપદ પર નજર રાખી રહ્યા હતા,

ઇચ્છા વ્યક્ત કરવી એ કોઈ સમસ્યા નથી, પરંતુ મુદ્દો એ છે કે આપણે તેને કેવી રીતે વ્યક્ત કરીએ છીએ, એમ મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન તટકરેએ કહ્યું હતું.મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો અજિત પવાર અને એકનાથ શિંદે જે નિર્ણય લે છે તે આપણા બધા માટે બંધનકર્તા હોવો જોઈએ. ગઠબંધનમાં પરસ્પર સમજણની જરૂર છે,થ એમ તેમણે જણાવ્યું હતું.

જ્યારે તેઓ અને તેમના પિતા, રાજ્ય એનસીપીના વડા સુનીલ તટકરે, રાયગઢ જિલ્લા પર પકડ જાળવી રાખવા માગે છે તેવી ટીકા અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, નઅમે આ વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ.

# સોલાર પેનલ સાફ કરવા ચડેલો મજૂર સાતમા માળથી નીચે પટકાયો, જીવ ગયો

થાણે: મહારાષ્ટ્રના થાણેમાં સોલાર પેનલ સાફ કરતી વખતે સાત માળની ઈમારત પરથી પડી જવાથી એક ૪૦ વર્ષીય મજૂરનું મૃત્યુ થયું હતું. આ ઘટના સોમવારે સાંજે શાહપુર વિસ્તારના વાયલેનગર સ્થિત બિલ્ડિંગમાં બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ખડકપાડા પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે પીડિતાની ઓળખ યશવંત ગવારી તરીકે થઈ હતી, જ્યારે તે બિલ્ડિંગની ઉપર સોલાર પેનલ સાફ કરી રહ્યો હતો ત્યારે તે લપસીને જમીન પર પડી ગયો હતો. મજૂરના સાથીદારો તેને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. ખડકપાડા પોલીસે આકસ્મિત મોતનો કેસ નોંધ્યો હતો અને તેની તપાસ હાથ ધરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### મહાનગરપાલિકાઓની ચૂંટણી

ચૂંટણીઓ પૂરી થયા બાદ 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' હેઠળની અપાત્ર મહિલાઓની યાદીમાં વધારો થઈ શકે છે. આ દાવાને કારણે રાજકીય વર્તુળોમાં આરોપ-પ્રત્યારોપનો નવો દોર શરૂ થઈ ગયો છે.

વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે રાજ્યમાં મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ પછી લાડકી બહેન યોજનાની અપાત્ર યાદીમાં વધારો કરવામાં આવશે અને પછી આ યોજના જ બંધ કરી દેવામાં આવશે.

આ બધાની વચ્ચે રાજ્યના પ્રધાન અદિતિ તટકરેએ આનો જવાબ આપતાં કહ્યું હતું કે, લાડકી બહેન યોજના અંગે ગેરસમજ ઉભી કરવામાં આવી રહી છે. અમે આ પૈસા કોઈના ખાતામાંથી પાછા નથી લઈ રહ્યા. કેટલીક જગ્યાએ, સ્થાનિક સ્તરે મહિલાઓ આ યોજના માટે પાત્ર ન હોવાથી રિફંડ માટે અરજી કરી રહી છે. તટકરેએ એમ પણ કહ્યું કે લગ્ન કરવા અને વિદેશ જવા, ફોર વ્હીલર ખરીદવું અને સરકારી નોકરી મેળવવા જેવી બાબતો લાડકી બહેન યોજનાના પૈસામાંથી કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

તટકરેએ કહ્યું હતું કે, અમે અમારી પ્રિય બહેનોના લાભ પાછા લીધા નથી. સ્ત્રીઓ સ્વેચ્છાએ પૈસા પાછા આપી રહી છે. જાન્યુઆરીનો હપ્તો ૨૬ જાન્યુઆરી સુધીમાં ચૂકવવામાં આવશે. અદિતિ તટકરેએ બહેનોને મૂંઝવણનો શિકાર ન બનવાની સલાહ આપી. લાડકી બહેન એકમાત્ર યોજના નથી જેની તપાસ કરવામાં આવી રહી છે, આ પ્રક્રિયા બધી યોજનાઓમાં હાજર છે. આ યોજનાનું આ પ્રથમ વર્ષ છે. અપાત્ર મહિલાઓ પોતે સ્વેચ્છાએ લાભ પરત કરી રહી છે, દરરોજ ૫ થી ૧૦ મહિલાઓ અરજી કરી રહી છે. કુલ અંદાજે ૩.૫૦ થી ૪.૫૦ હજાર અરજીઓ મળી છે, એમ તટકરેએ કહ્યું હતું.

### શું અપાત્ર 'લાડકી બહેનો' પાસેથી રિફન્ડ લેવામાં આવશે?

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા લાઇમલાઇટમાં આવેલી લાડકી બહિણ યોજના અંગે ઘણી મહિલાઓ અવઢવમાં છે. નવા વર્ષનો હપ્તો ક્યારે મળશે? શું મળેલા પૈસા પાછા લેવામાં આવશે? આ બાબતે મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ સ્પષ્ટતા કરી છે.

અદિતિ તટકરે કહ્યું કે, ચોક્કસ સમયગાળા પછી યોજનાની તપાસ કરવામાં આવે છે. સંજય ગાંધી નિરાધાર યોજનામાં દર વર્ષે પાત્રતાની ચકાસણી કરવામાં આવે છે. સિલિન્ડર સબસિડી યોજનામાં પણ આવું જ છે. તેવી જ રીતે, લાડકી બહેન યોજનાની પાત્રતા-અયોગ્યતાની તપાસ નિયમિત પ્રક્રિયા જેવી છે. આમાં કંઈ નવું નથી. આ યોજના નવી છે અને તેનું પ્રથમ વર્ષ છે આથી તેના વિશે ઘણી મૂંઝવણ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમે ક્યારેય એક મહિલાનો લાભ તેની મરજી વિરુદ્ધ છિનવી લીધો નથી. જે મહિલાઓને સરકારી નોકરી મળી છે તેમની પાસેથી લાભ પરત લેવામાં આવ્યો છે. યોજનાનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં લગભગ સાડા ચાર લાખ મહિલાઓએ લાયકાત વિના લાડકી બહીણ યોજનાનો લાભ લીધો છે. તેમજ તેમની પાસેથી કોઈ રિફન્ડ લેવામાં આવ્યું નથી.

# પશ્ચિમ રેલવે અમદાવાદ અને મુંબઈ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

મુંબઈ: અમદાવાદ-મુંબઈ-અમદાવાદ કોરિડોરમાં વધતા પેસેન્જર ટ્રાફિકને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ-મુંબઈ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવે પ્રવાસીઓ સુવિધા માટે અને મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને મુસાફરીની માંગને પહોંચી વળવા માટે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે.

અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ (ટ્રેન નં. ૦૯૪૬૨) ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ શુક્રવારના રોજ અમદાવાદથી ૧૦.૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૪.૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. એ જ રીતે, બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ (ટ્રેન નંબર ૦૯૪૬૧ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫, શનિવારના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૫:૩૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે બપોરે ૧.૪૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

# કેઈએમ હૉસ્પિટલ મુંબઈગરાનો આધારસ્તંભ છે: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દર્દી સેવાનું અવિશ્વસનીય વ્રત લેનાર કેઈએમ હોસ્પિટલ મુંબઈગરાનો સાચો આધારસ્તંભ છે, એમ જણાવતાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એવો નિર્દેશ આપ્યો કે કેઈએમમાં આયુષ્માન શતાબ્દી ટાવર બનાવવામાં આવે જેથી શ્રદ્ધા સાથે અહીં આવતા દર્દીઓની સારવાર માટે જગ્યાની અછત ન પડે.

એકનાથ શિંદેએ બુધવારે કેઈએમ હોસ્પિટલના શતાબ્દી સમારોહમાં પોતાની લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું કે, શેઠ ગોવર્ધન દાસ સુંદર દાસ મેડિકલ કોલેજ અને કેઈએમ હોસ્પિટલનો ૯૯મો વર્ષગાંઠનો સમારોહ હોસ્પિટલ પરિસરમાં યોજાયો હતો. તે સમયે શિંદે બોલી રહ્યા હતા. કેઈએમ હોસ્પિટલે સાંસ્કૃતિક વારસાનું જતન કરીને આધુનિકતા અપનાવી છે. કેઈએમ એ આરોગ્યસંભાળ ક્ષેત્રમાં નવી દિશાઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણો સ્થાપિત કર્યા છે, એમ તેમણે કહ્યું હતું. કેઈએમ જેવી હોસ્પિટલો સામાન્ય માણસ માટે દેવદૂત જેવી છે. અરુણા શાનબાગને કેઈએમના કર્મચારીઓએ ૪૧ વર્ષ સુધી સેવા આપી હતી. દુનિયાની કોઈ પણ હોસ્પિટલમાં દર્દીની સેવાનું આવું ઉદાહરણ નથી. એમ તેમણે જણાવ્યું હતું.

## જૈન મરણ

**દેરાવાસી જૈન**

શોભના પંકજ શાહ તા. ૨૦-૧-૨૫ના ગુજરી ગયા છે. તે પંકજ લલિત શાહના પત્ની. કાંતિલાલ ઉજમલ શાહના દીકરી. દીક્ષિત પંકજ શાહના માતુશ્રી. તેજલના સાસુ. ધ્રુવી, રુહીના દાદી. નિવાસસ્થાન- બી ૩૦૬, શુભક્રમના, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

નંદરબાર નિવાસી હાલ ઘનશોલી, નવી મુંબઈ, સ્વ. કાંતાબેન જમનાદાસ શાહના સુપુત્ર મુકેશભાઈ (ઉ.વ. ૭૩) તે અ.સૌ. સેજલબેનના પતિ. તે ચિંતન-સિદ્ધિ, મેઘા-નિરવભાઈના પિતાશ્રી. સ્વ. લલિતભાઈ, સ્વ. રસિકભાઈ, હસમુખભાઈ, ચંદ્રકાંતભાઈ, સતીષભાઈ, સ્વ. નલિનીબેન, સ્વ. ચંદનબેન, સ્વ. જ્યોતિબેન તથા આરતીબેનના ભાઈ. દિલ્હી નિવાસી એસ.એસ. જૈનના જમાઈ. બુધવાર, તા. ૨૨-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫-૧-૨૫ના ૫થી ૬.૩૦. એસ. ફ્લોર, ભગવતી એલેગેન્ઝા કો.હા.સો., પ્લોટ નં. ૧૨, સેક્ટર નં. ૧૧, ઘનશોલી (નવી મુંબઈ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ત્રાપજ નિવાસી હાલ ભિવંડી/મુલુંડ ગં.સ્વ. સરોજબેન ભોગીલાલ વારૈયા (ઉ.વ. ૭૮) તા. ૨૧-૧-૨૫ને મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે સોનલબેન, રૂપલબેન અને વિપુલભાઈના માતુશ્રી. મનોજકુમાર નિતીનચંદ્ર દોશી, નિલેશકુમાર હીરાલાલ સલોત અને રીટાબેનના સાસુજી. શેઠ શ્રી ફુલચંદ નરશીદાસ શાહ મુઠાદમ (શિહોરવાળા/મુલુંડ)ની દીકરી. કુંજના દાદીમા. સ્મિત અને ધિમીતના નાનીમા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. વિપુલભાઈ બી. વારૈયા, ૩૦૩, સુપાર્શ્વ બિલ્ડિંગ, શુભ-શાંતિ કોમ્પ્લેક્સ, મહાવીર ચોક, સ્ટેશન રોડ, ભિવંડી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વિમળાબેન ગુલાબચંદ ગાંધીના સુપુત્ર વિજયભાઈ ગાંધી (ઉ.વ. ૬૫) તે ઈલાબેનના પતિ. શ્રેયા ઉર્મિતભાઈ શાહ, જયના યશભાઈ કાણકિયાના પિતાશ્રી. હીવાના નાના. જયેશભાઈ ગાંધીના મોટાભાઈ. અનસુયાબેન મુલચંદભાઈ શાહના જમાઈ. તા. ૨૦-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના ૩.૩૦થી ૫.૩૦. પરમકેશવબાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ). ચક્ષુદાન કરેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મુળ પીપળવા હાલ (ઘાટકોપર) ગં.સ્વ. સવિતાબેન ત્રંબકલાલ બિલખિયા (ઉ.વ. ૯૧) તા. ૨૧-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બાબરા નિવાસી દીવાળીબેન વિઠ્ઠલદાસ શાહના દીકરી. અતુલભાઈ, સ્વ. દીપકભાઈ, જયશ્રીબેન, હર્ષાબેન, પારુલબેનના માતુશ્રી. દક્ષાબેન, કિર્તીભાઈ, ગીરીશભાઈ, જનકભાઈના સાસુ. જીનલ કેશા સમરના દાદી. ગૌરાંગ અને ઈશાનના મોટા સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૩-૧-૨૫, ગુરુવાર ૪.૦૦થી ૫.૩૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી (હાલ-અંધેરી) શ્રીમતી નલીનીબેન (ઉ.વ. ૭૫) તે સુરેશભાઈ અમીચંદભાઈ ભીમાણીના ધર્મપત્ની. તે કલ્પેશ તથા તુષારના માતુશ્રી. જેની કલ્પેશના સાસુ. હર્ષ-ખુશીના દાદી. રાજકોટ નિવાસી સ્વ. હરસુખલાલ પ્રાણજીવન મડિયાના પુત્રી. તા. ૨૦-૧-૨૫, સોમવારના શ્રી અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૧-૨૫, ગુરુવારના ૪થી ૬. બ્રદ્ધિ વિશાલ કો.ઓ. સોસાયટી, સહકાર નગર, જે.પી. રોડ, અપના બજાર પાસે, અંધેરી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબીયાના અશ્વિન છેડા (ઉ.વ. ૫૩) તા. ૨૧-૧-૨૫ના અવસાન પામેલ છે. ઇન્દીરા તલકશીના પુત્ર. ધવલના પિતા. હર્ષદના મોટા ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ઇન્દીરા તલકશી હીરજી છેડા, બીલ્ડીંગ નં. ૪, રૂમ નં.૫, શાસ્ત્રીનગર, લીકીંગ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

પત્રીના દિપક કુંવરજી ગોગરી (ઉ.વ. ૬૯) તા. ૨૦-૧-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી કેસરબેન કુંવરજી ખેરાજના સુપુત્ર. સ્વ. કુસુમ, અલ્કાના પતિ. અજીત, ધવલના પિતાશ્રી. રંજન, આશા, કુસુમના ભાઈ. ભાનુબેન દેવજી (પુના), રેખાબેન જયંતિલાલ (ભુજ)ના જમાઈ. પ્રાઃ શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં.: કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

સાડાઉના દિપક હીરજી સાવલા (ઉ.વ. ૬૧) તા. ૨૧-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પ્રભાબેન હીરજીના પુત્ર. રશ્મીના પતિ. નવિન, વિજય, નયના, કુસુમ, લીના (અવની)ના ભાઇ. સાંગલીના સ્વ. કોકીલાબેન નાથાલાલના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. કરસન લધુ નિસર હોલ, દાદર. ૨ થી ૩.૩૦.

સમાઘોઘાના હીરબાઇ દામજી જીવરાજ દેઢીયા (ઉ.વ. ૯૧) તા. ૨૦-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દેવકાબાઇ જીવરાજ માલશીના પુત્રવધૂ. સ્વ. દામજીના પત્ની. સ્વ. મંજુલા, કિશોર, ભારતી (નયના), શૈલેષ, કલ્પેશના માતુશ્રી. નવીનાળ સ્વ. પાનબાઇ દેવજી પાંચારીયાના સુપુત્રી. સ્વ. રામજી, દમયંતી, મુંદ્રા દેવકાબેન જગશી, કાંડાગરાના રસીલા વશનજી, કારાઘોઘા સુશીલા શાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કલ્પેશ દામજી, ૭, મંગેશ, ગૌશાળા રોડ, મુલુંડ (વે.).

તલવાણાના નવિનચંદ્ર નાનજી પોલડીયા (ઉ.વ. ૮૧) તા. ૨૧-૧-૨૫ના અવસાન પામેલ છે. સાકરબેન નાનજી ઉમરશીના સુપુત્ર. કસ્તુરબેનના પતિ. જીજ્ઞા, લીનાના પિતાશ્રી. ભચુ, વેલબાઇ હીરજી, નવાવાસના મંજુલા ડુંગરશીના ભાઇ. કાંડાગરાના મુરીબાઇ વેલજી પ્રેમજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. લિ. કેલેશ છેડા, બર્વેનગર, ઘાટકોપર (વે.).

દેવપુરના વિશનજી લાલજી મોતા (ઉ.વ. ૭૦) તા. ૨૧-૧-૨૫ના અવસાન પામેલ છે. દેવાબાઈ લાલજીના પુત્ર. મંજુલાના પતિ. અમિત, જીતેનના પિતા. શાંતિલાલ, નવીન, ભરત, ઝવેર, વિજ્યા, દમયંતી, કમળા, ધનવંતીના ભાઇ. ખારૂઆ જખીબાઈ મેઘજી લીલાધરના જમાઇ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ), ટા. ૧૨ થી ૧.૩૦.

ગઢશીશાના કુ. જીગ્નાબેન દેઢીયા (ઉ.વ. ૫૦) તા. ૨૧-૧-૨૫ના અવસાન પામેલ છે. દેવકાંબાઇ વાલજી પાચુભાઇની પૌત્રી. શાંતાબેન વસંતલાલ દેઢિયાની પુત્રી. જુલી, પિયુષના બેન. ડોણના દેવકાંબાઇ કુંવરજી ગાલાના દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. વસંત દેઢિયા, ૭૦૧, સુમંગલ સોસાયટી, નિલમ નગર ફેસ - ૨, મુલુંડ (ઇ).

બિદડાના નિર્મળા રમણીકલાલ પોલડીયા (પોતાયા) (ઉ.વ. ૭૮) તા. ૨૧-૧-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સુંદરબેન વિજપાર પોલડીયાના પુત્રવધૂ. રમણીકલાલના પત્ની. ભારતી, કેતનના માતા. નાના ભાડીયાના મોંઘીબેન મુલજી જેસંગ છેડાના પુત્રી. વસંતલાલ, શાંતીલાલ, કસ્તુરબેનના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. કેતન પોલડીયા, ૪૩૯/૧૩, હરી નિવાસ, સોની સદન, ૨જે માળે, જે.એસ. એસ. રોડ, ચીરાબજાર, મુંબઇ-૪૦૦૦૦૨.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મેંદરડા નિવાસી હાલ બોરીવલી સ્વ. જડાવબેન રતિલાલ કામદારના દીકરી નિર્મળાબેન (ઉ.વ. ૮૬) ૨૦/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જગદીશભાઈ, વિનોદભાઈ, પ્રફુલભાઈ (મહેન્દ્રભાઈ), રસિકભાઈ, ભરતભાઈ, હસમુખભાઈના બહેન. પ્રાર્થનાસભા ૨૩/૧/૨૫ના ૪ થી ૫.૩૦. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ચભાડીયા નિવાસી હાલ ડોમ્બીવલીના જયંતિલાલ પ્રેમચંદ ગાંધીના સુપુત્ર ધીરજલાલ (ઉ.વ. ૭૭) ૨૧-૧-૨૫ને મંગળવાર અવસાન થયેલ છે. તે પ્રફુલાબેનના પતિ. સુકેન તથા પ્રતીક્ષાના પપ્પા. શરદભાઈ, પ્રવીણભાઈ તથા રસીલાબેન મહેન્દ્રભાઈના ભાઈ. પાનાચંદ હરિચંદભાઈ શાહ (પચ્છેગામ) વાળાના જમાઈ. ક્રેમલ તથા અમિતકુમારના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ શિવલખાના નરેન્દ્ર ડુંગરશી ગડા (ઉ.વ. ૪૭) મંગળવાર, તા. ૨૧-૧-૨૦૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મોંઘીબેન નોંઘા નાંઈયાના પૌત્ર. ગંગાબેન ડુંગરશીના પુત્ર. કલ્પનાબેનના પતિ. વત્સલના પિતાશ્રી. તારા, ભારતી, પરેશના ભાઈ. ગામ ઘાણીથરના નવલબેન વણવીર ગાલાના જમાઈ. પ્રાર્થના સભા શુક્રવાર, તા. ૨૪-૧-૨૫ સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ. કરશન લધુ હોલ, જ્ઞાન મંદિર રોડ, દાદર-વેસ્ટ, ઠે. એ-૮, હરદયાલ બિલ્ડીંગ, વલ્લભબાગ લેન, ઘાટકોપર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભરૂડિયાના સ્વ. શાંતીલાલ કરશન હિરજી ગડા (ઉ.વ. ૫૯), મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. પુરાબેન હિરજીના પૌત્ર. માતુશ્રી ચોથીબેન કરશનના સુપુત્ર. કસ્તુરબેનના પતિ. મહેશ, નિલમના પિતાશ્રી. વિશાલ, નિકીતાના સસરા. રીવાન, ચેશાના દાદા. રેયાન, વિહાનના નાના. નંદાસરના સ્વ. ખેતઈબેન પુંજા કરમણ નંદુના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના સમય બપોરે ૩ થી ૪.૩૦ કલાકે સ્થળ. યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે. ૧૦૦૨, પર્લ હેરીટેજ, અંધેરી-વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાંદલના દડવા નિવાસી હાલ કોલ્હાપુર સ્વ. લીલાવતી પરમાણંદદાસ મહેતાના સુપુત્ર અનંતરાય (ઉ.વ. ૮૫) તા. ૨૨-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રેણુકાબેનના પતિ. કેતન, કાર્તિક, મયંકના પિતાશ્રી. સ્વ. રસિકભાઈ, પ્રમોદભાઈ, સ્વ. ભરતભાઈ, અશોકભાઈ, દિલીપભાઈના ભાઈ. સાસરાપક્ષે સ્વ. અશ્વિનભાઈ મહેતાના જમાઈ. ભાવિની, શેફાલી, રચનાના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. અપૂર્વ ટાવર્સ, રાજારામપુરી, ૧૩મો રસ્તો, માલી કૉલોની નજીક, કોલ્હાપુર.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ વલોટી, હાલ કાંદિવલી, શ્રી ધનસુખભાઈ મોહનલાલ પટેલ (ઉ.વ. ૭૦) મંગળવાર, તા. ૨૧-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. રેવાબેન મોહનલાલના સુપુત્ર. તે જ્યોત્સનાબેનના પતિ. રિમા, ક્રિનાના પપ્પા તથા જિતેનકુમારના સસરા અને શિવાંશ, શ્રિયાનના નાના-દાદા. તે સ્વ. અમૃતભાઈ, નગીનભાઈ, અશોકભાઈ, કલાવતી, નયના અને સ્વ. હંસાબેન (મીનલ મંગેશ હડે)ના ભાઈ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫-૧-૨૫ના ૩થી ૫. બંને પક્ષનું બેસણું તેમના નિવાસસ્થાને તેમ જ પુચ્છપાણીની ક્રિયા શનિવાર, તા. ૧-૨-૨૫ના ૪થી ૫.૩૦. નિવાસસ્થાન: ૩૦૨, પટેલ એવન્યુ, એમ.જી. રોડ, કમલા નગરની બાજુમાં, કાંદિવલી (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાતી લાડ વણિક**

સ્વ. રસિકભાઈ જ્વેરી અને સ્વ. માલતીબેન જ્વેરીનાં સુપુત્ર ચિ. વિપુલ જ્વેરી (ઉ.વ. ૬૨) તે દેવલનાં પતિ. હર્ષ અને હૃદયનાં પિતા. સ્વ. કશ્યપ જ્વેરીનાં ભાઈ. સ્વ. ભારતીબેન, સ્વ. કેશવભાઈ પટેલનાં જમાઈ, તા. ૨૦/૧/૨૫નાં સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫/૧/૨૫નાં શનિવારે ૪:૦૦ થી ૬.૦૦: એફ. પી. એચ. બેન્કવેટ હોલ, ૫મો માળ, લાલા લાજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ-૩૪.

**વિસા સોરઠિયા વણિક**

બળેજવાળા ચંદ્રિકાબહેન (ઉ. વ. ૮૨) તે સ્વ. રતિલાલ ચત્રભુજ શાહના પત્ની. તે દિપક, ડિમ્પલ, જુલીના મમ્મી. મિનલ, નિલેશ, રાજાના સાસુ. ચિરાગ, હાર્દિક, સિદ્ધાર્થના દાદા-નાની. પુષ્પાબહેન પ્રવિણચંદ્ર, ઈન્દિરાબહેન મહેન્દ્રભાઈ, મધુરીબહેન, મધુભાઈના ભાભી. ગોકળદાસ માધવજીના દીકરી સોમવાર, તા. ૨૦-૧-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૦૨૫ના રોજ ૫ થી ૭ શ્રી લોહાણા મહાજનવાડી, ૨જે માળે. એસ. વી. રોડ, શંકરના મંદિરની પાસે, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૬૭.

**વીરપુર દશા પોરવાળ વૈષ્ણવ**

વીરપુર નિવાસી હાલ તારદેવ-મુંબઈ, શ્રીમતી વિનોદીનીબેન પરીખ, (ઉ.વ. ૮૨) તેઓ શ્રી ચંદ્રકાંતભાઈ રમણલાલ પરીખના ધર્મપત્ની. વિપુલભાઈ અને ભાવનાબેન હિમેશકુમાર દેસાઈના માતુશ્રી. યશ, નીલ અને રિશિતના દાદી. તા. ૨૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠિયા વણિક**

શીલવાળા નિવાસી હાલે બોરીવલી શ્રી દેવીદાસ આણંદજી શાહ (ઉ.વ. ૯૨) તા. ૨૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભાનુબેનનાં પતિ. રાજેશ, ભાવેશના પિતાશ્રી. કલ્પના, સ્વ. પૌલમીના સસરા. સ્વ. હરીભાઈ, સ્વ. નાનુભાઈ, લાલુભાઈ તથા સૌ. મધુબેન શાંતિલાલ મલકાણના ભાઈ. હર્ષિલ-ડિમ્પલ, પરાંશી-ઉમંગકુમાર, સ્વપ્નિલ-અવિનીતી, ગ્રીષમાના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના ૫થી ૭. મહેશ્વરી પ્રગતિ મંડળ, પ્લોટ નંબર-આર-૧૪/૧૫, ન્યુ લીંક રોડ એક્સટેન્શન, ઓશીવરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અંધેરી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

મૂળ કચ્છ ગામ અંજાર હાલે મુલુંડ નિવાસી સ્વ. કાશ્મીરાબેન અનિલ શેઠિયાના જ્યેષ્ઠ પુત્ર ઉર્વેશ (ઉ.વ. ૪૦) સ્વ. વસંતબેન પ્રવિણચંદ્રના પૌત્ર. સ્વ. પ્રભાબેન નારાણજી સેજપાલના દોહીત્ર. તા. ૨૦-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કરિશ્માના પતિ. દિપેશ અને વિવેકના મોટાભાઈ. સાસરા પક્ષે અ.સૌ. દક્ષાબેન મહેશભાઈ કોઠારીના મોટા જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૧-૨૫, ગુરુવારે ૫.૩૦થી ૭. ઠે: પવાણી હોલ, ૧માળે, લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી ભાટિયા**

ગં.સ્વ. નયના ભાટિયા (ઉ.વ. ૬૪) સ્વ. ધીરેન ભાટિયાની પત્ની. જીગરના માતુશ્રી તથા ઉપાસનાના સાસુ. સ્વ. દયાલજી સરૈયાની પુત્રી. અ.સૌ. વસંતબેન, ગં.સ્વ. જ્યોતિબેન, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. જયસિંહ, સ્વ. ગોપાલભાઈના બેન તથા સ્વ. કુમુદીબેન, સ્વ. તારાબેન, અ.સૌ. નીલાબેન, સ્વ. કનકસિંહભાઈ, સ્વ. ઠાકરસી, સ્વ. ભરતભાઈના ભાભી. તા. ૨૧-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની સાદડી તા. ૨૪-૧-૨૫ના શુક્રવાર ૪થી ૬. સમખંડ દરબાર, મુલુંડ કોલોની, બસ સર્કલ, મુલુંડ (વેસ્ટ).

**કપોળ**

દામનગરવાળા હાલ ઘાટકોપર પુરુષોત્તમ જુઠાભાઈ શેઠ (ઉ.વ. ૯૦) તા. ૨૦-૧-૨૫ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે દમયંતિબેનના પતિ. કેતન, મનીષ તથા કિરણ પ્રશાંત મહેતાના પિતા. દિના તથા પારિતાના સસરા. સ્વ. નાગરદાસ, સ્વ. અનંતરાય, સ્વ. ચુનીલાલ, સ્વ. રતિલાલ, સ્વ. જયાબેન છોટાભાઈ મહેતા, સ્વ. ગિરજાબેન અમૃતલાલ સંઘવીના ભાઈ. તે ગિરધરલાલ જગજીવન ભુતાના જમાઈ. હેતવી, પંકિત દીપ સેનગુપ્તા, પ્રિયંક તથા અસ્મીનાં દાદા. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**લોહાણા**

ગં.સ્વ. ચંદ્રાબેન સુચક (ઉ.વ. ૯૪) સ્વ. હિંમતલાલ માવજીભાઈ સુચકના ધર્મપત્ની. તે સુધાબેન, મીનાબેન, રશ્મીબેન, અતુલભાઈના માતુશ્રી. કલ્પનાબેન, હસમુખકુમાર નથવાણી, અનિલકુમાર અઢિયાના સાસુ. રાજકોટ નિવાસી કિશોરભાઈ, રમેશભાઈ, અશ્વિનભાઈ, રંજનબેન શામજીભાઈ કોટેચા, ચંદ્રિકાબેન બિપિનભાઈ ઠક્કરના મોટાબેન. આરુષી, શ્રેય, વૈભવ નેહા, કશ્યપ અમૃતા, કવિશના દાદી-નાની તા. ૨૧-૧-૨૫ મંગળવારના શ્રીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**લુહાર સુથાર**

ગામ બાંભણીયા હાલ મીરારોડ રમેશભાઈ દાવડા (ઉ.વ. ૬૫) ૧૯/૧/૨૫ના અક્ષરનિવાસી પામ્યા છે. તે મીનાબેનના પતિ. સ્વ. ચંપાબેન રતિલાલ દાવડાના પુત્ર. સ્વ. નયનાબેન અરૂણભાઈ સિધ્ધપુરા, ધર્મેશભાઈ, રીટાબેન સંજયભાઈ વાઘેલાના ભાઈ. સ્વ. દિવાળીબેન નરોત્તમભાઈ કવાના જમાઈ. તન્વી વનીત ભલ્લાના પિતાશ્રી. પ્રાર્થનાસભા ૨૩/૧/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**નવગામ ભાટિયા**

બીજલભાઈ (ઉ.વ. ૪૯) તે કલ્પનાબેનના પતિ. સ્વ. કેશવલાલ મુલજી આશરના પૌત્ર. સ્વ. જશુમતી તથા સ્વ. પ્રદ્યુમ્નના દીકરા. ખ્યાતિ (બિંદુ) કલ્પેશ શાહના ભાઈ. મેઘા કુણાલ આસર, ઐશ્વર્યા શિવમ રામૈયા, સૌરભના પિતા. ૨૦/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજપૂત ક્ષત્રિય જ્ઞાતિ**

મથુરાવાસી પ્રદીપભાઈ વર્મા (ઉ.વ. ૬૫) ૨૦/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે વિમલાદેવી અમરચંદ વર્માના પુત્ર. જસવંતીબેન ભરતસિંહ વર્માના જમાઈ. લીનાબેનના પતિ. શ્રદ્ધા, રિદ્ધિ, શીલના પિતા. વૈભવ તથા હાર્દિકના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૩/૧/૨૫ના ૫ થી ૭. વનિતા વિશ્રામ, એસ. વી પી રોડ, મુંબઈ-૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**રસાણીયા સોની**

મુંબઈ નિવાસી હાલ સાન્તાક્રુઝ કંચનબેન પંચીગર (ઉ.વ. ૮૮) સોમવાર, તા. ૨૦-૧-૨૦૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. અમૃતલાલ નારણદાસ પંચીગરનાં પત્ની. સ્વ. બબુબેન, સ્વ. સાકરલાલનાં પુત્રી. સ્વ. રાજેન્દ્ર, જીતેન્દ્રભાઈ, વિજયભાઇ તથા ગીતાબેનનાં માતુશ્રી. ઉષાબેન, જયશ્રીબેન, મંદાકીની, સ્વ. પ્રદીપભાઈ ઝવેરીનાં સાસુ. રાહુલ, કરણ, દર્શના, નેહલ, શ્વેતા, પંક્તિ, દક્ષિકાનાં દાદી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૦૨૫ના ૫ થી ૭, રોટરી ક્લબ, જુહુ તારા રોડ, સાન્તાક્રુઝ (વેસ્ટ).

**કપોળ**

સથરાવાળા હાલ બોરીવલી ચંદ્રકાન્ત વૃજલાલ મહેતા/મથુરિયાના ધર્મપત્ની સૌ. દેવયાની (ઉ.વ. ૭૪) તે મેહુલ, વિવેક તથા જીજ્ઞા સુનિલકુમાર અગ્રવાલના માતુશ્રી. સૌ.હેમાલી, સૌ.મનિષાના સાસુજી, કિશોર-મિનાક્ષી, ગ.સ્વ. સુશીલા ચંદ્રકાન્ત સંઘવીના ભાભી. તન્મય, અનવેશા, ભવ્ય, શુભ, દેવના દાદીમા-નાનીમા. મહુવાવાળા હરિલાલ તથા મથુરાદાસ ગીરધરલાલ વોરાના દિકરી. તા. ૨૧-૧-૨૦૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૩-૧-૨૦૨૫ને ગુરુવારના ૫ થી ૭. લુહાર-સુથાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ વેલફર સેન્ટર, દત્તપાડા મેઈન રોડ, વિશ્વકર્મા ચોક, કાર્ટર રોડ નં.૩, અંબાજીમંદિર પાસે, બોરીવલી પૂર્વ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લોહાણા**

મૂળગામ ભાવનગર હાલ ભિવંડી મનુભાઈ (ઉ.વ. ૯૧) તા. ૨૦-૧-૨૫ને સોમવાર શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વનમાળીદાસ પિતાંબરદાસ વજાણીના પુત્ર. સ્વ. કાંતાબેનના પતિ. સ્વ. કૌશિક, ધર્મેન્દ્રના પિતા. અનિતા, સ્વ. મીના, ચેતનાના સસરા. સોહિલ, સંકેત, ઋષિ, હર્ષ અને ઊર્મિના દાદા. હરિદાસ (બાબુભાઈ) લાધારામ અભાણીના બનેવી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ૨ જે માળે, ભાવે કંપાઉન્ડ, નજરાના ટોકીઝની સામે, ભિવંડી. લૌકિક વ્યવહાર બંધ છે. (ત્વચાદાન કરેલ છે.)

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર**

કલ્યાણ નિવાસી જગજીવનભાઈ(ભીખુભાઈ) લાડ (ઉ.વ. ૭૬) તા. ૧૯-૧-૨૫, રવિવારના શ્રીરામચરણ પામ્યાં છે. તે દમયંતીબેન લાડના પતિ. સ્વ. સનુબેન, સ્વ. પરષોત્તમભાઈ લાડના દીકરા. પ્રેમજીભાઇ લાડના મોટાભાઈ. શ્રીમતી રેણુકાબેન પ્રેમજીભાઇ લાડના જેઠ. કેતનભાઈ, જતીનભાઈ અને ભુપેન્દ્રભાઈના પિતાશ્રી. થાણા કોળીવાડા નિવાસી સ્વ. નાનીબેન તથા સ્વ. વિરજીભાઈ ભરડવાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩/૧/૨૦૨૫ના ૩.૦૦ થી ૫.૦૦. મહાવીર હૉલ, આગ્રા રોડ, કલ્યાણ પશ્ચિમ ખાતે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

કાલાવડ નિવાસી હાલ મુંબઇ નવીનભાઇ લલિતાબેન વૃંદાવનદાસ ગરાચ (ઉ.વ. ૭૪) રવિવાર, તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રશ્મિબેનના પતિ. ધવલના પિતા. કિંજલના સસરા. પલાશના દાદા. ચંદ્રકાંતભાઇ, સ્વ. યોગેન્દ્રભાઇ, ઉમેશભાઇ, નટવરલાલભાઇ, નરેન્દ્રભાઈ, પ્રવીણભાઇ, સરલાબેન અને ઉષાબેનના ભાઇ. સ્વ. મુકુન્દરાય માધવજી નિર્મળના જમાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના ૪ - ૬ - પહેલો માળો, શ્રી લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, શંકર મંદિર પાંસે, કાંદિવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

નેલી શાહરૂખ વાડિયા તે શાહરૂખ રૂસ્તમજી વાડિયાના ધનિયાની. તે મરહૂમો ગુલ તથા સોરાબ સીધવાના દીકરી. તે જહાંબક્ષ, વિરાફ ને હોરમઝના મમ્મી. તે અનાહીતા, ગીતાંજલી ને ડાયનાના સાસુજી. તે યાસ્મીન પરસી ભિવંડીવાલા, શીરાઝ હોમી દીપેચા, તથા મરહૂમ સાયરસ સોરાબ સીધવાના બહેન. તે કીઆના, શીરોપ, કયારા ને કીયાનહના બપયજી. (ઉ.વ. ૬૯) રે.ઠે: ડી/૩-૮૫, ભરૂચા બાગ, એસ.વી.રોડ, સોપર સ્ટોપની સામે, અંધેરી-પશ્ચિમ, મુંબઈ- ૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે જોગેશ્વરી મધે બેહરામ બાગ અગ્યારીમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# જરૂર પડ્યે કરીશ મદદ: મળવા આવેલા રિક્ષાવાળાને સૈફે કહ્યું



મુંબઈ: ફ્લૅટમાં ઘૂસેલા ચોરે છરીથી હુમલો કર્યા બાદ જખમી અવસ્થામાં પોતાને સમયસર હૉસ્પિટલ પહોંચાડનારા રિક્ષા ડ્રાઈવર ભજન સિંહ રાણાને મળી અભિનેતા સૈફ અલી ખાને તેનો આભાર માન્યો હતો અને જરૂર પડ્યે મદદ કરવાની ખાતરી આપી હતી. જોકે ગઈ કાલે તેણે રોકડ આપીને તેનું સન્માન કર્યું હતું.

હુમલા બાદ સૈફને સારવાર માટે બાન્દ્રાની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ પહેલાં સૈફ મંગળવારે રિક્ષા ડ્રાઈવર રાણાને મળ્યો હતો. સૈફે તેને અમુક રોકડ રકમ આપી હતી અને જરૂર પડ્યે બધી મદદ કરવાની ખાતરી પણ આપી હતી. રાણાએ જણાવ્યું હતું કે હું ગઈ કાલે તેમને (સૈફને) હૉસ્પિટલમાં મળ્યો હતો.

હૉસ્પિટલ પહોંચાડીને મદદ કરવા બદલ તેણે મારો આભાર માન્યો. તેમણે મારી પીઠ થાબડી. તેમના અને તેમના પરિવારના મને આશીર્વાદ મળ્યા.

રાણાએ વધુમાં જણાવ્યું હતું કે તેમણે (ખાને) તેમની માતા (શર્મિલા ટાગોર) સાથે પણ મને મળાવ્યો. મેં તેમના ચરણસ્પર્શ કર્યા. તેણે મને જે યોગ્ય (રૂપિયા) લાગ્યું તે આપ્યું અને કહ્યું મને જ્યારે મદદની જરૂર હશે ત્યારે તે હાજર રહેશે.

ઉલ્લેખનીય છે કે ગુરુવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ આરોપી શરીફુલ ફકીર (૩૦) બાન્દ્રા પશ્ચિમની સતગુરુ શરણ બિલ્ડિંગમાં સૈફ અલી ખાનના ફ્લૅટમાં ચોરીને ઇરાદે ઘૂસ્યો હતો.

સ્ટાફ નર્સની બૂમાબૂમ સાંભળી દોડી આવેલા સૈફે આરોપીનો બહાદુરીથી સામનો કર્યો હતો. જોકે બચવાના પ્રયાસમાં આરોપીએ સૈફ પર છરીના છ ઘા ઝીંક્યા હતા, જેમાં તે ગંભીર રીતે ઘવાયો હતો. જખમી હાલતમાં સૈફ બિલ્ડિંગની નીચે ઊતર્યો હતો અને રાણાની રિક્ષામાં લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યો હતો. (પીટીઆઈ) ■

# સૈફ કેસમાં પુરાવાઓની ચકાસણી ફૉરેન્સિક લૅબના વિવિધ વિભાગો દ્વારા કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સૈફ અલી ખાન પર છરીથી કરાયેલા હુમલાના કેસમાં તપાસ દરમિયાન પોલીસે એકઠા કરેલા મહત્ત્વના પુરાવાની ચકાસણી સાંતાક્રુઝના કલિના પરિસરમાં આવેલી ફૉરેન્સિક સાયન્સ લૅબોરેટરીના વિવિધ વિભાગોમાં કરવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અભિનેતા સૈફ પર હુમલાના કેસમાં પોલીસે બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ફકીરની ધરપકડ કરી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા શરીફુલની પોલીસ વધુ પૂછપરછ કરી રહી હતી. તેની વિરુદ્ધનો કેસ મજબૂત બનાવવા પોલીસે ઘણા પુરાવા પણ એકઠા કર્યા હોવાનું કહેવાય છે.આરોપીની ધરપકડ બાદ મોબાઈલ ફોન્સ, આરોપીનાં કપડાં અને સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ સહિત અનેક પુરાવા તપાસ માટે ફૉરેન્સિક લૅબમાં મોકલી અપાયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે ફૉરેન્સિકના ટેપ ઓથેન્ટિકેશન ઍન્ડ સ્પીકર આઈડેન્ટિફિકેશન (ટીએએસઆઈ), બાયોલૉજી, ડીએનએ, ફૂટપ્રિન્ટ્સ, ફિઝિક્સ, સાયબર અને અન્ય વિભાગો પુરાવાની ચકાસણી કરવામાં સામેલ છે. આરોપી ઘોડબંદર રોડ પરના મૅન્ગ્રોવ્ઝમાંથી પકડાયો ત્યારે તેની બૅગમાંથી મળી આવેલાં કપડાંમાં પોલીસને લોહીના ડાઘ નજરે પડ્યા નહોતા. આ બાબતે પોલીસ આરોપીની પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ) ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# અઢી ઈંચ ચાકુ ઘૂસ્યું હોવા છતાં પાંચ દિવસમાં સૈફ કઈ રીતે ફિટ?

## શિંદે-સેનાના નેતાના ટ્વીટને લીધે વિવાદ

મુંબઈ: અભિનેતા સૈફ અલી ખાન પરના હુમલામાં એક તરફ રોજ નવા ખુલાસા થાય છે તો બીજી બાજુ શિવસેનાના નેતા સંજય નિરુપમે નવો જ ટ્વિસ્ટ આપ્યો છે. સૈફ પર ૧૬મી જાન્યુઆરીની અડધી રાત્રે હુમલો થયો હતો અને ગઈકાલે બપોરે તેને બાન્દ્રાની લીલાવતી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો. જ્યારે તેને ડિસ્ચાર્જ મળ્યો ત્યારે અભિનેતાએ હોસ્પિટલની બહાર પાપારાઝીને પોઝ આપતા દેખાયો અને તેના ઘણા ફોટા અને વીડિયો વાયરલ થયા.

વીડિયોમાં સૈફ કમ્ફર્ટેબલી ચાલતો દેખાય છે, તેના ગળા પાસે પટ્ટી છે, પણ તે હાથ વેવ કરતો દેખાય છે, તેના ચહેરા અને ચાલમાં ફિટનેસ છે. તેને આટલો ફ્રેશ જોઈને એક વર્ગ છે જે તેની સ્પિરીટના વખાણ કરી રહ્યો છે, જ્યારે શિવસેનાના નેતા સંજય નિરુપમે એક ટ્વીટ કરી સૌને વિચારતા કરી દીધા છે.

નિરુપમે સવાલ કર્યો છે કે જીવનું જોખમ હોય તે રીતે ઘાયલ થયેલો સૈફ પાંચ દિવસમાં આટલો ફિટ કઈ રીતે થઈ શકે. તેમણે લખ્યું છે કે ડોકટરોના કહેવા અનુસાર પીઠમાં અઢી ઈંચ ચાકુ ઘૂસી ગયું હતું. જેનો કટકો અંદરથી મળ્યો. છ કલાક ઑપરેશન ચાલ્યું ને પાંચ દિવસમાં અભિનેતા આટલો ફીટ થઈ બહાર આવ્યો, કમાલ છે. તેમણે કટાક્ષ કરી ખરેખર સૈફ પરના હુમલાની ઘટનામાં શું છે તેવો સવાલ કર્યો છે.

સંજય નિરુપમ કોંગ્રેસના સાંસદ રહી ચૂક્યા છે અને ગત ચૂંટણી પહેલા તેઓ એકનાશ શિંદેની શિવસેનામાં જોડાયા હતા. જોકે તેઓ સ્પષ્ટવક્તા તરીકે જાણીતા છે.

સૈફ પર તેના ઘરમાં જ હુમલો થયાની વાત હજુ ઘણાને પચતી નથી અને આ સાથે ઘણી બબાતો વિરોધાભાસી પણ લાગે છે. જોકે હાલમાં તો પોલીસે એક બાંગ્લાદેશી આરોપીને પકડ્યો છે અને ચોરીના આશયથી સૈફના ઘરે ગયાની કબૂલાત તેણે કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. ■

# નવ દાયકામાં ખૂબ જ મજબૂત બની છે મુસ્લિમ એમ્બ્યુલન્સ સોસાયટી




મુંબઈ: મુસ્લિમ એમ્બ્યુલન્સ સોસાયટી (એમએએસ)ની સ્થાપના ૧૯૩૨માં શહેરની ચકલા સ્ટ્રીટ પર એક નાની દુકાનમાં કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ જાતિ, જાતિ અને ધર્મને ધ્યાનમાં લીધા વિના ગરીબો અને જરૂરિયાતમંદોને માનવીય અને ચિકિત્સા કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવાનો હતો. પરંતુ સોસાયટીના અધ્યક્ષ ડૉ. અબ્દુલ રઉફ સુમર હવે ૧૦ દાયકામાં પ્રવેશ કરતી વખતે છેલ્લાં ૯૩ વર્ષમાં કરેલાં કાર્યોને આગળ વધારવાની યોજના બનાવી રહ્યા છે.

ઈસ્લામ જિમખાનામાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં ઉપાધ્યક્ષ અનવર પિશોરી, ઈબ્રાહિમ કોલસાવાલા, શ્રીમતી નફીસા દરવેશ, માનદ્ સંયુક્ત સચિવ તનવીર હાવા, શ્રીમતી રેશમા બગાડિયા અને માનદ્ સંયુક્ત કોષાધ્યક્ષ સિરાજ ચનાવાલા અને ઈકબાલ મોલેડીનાની હાજરીમાં ડૉ. અબ્દુલ રઉફ સુમરે જણાવ્યું હતું કે, અમારી પાસે ઘણી પરિયોજનાઓ ચાલી રહી છે અને આવનાર દિવસોમાં, મહિનાઓ અને વર્ષોમાં ઘણી વધુ યોજનાઓ છે, જેમ કે, એમએએસની શતાબ્દિ નજીક આવી રહી છે, ભવિષ્ય માટે ઘણી યોજનાઓ બનાવવામાં આવી રહી છે. ઈબ્રાહિમ હારુન,, અયુબ હારુન, ઉસ્માન મિસ્ત્રી, નૂર મોહમ્મદ ધીયાન, મોહમ્મદ હુસૈન સુમર, અકબર અલી ખાન અને અબ્દુલ રહીમ બચ્ચુસેઠ, હારુન આદમ એન્ડ કંપનીની દુકાન પર આને બનાવી હતી. ઉદ્‌ઘાટન સમારંભ ૨ સપ્ટેમ્બર, ૧૯૩૨ના બગદાદમાં પરમ પાવન પીર ઈબ્રાહિમસાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. ■

# પુણેમાં જીબીએસનો ફફડાટ: પાલિકાએ સમિતિ રચી

પુણે: કોરોના જેવા ગંભીર રોગચાળામાં આપણને એક મહત્ત્વની શીખ મળી કે તણાવપૂર્ણ જીવનમાં આરોગ્યની કાળજી લેવી મહત્ત્વપૂર્ણ છે. જોકે, જ્યારે જ્યારે નવા રોગ અને રોગચાળો ફેલાય ત્યારે લોકોમાં ગભરાટ ફેલાઈ જાય છે. હાલમાં પુણે શહેરમાં જીબીએસ (ગિલાન બાર્રે સિન્ડ્રોમ) નામની બીમારીએ માથું ઊંચક્યું છે અને પુણે મહાનગરપાલિકાએ પણ એની ગંભીરતાની નોંધ લઈને એક સમિતિની રચના કરી છે. પુણે શહેરમાં જીબીએસના શંકાસ્પદ કેસ નોંધાયા છે. પુણે મહાનગરપાલિકાની હદ હેઠળની છ પ્રાઈવેટ હોસ્પિટલમાં ૨૪ શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા છે. એમાંથી આઠની સારવાર ઇન્ટેન્સિવ કેર યુનિટમાં પણ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર બે દર્દી વેન્ટિલેટર પર છે. હવે શરદ પવારે ટ્વીટ કરી રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાને આ રોગની ગંભીર નોંધ લેવા જણાવ્યું છે.

પુણેમાં નોંધાયેલા ૨૪ શંકાસ્પદ કેસમાં સૌથી નાની ઉંમરનો દર્દી બે વર્ષનો છે, જ્યારે સૌથી વયસ્ક દર્દી ૬૮ વર્ષનો છે. પુણે મહાનગરપાલિકા (પીએમસી)એ આ રોગની તપાસ માટે એક સમિતિની રચના કરી છે અને જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવારે પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે પીએમસી અને રાજ્ય સરકારને રોગના સંકટને ઓળખવા અને યોગ્ય સાવચેતી રાખવાનું સૂચન પણ કર્યું છે. ■






**ડેવલપર સામે આડેધડ કેસ**

# હેરાનગતિ માટે ઈડીને કૉર્ટનો દંડ

મુંબઈ: રિયલ એસ્ટેટના ડેવલપર વિરુદ્ધ આડેધડ મની લોન્ડરિંગ કેસ કરવા માટે બોમ્બે હાઈકોર્ટે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને એક લાખ રૂપિયાનો દંડ કર્યો હતો. કેન્દ્રીય એજન્સીઓએ કાયદાના માળખામાં રહીને વર્તવું જોઇએ એવી ટિપ્પણી પણ અદાલતે કરી હતી.

ઈડીને દંડ ફટકારતી વખતે ન્યાયમૂર્તિ મિલિંદ જાધવની એક જજની ખંડપીઠનું અવલોકન હતું કે ભવિષ્યમાં નાગરિકોની હેરાનગતિ ન થાય એ સુનિશ્ચિત કરવા માટે કાયદા અમલીકરણ એજન્સીઓના કાન આમળવાની જરૂર છે.

હાઈ કોર્ટે એન્ટિ-મની લોન્ડરિંગ એજન્સી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે ઓગસ્ટ ૨૦૧૪માં વિશેષ અદાલતે મુંબઈ સ્થિત રિયલ એસ્ટેટ ડેવલપર રાકેશ જૈનને ફટકારવામાં આવેલી કાનૂની પ્રક્રિયા (સમન્સ/નોટિસ)ને રદ કરી હતી.

ઈડીએ જૈન વિરુદ્ધ વિલે પાર્લે પોલીસ સ્ટેશનમાં એક મિલકત ખરીદનાર દ્વારા નોંધવામાં આવેલી પોલીસ ફરિયાદના આધારે તેમની સામે મની લોન્ડરિંગ તપાસ શરૂ કરી હતી, જેમાં કરારનો ભંગ અને છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

અદાલતે ઈડીને ચાર અઠવાડિયામાં એચસી લાઇબ્રેરીને એક લાખ રૂપિયાનો ખર્ચ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. ખંડપીઠે આ કેસમાં મૂળ ફરિયાદી (ખરીદનાર) પર એક લાખ રૂપિયાનો ખર્ચ પણ લગાવ્યો હતો. આ ખર્ચ શહેર સ્થિત કીર્તિકર લૉ લાયબ્રેરીને ચૂકવવામાં આવશે. (પીટીઆઈ) ■

## ભૂલથી રિવર્સ ગિયરમાં કાર નાખી...



પુણેમાં કારના ડ્રાઈવરે ભૂલથી પહેલા માળના પાર્કિંગમાં કાર પાર્ક કરતી વખતે રિવર્સ ગિયરમાં કાર ઉપાડતા કાર પહેલા માળની દિવાલ તોડીને નીચે પડી હતી. આ સમગ્ર ઘટના પુણેના વિમાનનગર વિસ્તારના શુભા એપાર્ટમેન્ટમાં બની છે. મળતી માહિતી મુજબ કાર પાછલી દીવાલ અડીને ઊભી હતી. ત્યારે ડ્રાઇવરે ભૂલથી ફર્સ્ટ ગિયરને બદલે કારને રિવર્સ ગિયરમાં રાખી હતી, જેના કારણે કાર પાછળની દીવાલ તોડીને નીચે પડી હતી. કાર નીચે પડતા જ નજીકમાં હાજર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક ડ્રાઈવરને કારમાંથી બહાર કાઢ્યો હતો. જે સમયે કાર પહેલા માળેથી નીચે પડી તે સમયે નીચેથી એક સફેદ રંગની કાર પણ પસાર થઇ હતી. જો સફેદ રંગની કાર જો ત્યારે જ બરાબર નીચેથી પસાર થઇ હોત તો મોટો અકસ્માત સર્જાયો હોત. જો કે સદ્‌નસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ નથી થઇ. કારના ડ્રાઈવર અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી, પરંતુ આ દુર્ઘટનાએ ચોક્કસપણે ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે.

# લાયન વિકાસ ક. સરાફને 'રીઝન જવેલ'ની ટ્રોફી




મુંબઈ: વિભાગાધ્યક્ષ લાયન સીમા ગંભીરનાં અંતર્ગત કાર્યરત 19 ક્લબોનાં 'વિભાગીય સંમેલન'માં 17 પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નરોનાં સાન્નિધ્યમાં આયોજિત અને ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન સરસ્વતી શંકર, મુખ્ય અતિથિ તરીકે હાજર કાર્યક્રમમાં 300 કરતા વધુ લાયન સભ્યો હાજર રહ્યાં હતાં.

લાયન વિશ્વનાં ગતિવિધિ સમિતિનાં જિલ્લાધ્યક્ષ લાયન વિકાસ ક. સરાફને 'રીઝન જવેલ'ની ટ્રોફી આપી. લાયનનાં આંતરરાષ્ટ્રીય નિદેશક લાયન પંકજ મેહતાએ એમનું બહુમાન કર્યું હતું . પૂર્વ ઇન્ટરનેશનલ ડિરેક્ટર લાયન ડૉ. રાજુ મનવાનીએ આને મૂલ્યોનું સમ્માન, પ્રતિભાનો સમ્માન અને સમાજ પ્રત્યે સમર્પિત એક વ્યક્તિનું સમ્માન કહ્યું હતું અને લાયન વિકાસની નેતૃત્વ ક્ષમતાનાં વખાણ પણ કર્યા હતાં. ■

# થાણેમાં પાંચ કરોડની કિંમતની અંબરગ્રીસ સાથે એક પકડાયો

થાણે: થાણેમાં પાંચ કરોડ રૂપિયાની કિંમતની અંબરગ્રીસ (વ્હેલની ઊલટી) વેચવા માટે આવેલા ૫૩ વર્ષના પ્રૌઢને પોલીસે પકડી પાડ્યો હતો. ક્રાઇમ યુનિટ ટીમે મળેલી માહિતીને આધારે સોમવારે રાબોડી વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું અને શંકાને આધારે ૫૩ વર્ષના પ્રૌઢને તાબામાં લીધો હતો. સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સચિન ગાયકવાડે જણાવ્યું હતું કે પ્રૌઢની ઓળખ નીતિન મુતન્ના મોરેલું તરીકે થઇ હતી, જે પુણેનો રહેવાસી છે. નીતિનની તલાશી લેવાતાં તેની પાસેથી ૫.૪૮ કિલોની અંબરગ્રીસ મળી આવી હતી.

દરમિયાન નીતિન વિરુદ્ધ વાઇલ્ડલાઇફ (પ્રોટેક્શન) એક્ટની સુસંગત જોગવાઇ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■


ખંભાતી લાડ વણિક



**શ્રી વિપુલભાઈ જ્વેરી**
(ઉં.વ. ૬૨)
શ્રીજીચરણ: ૨૦/૧/૨૦૨૫
પિતા: સ્વ. રસિકભાઈ જ્વેરી
માતા: સ્વ. માલતીબેન જ્વેરી
પત્ની: દેવલ જ્વેરી
પુત્રો: હર્ષ અને હૃદ્ય જ્વેરી
ભાઈ: સ્વ. કશ્યપ જ્વેરી
સસરા: સ્વ. કેશવભાઈ પટેલ
સાસુ: સ્વ. ભારતીબેન પટેલ
**પ્રાર્થના સભા**
શનિવાર, તા. ૨૫/૧/૨૦૨૫
સાંજે ૪:૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળ:
એફ.પી.એચ. બેન્ક્વેટ હોલ, ૫મો માળ, લાલા લાજપતરાય માર્ગ, હાજી અલી, મુંબઈ-૪૦૦૦૩૪


# ૮૦ વર્ષની વૃદ્ધાનું 30 વર્ષે પરિવાર સાથે મિલન

મુંબઈ: કુંભમેળામાં ખોવાયેલા પરિવારજનો વર્ષો પછી એકબીજાને મળે એવું જ કંઈક મહારાષ્ટ્રમાં બન્યું છે. મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાંથી ૩૦ વર્ષ પહેલાં પોતાના ઘરેથી ગુમ થયેલી ૮૦ વર્ષીય મહિલાનું થાણે મેન્ટલ હોસ્પિટલના સ્ટાફના પ્રયાસોથી તેના પરિવાર સાથે ફરી મિલન થયું છે. રિપોર્ટ અનુસાર, ત્રણ દાયકા પહેલા મહિલાના ૧૩ વર્ષના પુત્રનું આમલીના ઝાડ પર ચઢ્યા બાદ ઈલેક્ટ્રિક શૉક લાગવાથી મૃત્યુ થયું હતું.

મહિલા આ આઘાત સહન ન કરી શકી અને તેની માનસિક હાલત બગડી ગઈ હતી. ત્યારથી મહિલા તેના ઘરેથી ગુમ થઈ ગઈ હતી. મહિલા નાશિક પહોંચી ગઈ હતી, જ્યાં તે વર્ષો સુધી પંચવટી વિસ્તારમાં ભટકતી રહી. બે વર્ષ પહેલા તે શારીરિક અને માનસિક રીતે કથળેલી હાલતમાં નાશિક પોલીસને મળી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે જ્યારે તેમને ખબર પડી કે મહિલા બધું જ ભૂલી ગઈ છે, ત્યારે તેઓએ તેને સારવાર માટે થાણે મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરી હતી. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેની સારી રીતે સારવાર કરી હતી. જ્યારે તેની તબિયતમાં સુધારો જણાયો ત્યારે, તેની ઓળખ મેળવવા અને તેના પરિવારને શોધવાનું કામ શરૂ કર્યું હતું.

મહિલાની સારવાર કરનાર ડૉ. મલિકે કહ્યું કે આ કામ ખૂબ મુશ્કેલ હતું, કારણ કે મહિલાને ભૂતકાળની કોઈ વાત યાદ નહોતી. પરંતુ હોસ્પિટલના સ્ટાફે ધીમે ધીમે તેના ગામ વિશે માહિતી એકઠી કરી હતી. પછી અહીંથી લગભગ ૨૫૦કિલોમીટર દૂર અહમદનગરમાં પોલીસનો સંપર્ક કર્યો અને ત્યાં તેના સંબંધીઓની ભાળ મળી.

માહિતી મળ્યા પછી, મહિલાની પુત્રવધૂ, પિતરાઈ ભાઈ અને ભત્રીજો ૧૭ જાન્યુઆરીએ હોસ્પિટલમાં આવ્યા અને ૩૦ વર્ષમાં પ્રથમ વખત તેને મળ્યા. આટલા વર્ષો પછી પરિવારને મળ્યા બાદ મહિલા ભાવુક થઈ ગઈ હતી. પરિવારના સભ્યો પણ ભાવુક થઈ ગયા હતા.

પરિવારના એક સભ્યએ મેડિકલ ટીમની કામગીરીની પ્રશંસા કરી હતી. પરિવાર મહિલાને પરત અહમદનગર લઈ ગયો છે. ડો. મલિકે કહ્યું કે પરિવારને ફરી એકસાથે જોવો એ જ અમારા માટે સૌથી મોટું ઈનામ છે. ■


૧૭મી પુણ્યતિથી



**અ.સૌ. લલિતાબેન રમેશચંદ્ર મણિઆર**
સ્વર્ગવાસ: તા.૨૩.૦૧.૨૦૦૮
સતર વર્ષ વીતી ગયા,
પણ દૃષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો,
અંતરમાં હજુએ પડઘાય છે તમારી સ્મૃતિનાં ધબકારા,
વ્યવહારમાં સચવાય છે તમારા સંસ્કારનાં રણકાર,
સ્મૃતિમાં હજુએ સંભળાય છે તમારી યાદોના ભણકારા.
નરેશ - પલ્લવી, અશોક - રક્ષા, વિજય - બિના, સુનિલ - વિભા તથા સ્વ. શ્રી રમેશચંદ્ર લધુરામ મણિઆર પરિવાર
Bijal Ads

# દાવોસમાં મહારાષ્ટ્રમાં રોકાણ માટે ૧૫.૭૦ લાખ કરોડના એમઓયુ

## ૧૫.૭૫ લાખથી વધુ રોજગારની તક, રિલાયન્સ, એમેઝોન, ક્રોસરેલ સાથે એમઓયુ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત દાવોસની મુલાકાતે છે. દાવોસમાં પહેલા દિવસે ૪.૯૯ લાખ કરોડ રૂપિયાના રોકાણના કરાર થયા હતા અને બીજા દિવસે આ લખાય છે ત્યાં સુધીમાં કુલ ૫૩ કંપની સાથે સમજૂતીના કરાર થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતની હાજરીમાં મહારાષ્ટ્ર સરકાર અને બાલાસોર એલોય્સ લિમિટેડ વચ્ચે એક ઐતિહાસિક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બાલાસોર એલોય્સ વિશ્વની અગ્રણી ઉચ્ચ-કાર્બન ફેરોક્રોમ ઉત્પાદક કંપની છે. આ દરમિયાન, મહારાષ્ટ્ર સરકારે રિલાયન્સ સાથે પણ કરાર કર્યો છે. આનાથી મહારાષ્ટ્રના યુવાનો માટે રોજગારની તકો ઊભી થશે. અત્યાર સુધીમાં દાવોસમાં મહારાષ્ટ્ર સરકારે ૫૩ સમજૂતીના કરાર કર્યા છે, જેમાં એમેઝોન, ક્રોસરેલ, એમએસએન, હેઝેરો ઈન્ડસ્ટ્રીઝ, ટોરલ ઈન્ડિયા, યુનિવર્સિટી ઓફ બર્મિંગહામ, એમટીસી જેવી કંપનીનો સમાવેશ થાય છે. આ કરારના માધ્યમથી રાજ્યમાં ૧૫.૭૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવવાની શક્યતા નિર્માણ થઈ છે. આની સામે રાજ્યમાં ૧૫.૭૫ લાખ રોજગારનું પણ નિર્માણ થશે.

મહારાષ્ટ્ર સરકારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથે ત્રણ લાખ પાંચ હજાર કરોડ રૂપિયાના ઐતિહાસિક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મીડિયા દ્વારા આ અંગે માહિતી આપી હતી. તેમણે પોતાની પોસ્ટમાં કહ્યું હતું કે અનંત અંબાણીના નેતૃત્વમાં નવી ઉર્જા, છૂટક વેચાણ, આતિથ્ય અને હાઇ-ટેક ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રોમાં ત્રણ લાખથી વધુ રોજગારીની તકોનું સર્જન થયું છે.

આ પ્રસંગે, અનંત અંબાણીએ વિકસિત ભારતના નિર્માણમાં પરિવર્તનશીલ પ્રયાસો બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી. આ પ્રસંગે આરઆઈએલવતી અનંત અંબાણીએ કહ્યું કે તેઓ નવા ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. મહારાષ્ટ્રને ભારતની ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા તરફ લઈ જવાના પ્રયાસો બદલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો આભાર માન્યો. તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત ટૂંક સમયમાં વન ટ્રિલ્યન ડોલરનું અર્થતંત્ર બનશે. મહારાષ્ટ્રના વિકાસને વેગ આપનારા આ ઐતિહાસિક રોકાણ માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અનંત અંબાણીનો આભાર માન્યો હતો. ■

# નાયગાંવમાં શૂટઆઉટ, જમીનનો વિવાદ કારણઃ આઠ જખમી, સાત પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઈ નજીકના નાયગાંવમાં જમીનના વિવાદમાં બે જૂથ વચ્ચે થયેલી અથડામણમાં એક જૂથ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં આઠ જણ ઘવાયા હતા, જ્યારે પોલીસે સાતની ધરપકડ કરી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ બે જૂથ વચ્ચે જમીનનો વિવાદ ચાલી રહ્યો હતો. બુધવારની બપોરે એક વિવાદ વકરતાં ૧૨ બૉરની લાઈસન્સવાળી પિસ્તોલમાંથી ત્રણ રાઉન્ડ ફાયર કરવામાં આવ્યા હતા. જખમીઓમાંથી એકની હાલત નાજુક હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ ઘટના વસઈ તાલુકાના બાપને ગાંવના ચંદ્રપાડા ખાતે બુધવારની બપોરે ત્રણ વાગ્યાની આસપાસ બની હતી. પ્રાથમિક તપાસ અનુસાર મેઘરાજ ભોઈરે પિસ્તોલમાંથી ગોળીબાર કર્યો હતો.

પોલીસના કહેવા મુજબ મંગળવારે પણ આ મામલે વિવાદ થયો હતો. ભોઈર ફેમિલીએ ફરિયાદી અનીશ સહિત અમુક લોકોને ધમકી આપી હતી. અનીસે નોંધાવેલી ફરિયાદને આધારે નાયગાંવ પોલીસે ભોઈર પરિવાર સહિત ૧૨ જણ સામે ગુનો પણ નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદનો મુદ્દો ઉઠાવી બુધવારે બન્ને જૂથના લોકો સામસામે આવી ગયા હતા, જેમાં ગોળીબાર કરાયો હતો. આ ઘટનામાં સંજય જોશી, અનીશ સિંહ, શુભમ દુબે, વીરેન્દ્ર ચૌબે, વૈકુંઠ પાંડે, સચિન રાઠોર અને રાજન સિંહ ઘવાયા હતા. આમાંથી અનીશ, વૈકુંઠ અને સંજયને ગોળી વાગવાથી પીઠ અને પગમાં ઇજા થઈ હતી. સારવાર માટે તેમને મીરા રોડની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ■

# થાણેની શાળામાં છ વર્ષની બાળકીને ફૂટપટ્ટીથી ફટકારીઃ ડાન્સ ટીચર સામે ગુનો

થાણેઃ થાણેમાં આવેલી ખાનગી શાળામાં છ વર્ષની બાળકીને સ્ટીલની ફૂટપટ્ટીથી ફટકારવા બદલ ડાન્સ ટીચર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

કાપુરબાવડી વિસ્તારમા આવેલી શાળામાં ૧૫ જાન્યુઆરીએ આ ઘટના બની હતી, જેમાં બાળકીને ઇજા થઇ હતી.

શાળાએ વાર્ષિક સમારંભના કાર્યક્રમો માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે ૩૨ વર્ષના ટીચરને રાખ્યો હતો. ૧૫ જાન્યુઆરીએ આરોપી ટીચરે બાળકીને પૂછ્યું હતું કે તે ગઇ કાલે શાળામાં કેમ આવી નહોતી. બાદમાં ડાન્સની પ્રેક્ટિસ દરમિયાન તેણે સ્ટીલની ફૂટપટ્ટીથી બાળકીને ફટકારી હતી. (પીટીઆઇ)

# રિક્ષા-ટેક્સીનાં લઘુતમ ભાડાંમાં ૩ રૂપિયા વધારવાની તૈયારી

મુંબઈઃ રાજ્યના પરિવહન વિભાગે મંગળવારે શહેરમાં ઓટોરિક્ષા અને ટેક્સીનાં મૂળ ભાડાંમાં ૩ રૂપિયાના પ્રસ્તાવિત વધારાની જાહેરાત કરી હતી. જો પ્રસ્તાવિત ભાડું મંજૂર કરવામાં આવે તો ઓટોરિક્ષાનું સુધારિત ભાડું ૨૩થી વધી ૨૬ રૂપિયા અને ટેક્સીની ભાડું ૨૮થી વધીને ૩૧ રૂપિયા થઇ જશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એમએમઆરટીએ), જેનું નેતૃત્વ વધારાના મુખ્ય સચિવ (પરિવહન) સંજય સેઠી કરશે. આ અઠવાડિયે ભાડાના અંતિમ સુધારા નક્કી કરો, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ઓટો અને ટેક્સીમાં છેલ્લે ભાડાવધારો ઓક્ટોબર, ૨૦૨૨માં કરવામાં આવ્યો હતો.

પરિવહન વિભાગે આરેથી બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ અંડરગ્રાઉન્ડ મેટ્રો-૩ના પ્રથમ તબક્કામાં છેલ્લા-માઈલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા અને રાઈડર્સશિપ વધારવા માટે પાંચ મેટ્રો ૩ સ્ટેશનની બહાર સાત સ્ટેન્ડની પણ પ્રપોઝલ છે. ■

# સંગમનેરમાં પોલીસે શ્વાન વિરુદ્ધ નોંધ્યો ગુનો

મુંબઈઃ ક્યારેક કોઇ અપરાધ કે કોઇ ગુનો થયા પછી એક વ્યક્તિ કે પછી ટોળા વિરુદ્ધ પોલીસ ગુનો દાખલ કરતી હોવાનું આપણે નિયમિત જોતા હોઇએ છીએ, પણ સંગમનેરમાં ઘટેલા એક ગુનામાં ગુનેગાર કોઇ વ્યક્તિ નહીં, પણ એક શ્વાન છે.

આ શ્વાન વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હોવાનું સામે આવ્યું છે. આ શ્વાન કોઇ મામૂલી નહીં, પણ એક ડોક્ટરનો પાળેલો છે. વિદેશી નસલનો છે. હવે પોલીસ તેની શું અને કેવી રીતે તપાસ કરશે એ અંગે ઉત્સુકતા વધી ગઇ છે.

મોટાં શહેરોમાં શ્વાન પાળવામાં આવતા હોય છે. તેના માલિકને એ શ્વાન પ્રત્યે ગમે તેટલો પ્રેમ હોય, પણ લોકોને તો તેનો ભય સતાવતો હોય છે. એવામાં સંગમનેર ખાતે એક શ્વાને આતંક મચાવ્યો હોવાનો આરોપ કરવામાં આવ્યો છે. આ શ્વાન વિરુદ્ધ ગુનો દાખલ કરવા સાથે તેનો ઘટનાક્રમ પણ ઈન્ટરેસ્ટિંગ છે.

ઘાયલ અવસ્થામાં સારવાર લઇ રહેલી મહિલાએ આ શ્વાન અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. સંબંધિત મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે સંગમનેર નજીક મળ્યામાં અમે રહીએ છીએ. એ વિસ્તારમાં એક ડોક્ટર રહે છે, જેણે રોટવિલર પાળ્યો છે. આ શ્વાન રસ્તા પર આવતા જતા લોકો પર ભસતો અને તેની તરફ દોડી જતો હોય છે. અચાનક ભસતો આવતા શ્વાનને કારણે લોકોમાં ભય પેદા થતો હોય છે. હું પણ આવી રીતે અહીંથી પસાર થઇ રહી હતી અને એ શ્વાન ગેટમાંથી બહાર નીકળીને મારી પર ધસ્યો હતો અને ભસવા લાગ્યો હતો. હું સ્કૂટર પર જઇ રહી હતી અને મારું નિયંત્રણ છૂટતાં મારું સ્કૂટર ઝાડ સાથે અથડાયું હતું. જેને કારણે મને ઈજા થઇ હતી. ■

## જળગાંવ ટ્રેન દુર્ઘટના



# ધુમાડાને કારણે ફેલાઈ અફવા...

દુર્ઘટના પાછળનું કારણ પુષ્પક એક્સપ્રેસની નીચેથી નીકળતો ધુમાડો હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ધુમાડાને આગ સમજીને લોકો ગભરાઈ ગયા અને ટ્રેનમાંથી કૂદવા લાગ્યા. ત્યારે સામેથી આવતી કર્ણાટક એક્સપ્રેસ લોકો પર ફરી વળી હતી.

ઘણીવાર ટ્રેનની નીચેથી ધુમાડો નીકળતો જોવા મળે છે. તેની પાછળ ઘણા કારણો હોઈ શકે છે. સામાન્ય રીતે આ ધુમાડો એન્જિનની ગરમીને કારણે હોય છે. સતત દોડવાને કારણે ટ્રેનના પૈડા ગરમ થઇ જાય છે અને ક્યારેક સ્પાર્ક થાય છે, જેના કારણે ધુમાડો નીકળે છે. તેમજ બ્રેક મારવાથી કે અન્ય કોઈ કારણસર પણ ધુમાડો નીકળે છે. પુષ્પક એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોએ આ ધુમાડાને આગ સમજી લીધો અને પોતાનો જીવ બચાવવા માટે પાટા પર કૂદી ગયા. આ પહેલા પણ ઘણીવાર ટ્રેનની નીચેથી ધુમાડો નીકળતો જોવા મળ્યો છે. એક દિવસ પહેલા જ આવી ઘટના બની હતી, જ્યારે સીમાંચલ એક્સપ્રેસના પૈડામાંથી તણખા ઝર્યા અને ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. પુષ્પક એક્સપ્રેસની જેમ લોકો ગભરાઈ ગયા અને ટ્રેનમાંથી ઉતરવા લાગ્યા હતા, જોકે આ દરમિયાન સામેથી કોઈ ટ્રેન આવતી નહોતી. જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ટ્રેનના પૈડામાં વધુ પડતી ગરમીના કારણે આવું બન્યું હતું.

લગભગ ત્રણ વર્ષ પહેલા સોમનાથ-જબલપુર એક્સપ્રેસમાં પણ આવું જ કંઈક બન્યું હતું. મુસાફરોએ અચાનક ટ્રેનની નીચેથી ધુમાડો નીકળતો જોયો, જેની માહિતી તરત જ રેલવે અધિકારીઓને આપી હતી, ત્યારબાદ લોકો પાયલટે ઇમરજન્સી બ્રેક લગાવી હતી. આ આગ બ્રેક બ્લોકીંગ જામ થવાને કારણે લાગી હતી. જો કે, આ માત્ર પૈડાં સુધી જ સીમિત રહે છે, આગ ટ્રેનની બોગી સુધી પહોંચવાની શક્યતા ઓછી હોય છે. ■



### કોઈના હાથ તો કોઈના પગ કપાયેલા હતા...

કર્ણાટક એક્સપ્રેસે પ્રવાસીઓને કચડ્યા એ દૃશ્ય હૃદય કંપાવી દે એવું હતું. કચડાયા બાદ અમુક પ્રવાસીઓના હાથ તો કોઇના પગ કપાયેલા હતા. અમુક અવયવો કપાયેલા મૃતદેહો ટ્રેનની નીચે પડેલા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળનું દૃશ્ય એટલું ભયંકર હતું કે અમુક જણે મૃતદેહોને જોઇને તો આક્રોશ ઠાલવ્યો હતો. મદદ પહોંચે ત્યાં સુધી ઘટનાસ્થળનું દૃશ્ય ખરેખર ભયંકર હતું.

## દુર્ઘટના કઇ રીતે થઇ?

મુંબઈઃ માહેજી અને પરધાડે સ્ટેશન વચ્ચે સાંજે પાંચ વાગ્યે પુષ્પક ટ્રેનમાં આગ લાગી હોવાની અફવાને કારણે ટ્રેનનું ચેન-પુલિંગ કરવામાં આવ્યું હતું. ટ્રેન જેવી થોભી કે અમુક પ્રવાસીઓ ગભરાટમાં બહાર કૂદવા લાગ્યા હતા. એ જ સમયે કર્ણાટક એક્સપ્રેસ સામેની દિશાએથી ધસમસતી આવી રહી હતી, એવું સેન્ટ્રલ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ કુમાર લીલાએ વીડિયો દ્વારા માહિતી આપતાં જણાવ્યું હતું.

‘અમે ઘાયલોને સારવાર મળી રહે એ માટે આસપાસની હોસ્પિટલોની મદદ માગી છે. રેલવેની એક્સિડેન્ટ રિલીફ મેડિકલ વેન પણ ભુસાવળથી રવાના કરી દેવામાં આવી હતી. કર્ણાટક એક્સપ્રેસ ટ્રેન તેની આગળના પ્રવાસ તરફ રવાના થઇ ગઇ હતી, જ્યારે પુષ્પક ટ્રેન પણ ઘાયલોને જરૂરી મદદ મળી ગયા બાદ તેના પ્રવાસ તરફ રવાના થશે, એવું લીલાએ જણાવ્યું હતું.

છેલ્લી મળતી માહિતી અનુસાર ઘટનાસ્થળે ૮ એમ્બ્યુલન્સ પહોંચી ગઇ હતી અને વધારાની રેલવેની એમ્બ્યુલન્સ અને વેન પણ પહોંચી રહી છે, એવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

## અફવાએ લીધો ભોગ

જળગાંવ નજીક પુષ્પક ટ્રેનમાં આગ લાગી હોવાની બૂમાબૂમ બાદ પ્રવાસીઓ પોતાનો જાન બચાવવા માટે ટ્રેનમાંથી ઠેકડા મારીને નીચે ઊતર્યા હતા, પણ પ્રવાસીઓ પોતાનો જાન બચાવવા નહીં પણ જોખમમાં મૂકી રહ્યા હતા. જોકે આ આખી ઘટના એક અફવાને કારણે બની હતી. પુષ્પક ટ્રેનમાં આગ નહોતી લાગી, પણ બ્રેક લાગવાને કારણે જે તણખા ઊડ્યા હતા તેને કારણે એક પ્રવાસીએ આગ લાગી હોવાની બૂમાબૂમ કરી મૂકતા પ્રવાસીઓ ગભરાટમાં ટ્રેક પર ઊતરી આવ્યા હત અને સામેથી આવતી કર્ણાટક એક્સપ્રેસની નીચે ચગદાઈ ગયા હતા.

## ...તો બધા જ મર્યા હોત

અકસ્માતમાં ઘાયલ થયેલા એક પ્રવાસીએ કહ્યું હતું કે એક ચાવાળો બોલ્યો હતો કે ટ્રેનમાં આગ લાગી છે. ટ્રેન ઊભી હતી. આને કારણે બધા ટ્રેનમાંથી નીચે ઊતરવા લાગ્યા હતા. નીચે ઊતર્યા બાદ તેઓએ નાસભાગ કરી હતી અને એ સમયે જ સામેની દિશાએથી કર્ણાટક એક્સપ્રેસ આવી હતી. એન્જિન બાદ ત્રણ-ચાર ડબ્બા એક્સપ્રેસે પાર કર્યા હતા. જો આખી ટ્રેન પસાર કરીને કર્ણાટક ટ્રેન દોડી ગઇ હોત તો તમામ લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા હોત. પુષ્પક ટ્રેન એક ઠેકાણે ઊભી હતી.

## આગ લાગીની બૂમ પડી ને...

જળગાંવથી ટ્રેન ઊપડી હતી, પરધાડે સ્ટેશન નજીક ટ્રે આવી કે બ્રેક લગાવવામાં આવતાં તણખા ઝર્યા હતા. એ જ સમયે એક પ્રવાસીએ આગ લાગી, આગ લાગી હોવાની બૂમો પાડતાં અમુક પ્રવાસીઓએ ટ્રેનમાંથી કૂદકો માર્યો હતો. જોકે એ જ સમયે સામેની દિશાએથી ધસમસતી આવી રહેલી બેંગલુરુ એક્સપ્રેસની નીચે અમુક પ્રવાસીઓ કચડાઈને મૃત્યુ પામ્યા હોવાનો અંદાજ છે. જળગાવમાંથી આરપીએફ જવાન, રેલવે પોલીસ અને રેલવેના અધિકારીઓ ઘટનાસ્થળે રવાના થયા હતા. રેલવે પ્રશાસને મોડી સાંજે ઘટનાસ્થળે પહોંચીને ઘટનાનું પંચનામું અને મદદકાર્ય શરૂ કર્યું હતું. ■

## ઘાયલો માટે પૂરતી વ્યવસ્થાઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે ટ્રેન દુર્ઘટનામાં ઘાયલ થયેલા મુસાફરોની સારવાર માટે જળગાંવ જનરલ હોસ્પિટલ અને નજીકની ખાનગી હોસ્પિટલો તૈયાર રાખવામાં આવી હતી.

‘જળગાંવ જિલ્લાના પચોરા નજીક એક ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં જીવ ગુમાવવો (જે) ખૂબ જ દુઃખદ છે. હું તેમને મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું,’ એમ દાવોસમાં રહેલા ફડણવીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે રાજ્યના પ્રધાન ગિરીશ મહાજન અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. જળગાંવ જિલ્લા વહીવટીતંત્ર રેલવે સાથે સંકલનમાં કામ કરી રહ્યું છે, અને ઘાયલોની સારવાર માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું. ફડણવીસે કહ્યું કે ઘટનાસ્થળે આઠ એમ્બ્યુલન્સ મોકલવામાં આવી છે. જનરલ હોસ્પિટલ તેમજ નજીકની અન્ય ખાનગી હોસ્પિટલોને ઘાયલોની સારવાર માટે તૈયાર રાખવામાં આવી છે.‘ગ્લાસ કટર, ફ્લડલાઇટ વગેરે જેવા કટોકટીના સાધનો પણ તૈયાર રાખવામાં આવ્યા છે. અમે સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને તાત્કાલિક તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. હું જિલ્લા વહીવટીતંત્રના સંપર્કમાં છું,’ એમ ફડણવીસે જણાવ્યું હતું. ■

# ટોરેસ કૌભાંડમાં હાઈ કોર્ટે પોલીસને ફટકારી

### ઝડપથી પગલાં કેમ ન લીધા?

મુંબઈઃ ટોરેસ રોકાણ કૌભાંડમાં તાત્કાલિક પગલાં લેવામાં નિષ્ફળ રહીને પોલીસ અધિકારીઓએ ફરજમાં બેદરકારી દાખવી છે, એવું હાઈ કોર્ટે બુધવારે જણાવ્યું હતું. ન્યાયાધીશ રેવતી મોહિતે-ડેરે અને નીલા ગોખલેની ડિવિઝન બેંચે જણાવ્યું હતું કે કોઇ પણ તત્પરતાથી કામ કર્યું નથી.

પોલીસે જે કંઇ બની રહ્યું હોય એ માટે તત્પર રહેવું જરૂરી છે અને ત્વરિત પગલાં લેવાની જરૂર છે. જેથી સામાન્ય લોકો પોતાની મહેનતની કમાણી ગુમાવે નહીં. કોર્ટે આવાં કૌભાંડોને ટાળી શકાય એ માટે કેટલાક મિકેનિઝમ રચવા માટે પણ તાકીદ કરી હતી.

ટોરેસ બ્રાન્ડની માલિકીની જ્વેલરી કંપની પર પોન્ઝી અને મલ્ટિ લેવલ માર્કેટિંગ (એમએલએમ) સ્કીમના સંયોજન દ્વારા કરોડો રૂપિયાના રોકાણકારોને છેતરવાનો આરોપ છે. મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગએ (ઈઓડબ્લ્યુ) આ કેસમાં અત્યાર સુધીમાં ત્રણ જણની ધરપકડ કરી છે. આમાંથી બે વિદેશી નાગરિકો છે.


શહેરસ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અભિષેક ગુપ્તાએ ગયા અઠવાડિયે આ કેસમાં વ્હીસલ-બ્લોઅર હોવાનો દાવો કરીને અને પોલીસ સુરક્ષાની માગણી કરીને હાઈ કોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં હતાં. હાઈ કોર્ટે ગયા અઠવાડિયે ગુપ્તાને સુરક્ષા કવચ આપવાનો આદેશ આપ્યો હતો અને આ કેસમાં ચાલી રહેલી તપાસની વિગતો માગી હતી. સરકારી વકીલ હિતેન વેણેગાંવકરે બુધવારે હાઈ કોર્ટમાં તપાસ અહેવાલ સુપરત કર્યો હતો. તેમણે બેંચને એવી માહિતી આપી હતી કે આ કેસમાં ૧૨ વોન્ટેડ આરોપીઓમાંથી આઠ ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૪ પહેલાં દેશ છોડી ગયા હતા. આ આઠ આરોપીઓમાંથી સાત યુક્રેનિયન નાગરિક છે, જ્યારે એક ભારતીય છે. પોલીસ તેમનાં સ્થાનો અને તેમનો પ્રવાસ ઈતિહાસ પણ જાણે છે. યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, એવું વેણેગાંવકરે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



## ગાંધીનું આગમનઃ મારા વિરોધની શરૂઆત



(ભાગ: ૪)
**નામઃ ડૉ. એની બેસેન્ટ**
સમયઃ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૩
સ્થળઃ વારાણસી
ઉંમરઃ ૮૬ વર્ષ

**૧૮૫૭માં** મંગલ પાંડેએ પહેલી વાર અંગ્રેજ સત્તાનો વિરોધ કર્યો. એ પછી ભારતમાં પહેલી વાર સ્વતંત્રતા માટે બળવો થયો. અનેક લોકોનાં મૃત્યુ થયાં અને ક્રૂર શાસકોએ આખાં ગામો સળગાવી દીધાં. લોકો પર અત્યાચાર કર્યા, બળવો દબાવી દેવામાં આવ્યો, એ પછી પેશ્વા નાનાસાહેબ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે, કુંવરસિંઘ, બહાદુર શાહ ઝફર, જનરલ બખ્ત ખાન જેવા લોકોએ સશસ્ત્ર બળવો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ અંતે નિષ્ફળતા અને પીડામાં ખોવાઈ ગયા. ઘણું વિચાર્યા પછી ૧૮૮૫માં મુંબઈમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના કરવામાં આવી.

એ વખતે લોર્ડ કર્ઝન જે એક સરમુખત્યાર હતા, એમણે ભારતીય જનમાનસમાં એવું ઠસાવી દીધું કે શાસન કરવાનો ગુણ કેવળ પશ્ચિમી જાતિઓમાં છે. ગોપાલકૃષ્ણ ગોખલેએ કર્ઝનને 'ઔરંગઝેબ' કહ્યો... '૮૫થી ૧૯૦૫ સુધી નેશનલ કૉંગ્રેસ ખાસ કશું કરી શકી નહીં. ખુદીરામ બોઝ, મદનરામ ઢીંગરા, ચાફેકર ભાઈઓ જેવા અનેક લોકોએ પોતાનું જીવન ન્યોછાવર કર્યું. આ એવા લોકો હતા જે આયોજનપૂર્વક બળવો કરી શક્યા નહીં. ભારતની વિશાળતા અને શિક્ષણના અભાવને કારણે લોકો એકમેકના સંપર્કમાં રહી શકતા નહીં, જેને જ્યાં ફાવે ત્યાં પોતાની રીતે અંગ્રેજી શાસનનો વિરોધ કરતા, પરંતુ એમાંથી કોઈ નિર્ણયાત્મક પરિસ્થિતિ તરફ જઈ શકાય એમ નહોતું.

એ જ વખતે, ૧૯૦૫માં બંગાળનું વિભાજન થયું. આખો દેશ જાણતો હતો કે, આઝાદીની લડાઈને નિર્બળ બનાવવા માટે આ એક અંગ્રેજી કૂટનીતિ હતી. કૉંગ્રેસના મંચ પરથી દેશના પ્રતિનિધિઓએ આ વિશે પોતાની ચિંતા અને વિરોધ વ્યક્ત કર્યો. ભારતમાં સ્વદેશી ઉપયોગ અને વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવાની એક નવી શરૂઆત થઈ. અંગ્રેજ તરીકે હું આ 'વિદેશી' વસ્તુનો બહિષ્કાર ન કરું તોપણ ચાલે, પરંતુ મને સમજાયું કે ભારતની આર્થિક વ્યવસ્થા સુધારવી હોય તો 'સ્વદેશી' બનાવટની વસ્તુઓ વાપરવાનો આગ્રહ જનમાનસને સમજાવવો પડશે. લોકમાન્ય ટિળકે સાર્વજનિક ગણેશ ઉત્સવની શરૂઆત કરી-૧૮૯૩, ત્યારથી વિદ્યાર્થીઓ રાજનીતિ તરફ આકર્ષાયા. અનેક યુવા વિદ્યાર્થીઓએ શિક્ષણ છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવ્યું. મેં આ વાતનો વિરોધ કર્યો - મારા લેખો અને પેમ્ફલેટ દ્વારા વિદ્યાર્થીઓ અને માતા-પિતાને ચેતવણી આપી કે, વિદ્યાર્થીઓએ રાજનીતિ તરફ જતાં પહેલાં પોતાનું શિક્ષણ પૂરું કરવું જોઈએ. આ વાત પર સ્વાતંત્ર્ય સેનાનીઓ ઉશ્કેરાયા. સૌએ મારા પર 'ભારત વિરોધી' હોવાનો આક્ષેપ લગાવ્યો, મને અંગ્રેજી સામ્રાજ્યની પ્રતિનિધિ કહીને અપમાનિત કરવામાં આવી. જોકે, મેં કોઈ દિવસ આવી વાતો મન પર લીધી નથી. મારે મારું સત્ય સાબિત કરવાની જરૂર નહોતી.

૧૯૦૫થી ૧૯૧૦નો કાળ ભયાનક રાજનીતિ અશાંતિનો કાળ હતો. છાત્ર શક્તિ જ્યારે રાજનીતિમાં ઝંપલાવે ત્યારે એમને સાચી દિશા બતાવવી જરૂરી છે, એવું મને લાગ્યું એટલે મેં એક સંગઠનની સ્થાપના કરી જેનું નામ, 'સન્સ ઑફ ઈન્ડિયા' હતું. ભારતમાના પુત્રો, જેની ઉંમર કોઈ પણ હોઈ શકે. અહીં અનુશાસન એ એક જ શરત હતી. સ્વાભિમાન અને અનુશાસન સાથે લોકો સ્વાતંત્ર્ય સંગ્રામની લડતને વધુ આયોજનપૂર્વક આગળ લઈ જઈ શકે એવો પ્રયાસ હું કરતી રહી. એક તરફથી અંગ્રેજી શાસકો મારો વિરોધ કરતા હતા ને બીજી તરફ, ભારતના નેતાઓને લાગતું હતું કે, હું અંગ્રેજી સરકારની તરફેણ કરું છું... આમ જોવા જઈએ તો નવાઈ લાગે, પરંતુ સત્ય અને સ્વતંત્રતાની મશાલ ઉઠાવનાર દરેક વ્યક્તિ માટે આગળનો રસ્તો સંઘર્ષ અને મુશ્કેલીઓથી ભરેલો જ હોય છે.

૧૯૧૦ સુધીમાં કૉંગ્રેસ બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. તિલક અને ગોખલે ૧૯૧૪માં કૉંગ્રેસના અધિવેશનમાં એક મંચ પર એકઠા થઈ શક્યા નહીં. મેં પૂરો પ્રયાસ કર્યો છતાં બંને એકબીજાનો એટલો બધો વિરોધ કરતા હતા કે, બંનેને ભેગા કરવા શક્ય નહોતા. ૧૯૧૫માં મોહનદાસ કરમચંદ ગાંધી સાઉથ આફ્રિકાનો સત્યાગ્રહ પૂરો કરીને ભારત આવ્યા. એમના આવવાથી ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં એક જુદા જ પ્રકારની લહેર ઊઠી.

૧૮૯૫માં બાલગંગાધર તિલકે હોમરૂલ લીગની વાત ઉઠાવી હતી. હોમરૂલ આંદોલન એ હિંદુરાષ્ટ્રવાદથી પ્રભાવિત થયેલું એક બંધારણીય અને શાંત આંદોલન હતું, કે જેનો મુખ્ય ઉદ્દેશ બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને ભારત માટે સ્વરાજ મેળવવાનો હતો. આ આંદોલન ઈ.સ. ૧૯૧૬માં કરવામાં આવ્યું હતું. તેની સાથે સંકળાયેલા મુખ્ય નેતાઓમાં લોકમાન્ય ટિળકનો સમાવેશ થતો હતો. અંગ્રેજોને 'સ્વરાજ' શબ્દના પ્રયોગ પ્રત્યે અણગમો હતો અને એ શબ્દને તેઓ 'રાજદ્રોહી' અને 'જોખમકારક' ગણતા હતા તેથી લોકમાન્ય ટિળકે સ્વરાજ શબ્દના વિકલ્પ તરીકે હોમરૂલ (Home rule) શબ્દ પ્રયોજ્યો હતો. ૧૯૧૪માં મેં એક અખબાર શરૂ કર્યું, જેનું નામ 'ન્યૂ ઈન્ડિયા' હતું. એ અખબારમાં ભારતીય જનસમાજને જગાડવાનો પ્રયાસ મેં ગંભીરતાથી શરૂ કર્યો એટલું જ નહીં, એ અખબારમાં દરરોજ બે પાનાં ભરીને 'હોમરૂલ' અને એની સાથે જોડાયેલા અભિપ્રાય, લેખો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું. લોકોના પત્રો આવવાના શરૂ થયા. અમે એક આખું પાનું ભરીને વાચકોના પત્રો પ્રકાશિત કરતા. અંગ્રેજ સરકાર ભયભીત થઈ ગઈ. એમને લાગ્યું કે, જાગૃતિ બહુ તેજીથી ફેલાઈ રહી છે. મે, ૧૯૧૬માં ન્યૂ ઈન્ડિયાની સિક્યોરિટી જપ્ત કરી લેવામાં આવી અને ૨૦ હજાર રૂપિયાનો દંડ જમા કરવાનો આદેશ આપ્યો. ૧૯૧૬માં પહેલી વાર જવાહરલાલ નહેરુએ મારો બચાવ કર્યો. એમણે જાહેર ભાષણમાં કહ્યું કે, 'એની બેસેન્ટ ભલે ઈંગ્લૅન્ડમાં જન્મ્યાં હોય, પરંતુ એમનું હૃદય પૂર્ણપણે ભારતીય છે.' ૨૯ ઓક્ટોબર, ૧૯૧૬ના દિવસે સત્તાવાર રીતે મને ભારતમાંથી નિષ્કાસિત કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો. મોતીલાલ નહેરુ અને ડૉ. તેજબહાદુર સપ્રુએ એક સભા આયોજિત કરી લોકોને એ નિષ્કાસિતનો વિરોધ કરવાની વિનંતી કરી. લોકોને સમજાયું કે, અંગ્રેજ સરકાર એવી કોઈ પણ વ્યક્તિનો વિરોધ કરી રહી હતી જે એમની સત્તા અને અત્યાચારોનો વિરોધ કરે... મારા અંગ્રેજ હોવા કરતાં વધુ, એમને મારા ભારત પ્રત્યેના પક્ષપાતનો વાંધો હતો. એ પછી લોકોના મનમાં મારું સ્થાન બદલાયું.

૧૯૧૭માં મને કલકત્તા કૉંગ્રેસ સંમેલનની અધ્યક્ષ બનાવી મારું સન્માન કરવામાં આવ્યું. એ સંમેલનમાં ચાર હજાર સદસ્યો ઉપસ્થિત હતા જેમાં ૪૦૦ મહિલાઓ હતી. મેં એ સભામાં મારા ભાષણમાં બે મુદ્દા ઉપર ભાર આપ્યો. એક, સ્વતંત્રતા પ્રત્યેક દેશનો જન્મસિદ્ધ અધિકાર છે. બીજું, ભારતના પ્રત્યેક મહત્ત્વપૂર્ણ અધિકાર અત્યારે અંગ્રેજ સામ્રાજ્યને આધિન છે. ભારતની ધન સંપત્તિ અને કલાવારસાને જનસામાન્યની આવશ્યકતાઓને પૂરી કરવા માટે નહીં વાપરીને અંગ્રેજ સરકાર અન્યાય કરે છે. અત્યારે અંગ્રેજ સરકાર ભારતનું જે ધન સેનાના બળને વધારવા માટે વાપરી રહી છે એ સેના ભારતના જનસામાન્યની વિરુદ્ધ કામ કરે છે, આ અન્યાય છે. ભારતના જ લોકોને સેનામાં ભરતી કરીને એમને ભારતના જ લોકો ઉપર અત્યાચાર કરવા, મજબૂર કરવા એનાથી મોટો અપરાધ બીજો કોઈ નથી.

લોકોએ મારા ભાષણને વધાવ્યું, એટલું જ નહીં સૌને સમજાયું કે હું જે કહી રહી છું એ મહત્ત્વનો મુદ્દો છે. જોકે, ૧૯૧૮માં મહાત્મા ગાંધીના વિચારો અને મારા વિચારો એકમેક સાથે સહમત ન થયા અને કૉંગ્રેસના અનેક નેતાઓ નારાજ થયા. ૧૯૧૯ સુધીમાં મને કૉંગ્રેસમાંથી લગભગ બહાર કાઢી નાખવામાં આવી કારણ કે, મેં એક જાહેર ભાષણમાં કહ્યું, કે 'ગાંધીજી અત્યારે જે અસહકારનાં આંદોલન અને હડતાળ, સત્યાગ્રહને નામે કાયદો તોડવાની માનસિકતા ભારતીય માનસમાં રોપી રહ્યા છે એ આગળ જતાં સ્વતંત્ર ભારત માટે બહુ મોટું નુકસાન કરશે. હડતાળ, આંદોલનો અને વાતવાતમાં અસહકારની આદતથી ભારતીય પ્રજા ટેવાઈ જશે, જેને કારણે સ્વતંત્ર ભારતનો વિકાસ અટકી જશે.'

આ વાત ગાંધીજીને અનુકૂળ નહોતી જેને કારણે ૧૯૨૪ અને '૨૮માં પણ હું કૉંગ્રેસના મંચ પર હતી, પરંતુ એમણે મને બહુ સહજતાથી નિર્ણયો અને કૉંગ્રેસના મુખ્ય વર્તુળમાંથી બહાર કાઢી નાખી. ૧૯૨૭માં હું ૮૦ વર્ષની થઈ ત્યારે મને સમજાયું કે, મેં મારી આખી જિંદગી ભારતના ઉત્થાન અને સ્વતંત્રતા માટે આપી દીધી, પરંતુ ભારતની સ્વતંત્રતા પછી કોઈએ મને યાદ રાખવાની તસદી લીધી નહીં...

મેં મારાં અંતિમ વર્ષો વારાણસીમાં, કાશીમાં વિતાવ્યા. હું સતત એવું માનતી રહી કે, હું મનથી ભારતવાસી છું અને મારું મૃત્યુ પણ એક ભારતવાસીની જેમ, આ દેશમાં થવું જોઈએ.(સમાપ્ત)

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ઉત્તર ધ્રુવ પર પહોંચનારી પ્રથમ ભારતીય મહિલાઃ પ્રીતિ સેનગુપ્તા



**અશક્ય** એટલે હિંદીમાં નામુમકિન અને નામુમકિન એટલે ગુજરાતીમાં અશક્ય.... પણ આ બે નામ ગુજરાતી સાહિત્યની એક લેખિકાના તખલ્લુસ છે. જાણો છો એ લેખિકાનું નામ? નકારમાં ઉત્તર વાળતાં પહેલાં આ સાંભળી લ્યોઃ એ લેખિકા પ્રવાસિની, ચિરપ્રવાસી, વિશ્વપ્રવાસી અને વટેમાર્ગુ તરીકે જાણીતી છે!

હા, વાત છે પ્રીતિ સેનગુપ્તાની... નિરંતર પ્રવાસી તો ખરી જ, પણ ઉત્તર ધ્રુવ પર પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા. છોગામાં પૃથ્વી પરના બધા જ ખંડોનો સફળતાથી પ્રવાસ ખેડનાર સાહસિક ગુજરાતી નારી એટલે પ્રીતિ સેનગુપ્તા! ગુજરાતી સાહિત્યને તેણે તેનાં વીસેક પ્રવાસ પુસ્તકો, કાવ્યસંગ્રહ, લલિત નિબંધો, વાર્તાઓથી રળિયાત કર્યું છે. જન્મે ગુજરાતી, લગ્નથી બંગાળી અને ધર્મથી કોલંબસ એવી પ્રીતિ સેનગુપ્તાએ શાકાહારી રહીને એકલપંડે કરેલા દેશાંતર અને પછીના અનેક ભૌગોલિક પ્રવાસોમાં, પ્રીતિ માટે કહી શકાય કે એ પ્રવાસી ગુજરાતી છે. પ્રવાસ એનો શોખ નથી, એનો ધર્મ છે!

પ્રીતિને મળો તો ચહેરો હાસ્યથી ફૂલગુલાબી હોય. હંમેશાં એમના વાળમાં ડાબી બાજુ ખોસેલું રંગીન ફૂલ હોય. પ્રીતિ એચ.કે. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપન કરાવતી ત્યારે ઉચ્ચ માર્ક્સથી પાસ થયેલી એક વિદ્યાર્થિનીએ ગુરુવંદના તરીકે સફેદ ફૂલ આપેલું. ત્યારથી પ્રીતિ હંમેશાં પોતાના વાળમાં ફૂલ પરોવે છે. આ ફૂલ એ એનો 'ટ્રેડ-માર્ક', એની ઓળખ.

એનું મૂળ નામ પ્રીતિ શાહ. જન્મ અમદાવાદમાં ૧૭ મે ૧૯૪૪ના. માતા કાંતાગૌરી અને પિતા રમણલાલ. શિક્ષણ અમદાવાદમાં. જાણીતા શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાંથી. ૧૯૬૭માં ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાંથી ૧૯૬૧માં અંગ્રેજી વિષય સાથે એમ.એ.ની પરીક્ષા પસાર કરી. અમદાવાદની ઉચ્ચ શિક્ષણસંસ્થા હરિવલ્લભદાસ કાળીદાસ મહાવિદ્યાલયમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કર્યું. પછી અમેરિકા ન્યૂ યૉર્ક ખાતેના નિવાસ દરમિયાન ચંદન સેનગુપ્તા નામના બંગાળી યુવાન સાથે પરિચય થયો, જે લગ્નગ્રંથિમાં પરિણમ્યો. ત્યારથી કાયમી નિવાસ અમેરિકામાં. વિશ્વપ્રવાસની શરૂઆત વર્ષ ૧૯૭૫માં. સાથોસાથ સાહિત્યિક અને સામાજિક સંસ્થાઓમાં અવેતન સેવાઓ આપી.

પ્રીતિએ સાહિત્ય સંસ્થાઓમાં કામ કર્યું, પણ પ્રવાસ પ્રત્યે પહેલેથી જ ખેંચાણ. એક મુલાકાતમાં પ્રીતિએ કહેલું કે, 'એમ કહી શકાય કે પ્રવાસ એ મારી રગોમાં છે. હું જે રીતે પ્રવાસ કરું એમાં એકલાં જ જવાનું અને કોઈ પણ દેશમાં જવાનું, એવું નહીં કે યુરોપ-અમેરિકામાં ઓળખાણો હોય ત્યાં જઈ આવીએ અને કોઈ લેવા આવશે, મૂકવા આવશે એવું નહીં. દુનિયાના એકસો બાર દેશોમાં ગઈ છું એમાંથી એકસો પાંચ દેશોમાં હું મારી મેળે એકલી ગઈ છું. સૌથી પહેલાં હું અમેરિકામાં ફરી. પહેલાં છ મહિના નોકરી કરી, પછી એ છોડી દીધી. બે સુટકેસમાં સામાન હતો તે ક્યાંક મૂકી દીધો અને પછી છ મહિના હું અમેરિકામાં બસમાં ફરી. પ્રવાસને હું મારો શોખ નથી કહેતી, હવે હું એને મારો ધર્મ કહેતી થઈ છું. મારું જીવન, મારી ફિલસૂફી એ બધું પ્રવાસમાં જ છે. પ્રવાસને હું બહુ ઊંડા અર્થમાં લઉં છું. પ્રવાસ એટલે એવું નથી કે આપણે બધે ફરી આવ્યાં, બધું જોઈ આવ્યાં.'

બાળપણમાં પ્રીતિએ માર્કો પોલો, કોલંબસ, વાસ્કો દ ગામા જેવા વિશ્વપ્રવાસીઓનું વિસ્તૃત અધ્યયન કર્યું હતું; જેમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી અને પ્રવાસનક્ષેત્રે સક્રિય રીતે ઝંપલાવવાનો નિર્ધાર કર્યો. વર્ષ ૨૦૦૫ સુધી તેણે વિશ્વના ૧૦૪ દેશોનો પ્રવાસ ખેડ્યો હતો, જેમાંથી મોટા ભાગના દેશોનો પ્રવાસ તેણે એકલાં જ કર્યો છે. તેમાં દક્ષિણ અને ઉત્તર ધ્રુવના પ્રવાસનો પણ સમાવેશ થાય છે. ૧૯૯૨માં ઉત્તર ધ્રુવનો પ્રવાસ ખેડનાર પ્રીતિ પ્રથમ ભારતીય મહિલા છે. સાત ખંડના પ્રવાસ પૂરા થયા, પછી પ્રીતિએ ઉત્તર ધ્રુવના પ્રવાસ વિશે ક્યાંક વાંચ્યું અને એને થયું કે એ અભિયાન કરે તો સાડા-સાતમો ખંડ થાય. એ ઉત્તર ધ્રુવનો જે સમુદ્રનો ભાગ છે તે એટલો બધો મોટો છે, ભલે એમાં જળ વધારે છે, પણ એને અડધો ખંડ તો કહેવો જ પડે. પછી થયું કે નોર્થ-પોલ જઈને હું જાણે કે પૃથ્વીને પોતાના બાહુઓમાં આલિંગન આપું. જાણે પૃથ્વીને વહાલી કરું છું એવો ભાવ મનમાં આવતો હતો. ત્યાં જઈને એવું લાગે કે તમે દુનિયાની બહાર નીકળી જાવ છો, પૃથ્વીને તમે છોડી દીધી છે. દેશો, જમીન બધું છોડીને તમારે દરિયા પર જતાં રહેવાનું. આ પ્રવાસને પ્રીતિ સહનશક્તિની સાચી કસોટી કહે છે; કારણ કે ત્યાં તાપમાન માયનસ સાઠ ડિગ્રી હોય છે.'

સારામાઠા અનુભવ વચ્ચે પ્રીતિનો પ્રવાસનો શોખ લીલોછમ ને તરોતાજા રહ્યો એનો યશ એ પતિ ચંદનને આપે છે. પ્રીતિએ કહેલું કે, પહેલેથી જ ચંદન કહે છે કે દરેક વ્યક્તિને કોઈક એવો શોખ કે એવી લગન કોઈ પણ ક્ષેત્રમાં હોવી જોઈએ, જેનાથી એનું પોતાનું જીવન સાધારણથી કંઈક વધારે થાય. એટલે મને મારા પ્રવાસમાં, મારા લેખનમાં, વાંચનમાં આટલો ઊંડો અને શાશ્વત રસ છે એનો એને પહેલેથી જ આનંદ રહ્યો છે. મારી પહેલી ચોપડી મેં ચંદનને અર્પણ કરેલી, કે એ મને જવા દે છે જેથી હું પાછી આવી શકું. એણે મને એ વિશ્વાસ આપ્યો કે પાછા આવીને ક્યાં જવું એ હવે મારે ગભરાવાનું નથી. હું જ્યાં જાઉં ત્યાંથી પાછી આવું ત્યારે મારું ઘર અહીં છે જ.'

પ્રેમાળ પતિના ટેકાથી પ્રીતિએ પોતાનો પ્રવાસ શોખ પૂરો કર્યો. એકલ પ્રવાસ ખેડ્યો. ચિરપ્રવાસી અને વિશ્વપ્રવાસી બની. આ પ્રવાસે એને નવો પરિચય આપ્યો. પોતાની એ ઓળખ અંગે પ્રીતિ કહે છે,

વતન અમદાવાદ, વસવાટ ન્યૂ યૉર્ક અને વ્યવહાર સારી દુનિયા સાથે.

આચાર પોર્વાત્ય, વિચાર આધુનિક અને વર્તમાન વટેમાર્ગુ જેવું.

કર્મે લેખક, ધર્મે મુસાફર! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## આ છે બે બહેનપણી જેવી બહેનો



**રિયા** અને આશના બે ટીનએજ બહેન. રિયા સોળેક વર્ષની તો આશના તેર-ચૌદની. આમ તો બન્નેની જીવનસફર તરુણાવસ્થાએ પહોંચેલી. તેમ છતાં બન્ને વચ્ચે જમીન-આસમાનનો ફરક હતો. રિયા મોટી અને આશના નાની. રિયા સ્વભાવે ખૂબ જવાબદાર અને ભણવામાં પણ હોશિયાર. હંમેશાં પોતાના સ્ટડી પર ફોક્સ રાખી સારા માર્ક્સ લઈ આવવા એ રિયાનું અંતિમ ધ્યેય. એને બધી વાતે ખૂબ ચોક્કસાઈ રાખવી ગમતી. ઓર્ગેનાઇઝ રહેવું, રૂમ ચોખ્ખો રાખવો, બધું જ પોતાની જગ્યાએ વ્યવસ્થિત મુકવું. રિયા એવી વ્યક્તિ હતી કે જેને કોઈપણ કાર્ય પ્લાનિંગ કર્યા પછી કરવું ગમે. એનું પોતાનું એક નિયમિત રૂટિન રહેતું. એ પરફેક્ટ કહી શકાય એ હદે ચોખ્ખાઈ અને પ્લાનિંગને વળગી રહેતી. કોઈ પણ વસ્તુ પોતાની જગ્યાથી સહેજપણ આમ-તેમ હોય કે પ્લાન પ્રમાણે ના ચાલી હોય તો એને અણગમો થઈ ઉઠતાં વાર લાગતી નહીં.

બીજી તરફ આશના તો રિયાથી સાવ ઊંધી. એકદમ બિન્દાસ ગર્લ. ખૂબ ક્રિએટિવ, પણ સાવ રેઢિયાળ ખાતું એનું. એને ચિત્ર દોરવા-ડાન્સ કરવો- બેડમિન્ટન રમવું- સંગીત સાંભળવું -ફિલ્મો જોવી એવું બધું ગમે. ટૂંકમાં ભણવા સિવાયની દરેક ઈત્તર પ્રવૃત્તિઓમાં આશનાબહેન અવ્વલ. દિવસ આખો નિત-નવીન તોફાન કરવા, નાના-મોટા જોક્સ મારતા રહેવા, મજાક-મસ્તી કરતા રહેવી એ આશનાના મનગમતાં કાર્ય. આશના એ પ્રકારની છોકરી હતી, જે વર્તમાનમાં જીવવા માગતી. આગળની ક્ષણોનો એ ક્યારેય વિચાર કરતી નહીં. ભવિષ્યમાં તો એને ક્યારેય ડોકિયું કરવાની આદત જ નહોતી. એનો સ્વભાવ થોડો સ્વચ્છંદી પણ ખરો. કોઈ ચેલેન્જ સ્વીકારવી એને ખૂબ ગમતી. આમ બન્ને બહેન ટીનેજર ખરી, પણ અલગ-અલગ પ્રકારના એકબીજાથી તદ્દન વિરુદ્ધ સ્વભાવોની માલકિન.

જોકે, આટલો બધો વિરોધાભાસ હોવા છતાં એમની વચ્ચેનો સ્નેહ અતૂટ હતો. બન્ને એક જ રૂમ શેર કરતી. ક્યારેક મોડી રાત સુધી જાગે- વાતો કરે- ગોસિપ કરે- હસી-મજાક કરે. રિયા આશનાને એના હોમવર્કમાં મદદ કરે તો આશના સ્કૂલના કલ્ચરલ પ્રોગ્રામ્સ માટે રિયાને તૈયાર કરે. બન્ને બહેનમાં એકબીજાને સમજવાની ખૂબ સારી સમજણ કેળવાયેલી હતી. એમને બરાબર ખ્યાલ રહેતો કે, ક્યારે બીજાને પોતાના સપોર્ટની જરૂર છે અને ક્યારે નહીં. મોટાભાગે ઘર-પરિવારમાં જ્યારે બે બહેન હોય અને એમાં પણ બન્ને ટીનએજર હોય તો મિત્રતા કરતાં એમના વચ્ચે દુશ્મનાવટ વધુ જોવા મળે છે. વળી, જો એમનો તદ્દન વિરુદ્ધ સ્વભાવ હોય ત્યારે એકબીજાનું મોઢું પણ જોવા રાજી હોતા નથી, જ્યારે અહીં રિયા અને આશના બન્ને વચ્ચેનું બોન્ડિંગ ખરેખર જોવા- માણવાલાયક હતું. જોકે, જેમ-જેમ આશના મોટી થતી ગઈ એમ થયું એવું કે રિયાના પરફેક્શનના હંમેશાં શિક્ષકો, સગા-વ્હાલાઓ, મિત્રો એમ દરેક જગ્યાએ થતાં વખાણ હવે એને તકલીફ કરવા લાગ્યા. હમણા સુધી તો જાણે આશનાને એનાથી કોઈ ફેર પડતો નહોતો, પરંતુ એક વખત તરુણાવસ્થાનો તોર એના મગજ પર ચડવાનો શરૂ થયો એટલે પત્યું. આશનાની અંદર રિયાના વખાણ થાય ત્યારે એક પ્રકારનો અણગમો ઉમડવા લાગ્યો. એને સતત એવું લાગતું કે પોતે ક્યાંક ઊણી ઊતરી છે. આશના પોતાનો સ્વભાવ બદલી શકે એમ નહોતી.

એને બદલવો પણ ન હતો અને તોય રિયા જેવું બનવું જરૂર હતું. આ કેવી રીતે શક્ય બને? એટલે હવે આશનાએ દુઃખે પેટને કૂટે માથું જેવો ઘાટ ઘડ્યો. એ ઘરમાં અતડી રહેવા લાગી. રિયાથી તો બને એટલી અળગી રહેવાના એ પ્રયત્નો કરતી. બહેન કરતાં બહેનપણીઓ હવે એના માટે વધારે મહત્ત્વની થવા લાગી. ટીવી જોવાના બહાને મોડેથી રૂમમાં આવી યોગા ક્લાસ માટે એ સવારે વહેલી બહાર જતી રહેતી. રિયા મૂંગા મોઢે આ ખેલ જોયે રાખતી. એવામાં ફેમિલી વેકેશન માટે વિદેશ પ્રવાસનું આયોજન થયું. રિયાએ ત્યાં જઈ રિલેક્સ થવાના, સારાં પુસ્તકો વાંચવાના પ્લાન બનાવ્યા તો આશનાને થયું કે, આહા! રખડવાનો કેવો સરસ મોકો મળશે. બન્ને બહેને પોતપોતાની તૈયારીઓ શરૂ કરી. ખૂબ બધું પેકિંગ કર્યું. ટ્રીપ માટે ખરીદીઓ કરી. આશના તો જ્યારે જુઓ ત્યારે બધા સાથે ટ્રીપની જ વાતો કરતી, પણ સ્વભાવગત છેલ્લા દિવસ સુધી એની એકપણ વસ્તુ ઠેકાણે નહોતી. સતત પેકિંગ- અનપેકિંગ કર્યા કરતી આશના અંતે પોતાનો પાસપોર્ટ જ ભૂલી ગઈ.

એરપોર્ટ પર પહોંચી ત્યાં એને ખ્યાલ આવ્યો કે પોતે કેવડું મોટું બ્લન્ડર કરી બેઠી છે. મમ્મી-પપ્પાને કહેવાથી એ સીધા વરસી પડવાના.... હવે રિયા સિવાય એનો કોઈ આરો નથી. જો રિયા કહી દે કે, પાસપોર્ટ એનાથી ભૂલાય ગયો છે તો એના પેરેન્ટ્સ બહુ હોબાળો નહીં કરે. રિયાની ચોક્કસાઈ પર એટલો તો ભરોસો સહુ કોઈને હતો. 'તારું તો દર વખતનું થયું' કહી એને આશના માફક મોટો ઠપકો નહીં પડે.


અંતે વીલા મોંએ એણે રિયાને પરિસ્થિતિથી વાકેફ કરી. થોડા દિવસ થયે આશનાના તુમાખીભર્યા વર્તનથી રિયા પરેશાન જરૂર રહેતી, પણ એ સમજુ હતી અને આશના પર એને અપાર સ્નેહ પણ ખરો એટલે આશનાની ભૂલ એણે પોતાના શીરે લઈ લીધી. મમ્મી- પપ્પાનો નાનો એવો ઠપકો એણે સહન કરી લીધો. પાસપોર્ટની વ્યવસ્થા કરવામાં થોડી દોડાદોડી અને સ્ટ્રેસ ચોક્કસ થયો, પરંતુ અંતે બધું સાચવાય ગયું. એ દિવસે આશનાને ખ્યાલ આવ્યો કે, રિયા સાથે પોતાની સરખામણી સાચી નહોતી. પોતાનો સ્વભાવ ના બદલવાની જીદ્દ પણ ખોટી હતી. ક્યારેક જીવનમાં કંઇક સારું શીખવા માટે થોડો સ્વભાવ બદલવો ખૂબ જરૂરી હોય છે.

તરુણાવસ્થાની ભરતી-ઓટ વચ્ચે આશનાને આ વાતનો ખ્યાલ આવી ગયો હતો કે, કંઈ પણ થાય, એ બન્ને એકબીજાનો સહારો બની રહેશે, કારણ કે રિયા એની માત્ર બહેન નહોતી- બેસ્ટ ફ્રેન્ડ પણ હતી, જેના પર તમે વિશ્વાસ મૂકી શકો અને જેના પર આંખ મીંચીને ભરોસો કરો તો તમારું ભવિષ્ય સુધરી જાય. ■

ફોકસ પ્લસ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# ‘ઝીરો ફિગર’ના મોહમાં સાચવજો, તમારું આરોગ્ય..


કરિના કપૂર



‘ઝીરો ફિગર’નો મોહ પેલી સ્વર્ગની અપ્સરા મેનકા જેવો છે. ભલભલા ઋષિમુની ચળી જાય. આવું જ ફિલ્મ ‘ટશન’ ફિલ્મમાં કરિના કપૂર ખાનને ‘સાઈઝ ઝીરો’માં જોઈને આજની તરુણી-યુવતીઓમાં પણ કરિના જેવો ‘સાઈઝ ઝીરો’નો ક્રેઝ એટલો વધી ગયો કે દરેકે કરિના જેવી સ્લિમ અને ફિટ બનવા-દેખાવા જાતજાતની રીતો અજમાવવા માંડી પરંતુ, ‘સાઈઝ ઝીરો’ એ તંદુરસ્ત શરીરનું માપ નથી. જરૂરી નથી કે દરેક પાતળા લોકો સ્વસ્થ અને ફિટ હોય. પાતળા થવા માટે વધુ પડતી કસરત કરવી, પરેજી પાળવી અને હેલ્ધિ ડ્રિંક્સ લેવાથી તમે બહારથી આકર્ષક જરૂર બની શકો-દેખાઈ શકો, પરંતુ અંદરથી તમે એટલા જ ખોખલાં - નબળા બની જાવ..

**તમારું વજન કેટલું હોવું જોઈએ?**

વેલ, જે રીતે વધુ પડતી સ્થૂળતા શરીર માટે હાનિકારક છે તેવું જ અતિશય પાતળા હોવું પણ છે. દુબળા હોવા અને પાતળું હોવામાં ફરક છે. શરીર પાતળું હોય ત્યારે આકર્ષણ લાગે, પણ દુર્બળ હોય ત્યારે નહીં.

સ્વસ્થ શારીરિક વજન માટે નિષ્ણાતો દ્વારા ‘બોડી માસ ઈન્ડેક્સ’ (BMI) અર્થાત કે શરીરની ઊંચાઈના પ્રમાણમાં શરીરનું વજન જોવામાં આવે છે. ડોકટરોના મતે, જો તમારું વજન તમારી શરીરની ઊંચાઈ પ્રમાણે ત્રીસ ટકાથી ઓછું હોય તો તમારે તમારા શરીર પર ધ્યાન આપવું જોઈએ, પણ ઝીરો ફિગર પામવાની ઘેલછામાં યુવતીઓ ક્રેશ ડાયટ (અચાનક ખોરાકમાં ઘટાડો) પર ઊતરી જાય છે. ઝીરો ફિગરનું વળગણ ‘એનોરેક્સિયા નર્વોસા’ નામના વિકારને જન્મ આપે છે.

**આ ‘એનોરેક્સિયા નર્વોસા’ એટલે શું?**

ઘણી વખત શરીર એનોરેક્સિયા નર્વોસા એટલે કે મંદાગ્નિ નામની બીમારીથી પીડાય છે. આવી સ્થિતિમાં દર્દીને ભૂખ નથી લાગતી અને એનું શરીર પાતળું થતું જાય છે.

એનોરેક્સિયા નર્વોસા એ ખાવાની વિકૃતિ છે, પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે તે એક મનોવૈજ્ઞાનિક વિકાર છે. જ્યારે વજન વધવાનો ડર એટલો ગંભીર બની જાય છે કે વ્યક્તિ ખુદ પોતાના આહારમાં વધુ પડતો ઘટાડો કરે છે પરિણામે મંદાગ્નિની શરૂઆત થાય છે.

**આનાં શું શું લક્ષણ હોય છે ?**

ભોજન છોડવું, માત્ર ઓછી ચરબીવાળા અને ઓછી કેલરીવાળા સલામત ખોરાકને મહત્ત્વ આપવું, ખૂબ ઓછી માત્રામાં ખોરાક લેવો, દરેકને ભોજન પીરસ્યા પછી જાતે ન ખાવું, દરરોજ તમારું વજન માપવું, સતત તમારી જાતને અરીસામાં જોવી અને વજન અને સ્થૂળતા વિશે ચિંતિત રહેવું, જાહેર સ્થળો અથવા કાર્યક્રમોમાં ખાવાનું ટાળવું, કેલરી ગણતા રહેવી તો ક્યારેક સતત કસરત કરવાનું શરૂ કરી દેવું ......

આવાં બધાં લક્ષણ સૂચવે છે કે તમે એનોરેક્સિયા નર્વોસા જેવા વિકાર તરફ આગળ વધી રહ્યા છો.

**મંદાગ્નિનીની કેવીક હોય છે અસર?**

મંદાગ્નિ એ એક ભયંકર માનસિક વિકાર છે. જો સમયસર સારવાર શરૂ કરવામાં ન આવે તો ખાવાની વિકૃતિઓથી પીડાતા પાંચ થી ૨૦ ટકા લોકો મૃત્યુ પામે છે.

**૧) થાક અને નબળાઈઃ**

આ ડિસઓર્ડરથી પીડિત લોકો એટલો થાક અને નબળાઈ અનુભવે છે કે એ બેહોશ થઈ શકે છે. એમને પૂરતું પોષણ મળતું નથી, જે વિટામિન્સ અને મિનરલ્સની ઊણપ, કુપોષણ અને ઇલેક્ટ્રોલાઇટ અસંતુલન (ડિહાઇડ્રેશન) તરફ દોરી જાય છે. આ થાક અને ડિપ્રેશનનું કારણ બને છે. રક્તકણોની સંખ્યા પણ અસામાન્ય બની જાય છે.

**૨) ઑસ્ટિયોપોરોસિસઃ**

કેલ્શિયમ અને પ્રોટીનની ઊણપ જે હાડકાની ઘનતા ઘટાડે છે. હાડકાં નબળાં થવા લાગે છે. આ અસ્થિભંગ તરફ દોરી જાય છે. આયર્નની ઊણપ એનિમિયાનું કારણ બને છે. એના કારણે થાક, શ્વાસ લેવામાં તકલીફ, ઈન્ફેક્શન અને હૃદયના ધબકારા વધવા જેવી સમસ્યા પણ થાય છે.

**૩) આંશિક લકવો ને કિડનીની નિષ્ફળતાઃ**

પોટેશિયમની ઊણપ અને મગજ અથવા કરોડરજ્જુમાં ચેતા કોષોની અધોગતિ આંશિક લકવાનું કારણ બની શકે છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો આ સમસ્યા ગંભીર બની શકે અને સ્નાયુઓ કાયમ માટે નબળા પડી જાય. વિટામિન્સની ઊણપ, ડિહાઇડ્રેશન, ચેપ અને લો બ્લડ પ્રેશર, કિડની પર ઘાતક અસર કરે છે. ક્યારેક કિડની ફેલ્યોર પણ થઈ શકે છે.

**૪) માસિક બંધ થઇ જવુંઃ**

પર્યાપ્ત પોષણના અભાવને કારણે, અંડાશય યોગ્ય રીતે કામ કરવાનું બંધ કરે છે, જેનાથી સ્ત્રીમાં માસિક ચક્ર બંધ થઈ શકે છે અને વંધ્યત્વ આવી શકે.

આ બધા ઉપરાંત, અન્ય સમસ્યામાં ત્વચા શુષ્ક બને છે, કબજિયાત ચાલુ રહે છે, વાળ ખરતા રહે છે. શરદી અને ઉધરસનો વારંવાર હુમલો થતો રહે છે.

બીજી તરફ, જો ડાયટિંગ કરવું જ હોય તો આ કેટલીક વાતનું ધ્યાન રાખો,જેમકે...

૧) દિવસનું કોઈપણ ભોજન છોડશો નહીં. શરીરને પૂરતું પોષણ મળવું જરૂરી છે.

૨) સમગ્ર દિવસમાં બે મોટા અને ત્રણેક નાના ભોજન લો.

૩) ઓછી ચરબીવાળા અને ઉચ્ચ ફાઈબરવાળો નાસ્તો કરો.

૪) પુષ્કળ પ્રવાહી પીઓ. ઓછામાં ઓછું દોઢથી બે લિટર પીણું પીવાનું રાખો..

૫) યોગ્ય સમયે અને તાજો ખોરાક લો.

૬) વેઈટ મેનેજમેન્ટ દરમિયાન એ વાતનું ધ્યાન રાખો કે આહારમાં પોષક તત્ત્વોની કમી ન હોય.

૭) સવારનો નાસ્તો ચોક્કસ કરો. આમાં વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થોનો સમાવેશ કરો.

૮) આહારમાં લીલા શાકભાજી, ફળો, ડેરી ઉત્પાદનો, આખા અનાજનો સમાવેશ કરો.

૯) પ્રશિક્ષિત ડાયેટિશિયન પાસે ડાયટ ચાર્ટ તૈયાર કરાવવો. આવા ચાર્ટ ઉંમર, વજન, ઊંચાઈ, શરીરના પ્રકાર અને શારીરિક પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને બનાવાય છે તેથી એક ચાર્ટ દરેક વ્યક્તિને લાગુ ન પડે. ■

ફેશન
ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ફોરએવર ફેવરેટ કોટન

કોટન કાપડ એ કપાસના છોડના તંતુઓમાંથી બનાવેલ કુદરતી કાપડનો એક પ્રકાર છે. વીવિંગની વિશાળ શ્રેણીમાં આવતા, તે વિશ્વનું સૌથી લોકપ્રિય ફેબ્રિક છે.કોટનમાં પ્લેન ફેબ્રિક સાથે કોટન ફેબ્રિક પર પ્રિન્ટ પણ એટલી જ પ્રખ્યાત છે. કોટન ફેબ્રિક પહેરવાંમાં ખૂબ જ આરામદાયક લાગે છે અને જેટલું કોટન કાપડ ધોવાતું જાય તેટલું સુંવાળું થાય છે. કોટન ફેબ્રિક પરસેવો એબ્સોર્બ કરી લે છે તેથી કોટન ફેબ્રિકમાં ગરમી પણ નથી લાગતી.
ઘણી સ્ત્રીઓ માત્ર કોટન ફેબ્રિકમાંથી બનાવેલા કપડાં જ પહેરે છે. કોટન ફેબ્રિકમાં અલગ અલગ પ્રિન્ટમાં ઘણા વેરિએશન આવે છે જેમકે, અજરખ, બાટિક, ડાબું , ગામઠી વગેરે. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી તમને મન પસંદ કોઈ પણ ગારમેન્ટ બનાવી શકાય. ચાલો જાણીયે કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી ક્યાં ગારમેન્ટ કઈ રીતે બનાવી શકાય.







બ્લાઉઝ - મોટાભાગે બધી જ સ્ત્રીઓ પાસે કોટન ફેબ્રિકમાંથી બનાવેલા બ્લાઉઝ હોય જ છે. એમ કહી શકાય કે, કોટન ફેબ્રિકમાંથી બનેલા બ્લાઉઝ સ્ત્રીઓમાં ઘણા પ્રખ્યાત છે. જે સ્ત્રીઓને ફેશનની આગવી સૂઝ હોય છે તેઓ કોટન સાડી સાથે મિક્સ એન્ડ મેચ કરી કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ પહેરે છે. જ્યારે કોઈ મહિલાને કૈક અલગ લુક જોઈતો હોય ત્યારે તેઓ કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ પહેરે છે જેમકે, પિન્ક કલરની મહેશ્વરી સાડી પહેરી હોય તો તેની ઈન્ડિગો બ્લુ કલરનું કોટન પ્રિન્ટેડ બ્લાઉઝ સારું લાગી શકે. જો તમારી સાડી પ્લેન હોય તો પ્રિન્ટેડ બ્લાઉઝ પહેરવું અને જો પ્રિન્ટેડ સાડી હોય તો પ્લેન બ્લાઉઝ પહેરવું. પ્રિન્ટેડ બ્લાઉઝમાં ખાસ કરીને તમારા બોડી અનુસાર સ્લીવ્ઝનું વેરિએશન કરવું જેમકે, એલ્બો સ્લીવ્ઝ, થ્રિ ફોર્થ સ્લીવ્ઝ કે પછી ફૂલ સ્લીવ્ઝ. જેથી કરી બ્લાઉઝથી આખા સાડીનો ઉઠાવ આવે.

કોટન બોટમ - કોટન બોટમ એટલે કે, સલવાર, ધોતી, પ્લાઝો, પાયજામા વગેરે. પ્લેન કુર્તા સાથે પ્રિન્ટેડ સલવાર ખૂબ જ શોભે છે. હાલમાં પ્રિન્ટેડ સલવાર, ધોતી, પ્લાઝો વગેરે બધુ જ રેડી મળે છે. તમે તમારી ચોઈસ મુજબ મિક્સ એન્ડ મેચ કરી શકો.અથવા તો માર્કેટમાં જે રેડી પ્રિન્ટેડ ફેબ્રિક મળે છે તેમાંથી તમારી ચોઈસ મુજબ સિવડાવી શકો.કોટન ફેબ્રિકનો ફોલ ફલેક્સિબલ હોય છે એટલે કે, કોટન ફેબ્રિકને જે શેપ અથવા સ્ટાઇલિંગ આપો તે બખૂબી નીખરીને આવે છે. તેથી કોટન ફેબ્રિકમાંથી બનેલા સલવાર, ધોતી, પ્લાઝો ખૂબ જ સુંદર લાગે છે. કોટન ફેબ્રિક શરીરને ચોંટતું નથી તેથી કોટન પ્લાઝો કે ધોતી સાથે શોર્ટ ટોપ્સ પહેરી એક સ્ટાઈલિશ લુક આપી શકાય.



દુપટ્ટા/જેકેટ - મોટા ભાગની મહિલાઓ પાસે પ્રિન્ટેડ દુપટ્ટા હોય જ છે. પ્રિન્ટેડ દુપટ્ટા તમારા ડ્રેસને અને ઓવરઓલ લુકને નિખાર આપે છે. કોટન પ્રિન્ટેડ દુપટ્ટા ઓપન રાખીને પહેરીએ ત્યારે તેનો ઉઠાવ વધારે સારો આવે છે. જેમકે, જો તમે પ્લેન બ્લેક કલરનો ડ્રેસ પહેર્યો હોય તો તેની સાથે મરૂન અને બેજ કલરનો કલમકારી દુપટ્ટો સારો લાગશે. અથવા તો વારલી પ્રિન્ટનો દુપટ્ટો પ્લીટ વાળી ડ્રેપ કરી શકાય. જો તમને દુપટ્ટા ન પહેરવા હોય તો તમે કોટન ફેબ્રિકમાંથી બનાવેલા જેકેટ પહેરી શકો. જેકેટમાં પણ ઘણા વેરિએશન આવે છે.કયા આઉટફિટ સાથે જેકેટ મિક્સ એન્ડ મેચ કરવું છે તે પ્રમાણે જેકેટનું સ્ટાઇલિંગ કરવું પડે. જેમકે, જો તમને ઇન્ડિયન ડ્રેસ સાથે જેકેટ પહેરવું હોય તો શ્રગ સ્ટાઇલ પહેરી શકો અથવા ચાઇનીસ કોલરવાળું સ્લીવલેસ જેકેટ પહેરી શકાય. જેકેટમાં જેટલી ડેલિકેટ ડિઝાઇન હશે તેટલું સુંદર લાગશે.તમારા બોડી ટાઈપ અને હાઈટ મુજબ જેકેટની પ્રિન્ટ પસંદ કરી શકાય. પ્રિન્ટેડ જેકેટ ઇન્ડિયન પ્લેન ડ્રેસ સાથે તો સારા લાગે જ છે પરંતુ પ્રિન્ટેડ જેકેટ ડેનિમ સાથે પણ મિક્સ એન્ડ મેચ કરી શકાય.

એક્સેસરીઝ - એક્સેસરીઝમાં પણ કોટન પ્રિન્ટેડ ફેબ્રિકનું ચલણ વધી ગયું છે. ખાસ કરીને ટોટ બેગ અને સલીંગ બેગમાં. ટોટ બેગમાં કોટન પ્રિન્ટેડ ફેબ્રિકનો વપરાશ થાય છે. કોટન ફેબ્રિક સાથે લેધરનો ઉપયોગ થાય છે જેને લીધે સ્ટાઇલાઇઝડ લુક આવે છે. તમારી ઓવરઓલ પર્સનાલિટી મુજબ કોટન પ્રિન્ટેડ બેગની પસંદગી કરી શકો. હેર ક્લિપ્સ, ચપ્પલ્સ, મોજડી, બેલ્ટ વગેરેમાં પણ કોટન પ્રિન્ટેડ ફેબ્રિકનો ઉપયોગ થાય છે. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકનો જે અક્સેસરીઝમાં વપરાશ થયો હોય તે વાપરવાથી એક રૂટિન લુક કરતાં અલગ લુક આવે છે. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# છૂટાછેડા લેવા છે. પણ કેમ?



‘પ્લીઝ મીના, પણ મેં એવું તે શું કર્યું છે કે તારે મારી સાથે છૂટાછેડા લેવા છે. તું ઘર છોડીને જાય તો મારે તો બાવો બનીને હિમાલય પર જવું પડે અથવા તો તરત જ બીજા લગ્ન જ કરી લેવા પડે. આ આપણાં બે છોકરાં બિચારાં મા વગર નમાયા બની જાય. મારાં મા-બાપની સેવા, દવા-દારૂ પણ કોણ સમય પર કરે? ચાર ટાઇમનું ખાવાનું કોણ બનાવે? બાપ રે બાપ! તારા વગર તો અમે બધાં નિરાધાર, લાચાર અને પાંગળાં જ બની જઈએ!’ ‘જોયું? જોયું સાસુમા? તમારા દીકરાને મારા જવા પછી ઘરમાં બધાંને સમયસર ખાવાની, દવા-દારૂ વગેરેની અગવડ પડશે એની ફિકર છે. જે મનમાં હતું તે કેવું બહાર આવી ગયું! મને માત્ર ઘર સાચવવાવાળી, કામવાળી અને એક રાંધવાવાળી જ હજી પણ સમજે છે. એથી વધારે તો, હું હજી છૂટાછેડાની વાત કરું છું, ત્યાં તો બીજા લગ્નની શહેનાઈ વગાડવા પણ તૈયાર થઈ ગયા છે! સાસુમા, તમે અને પપ્પા, બંને બાળકો માટે તેમજ તમારા કોડીલા વરરાજા માટે નવા સૂટ-બૂટ, સાડી, ઘરેણાં ખરીદવાનું શરૂ કરી દેજો. તમે તમારા દીકરાનાં વખાણ કરતાં થાકતાં નહોતાં. રોજ કહેતાં હતાં કે કેટલાં પુણ્ય કર્યાં હશે એટલે તને પતિ તરીકે મારો રામ જેવો દીકરો મળ્યો! મને લાગે છે કે સાસુમા, તમે આખે આખું રામાયણ વાંચ્યું નથી. તમે એક કામ કરો. તમે અને તમારો દીકરો, ફરીથી આખું રામાયણ વાંચો.’

‘મીના, બા સાચું જ કહે છે કે એનો દીકરો ખરેખર રામના સિદ્ધાંત પર ચાલનારો છે. આ તો તને કોઈકે ચડાવી લાગે છે. મીનુ, લગ્ન વખતે તું જ કહેતી હતી કે જનમોજનમ હું તમારી બનીને રહીશ. તમારાં ચરણોની દાસી બનીને રહીશ.’

‘જુઓ, જુઓ, સાસુમા. ફરી એમના મનનું કપટ તક મળતાં જ બહાર આવી ગયું.’

‘મીના વહુ, મારા લાલુએ તને એવું કશું જ કહ્યું નથી કે જેનાથી તું પુરવાર કરી શકે કે એ રાવણ જેવો કપટી છે!’

‘સાસુમા, તમારા લાલુએ હમણાં જે કહ્યું, તે મેં મોબાઇલમાં રેકોર્ડ કર્યું છે. સાંભળો મોબાઇલ ઉપર જ‘મીનુ, લગ્ન વખતે તું જ કહેતી હતી કે જનમોજનમ હું તમારી બનીને રહીશ. તમારાં ચરણોની દાસી બનીને રહીશ.’

‘સાસુમા, આ વાક્યમાં ’તમારાં ચરણોની દાસી બનીને રહીશ.’ આ વાક્ય હું બોલી નથી. ઊલટાનું એમણે પ્રપોઝ કરતી વખતે કહ્યું હતું કે ‘હે પ્રિયે, હું તને મારા જીવથી પણ વધારે પ્રેમ કરીશ. તારે ખાતર આખી દુનિયાને છોડીને પણ હું તને જ મારા જીવનમાં પ્રથમ સ્થાન આપીશ. ભવોભવ તારાં ચરણનો દાસ બનીને રહીશ અને તને રાણી બનાવીને હીંચકે ઝુલાવીશ... બસ, તું મને એક વાર મારી સાથે લગ્ન કરવાની હા કહી દે અને આ પ્રેમના પ્રતીક સમી હીરાની વીંટી સ્વીકારી લે.’ હવે તમે જ કહો, આ રાવણ સમો તમારો લાલુ, છતી મંદોદરીએ બીજીને તરત જ ઘરમાં લાવવા તત્પર છે... નમાયાં છોકરાં માટે નવી મા અને તમારા માટે નવી વહુ!’

‘એ બધી વાત બાજુ પર મૂક, વહુ. ને લાલિયા, તેં આટલી મોટી હીરાની વીંટી પ્રપોઝ કરીને આપી અને પાછી લગ્નમાં પણ મોટી, હીરાની ત્રણ લાખની વીંટી લેવડાવી અને તે પણ મારાં ઘરેણાં વેંચાવીને.’

‘સાસુમા, હવે શાંત પડો અને આ રાવણે આપેલી આ બંને હીરાની વીંટી લ્યો અને ભંગારવાળાને અથવા કામવાળીને દિવાળીની ભેટ તરીકે આપી દેજો, કારણ કે આ વીંટી સાવ ખોટી છે. એ તો આ તમારી સીતા સમી વહુએ, તમારા રાવણની ઇજ્જત બચાવવા અને મારા સામું નીચાજોણું ના થાય એટલે ક્યારેય એમને કે તમને કહ્યું નથી કે આ વીંટીઓ ખોટી છે.’ ‘તો પણ મારો લાલિયો ઘણો સારો છે. બિચારો દિવસ રાત કમ્પ્યુટર પર બેસીને ઇમ્પોર્ટ-એક્સપોર્ટનો ધીકતો ધંધો કરે છે. કેટલો થાકી જાય છે! પણ ક્યારેય ફરિયાદ સુદ્ધાં નહીં કે નથી કોઈ કચકચ. જ્યારે તું સ્કૂલમાં દસ થી છ જઈને, છોકરાં ભણાવીને ફરતી ફરતી આવે અને બે વાર રાંધે. બીજું તારે શું કરવાનું?’ ‘આ લાલિયો... બિચારો... કરી કરીને તમે પાંગળો કરી દીધો છે તમારા એકના એક લાલુને. અને નથી જાણતા તો જાણો. એ કમ્પ્યુટર ઉપર કોઈ બિઝનેસ કરતા નથી. ખાલી દેશ-પરદેશની સુંદર પરીઓનાં સવાર સાંજ દર્શન કરે છે, દોસ્તી કરે છે. આ ઘર તો મારા પગાર અને મારા બાપાએ મૂકેલ થાપણનાં વ્યાજમાંથી હું કરકસર કરીને જેમ તેમ ચલાવું છું. પણ હવે બસ... હું પણ જોઉં કે મારા ગયાં પછી તમારા લાલુની સીતા ઘર કેવું ચલાવે છે! છોકરાં કેમના રાખે છે, ભણાવે છે અને આ એક્સપોર્ટ-ઇમ્પોર્ટ કરનાર બિઝનેસમેનને કેવી રીતે સાચવે છે! ચાર વખતનું ખાવાનું મોબાઇલ ઉપરથી પસંદ કરીને એની રેસીપી મને મોકલે છે. રોજ નવી નવી વાનગી અને મિષ્ટાન્ન! હવે જોજો, નવી આવેલી કેવો મેથીપાક આપે છે તે...’ ‘લાલુ, શું આ બધું સાચું છે? તું કાંઈ કરતો નથી? સાવ જૂઠાણું ચલાવે છે?’ લાલુ હોય તો જવાબ આપે ને! એ ભાઈ તો પાછલે બારણેથી નદારદ થઈ ગયા હતા. એટલામાં સાસુમા અંદરથી પોતાનાં કપડાંનો થેલો લઈ બહાર આવ્યાં... ‘ચાલ વહુ, હું પણ તારા સસરાને છૂટાછેડા આપવાની. એણે હો આખી જિંદગી નર્યું જૂઠાણું જ ચલાવ્યું છે...! મારા પગાર પર જ બેઠાં બેઠાં ચાર વાર ખાધું છે. બેવ બાપદીકરાને સાથે જ પાઠ ભણાવીએ... રાવણનો દીકરો રાવણ જ નીકળ્યો! હું જ એમને ઓળખવામાં કાચી પડી. હેંડ, જાગ્યા ત્યાંથી સવાર!’ ■

પ્રકરણઃ ૨૦

# ચહેરા મોહરા



## આજે તમે બધા અહીં કેદીના સ્વરૂપમાં બંદીવાન છો. મનુષ્યના શરીરમાં તેનો આત્મા પણ બંદીવાન જ હોય છે. પૃથ્વી પર જેલ જેવી પવિત્ર જગ્યા એક પણ નથી...

પ્રફુલ્લ કાનાબાર



આ અજાણ્યો પડછંદ માણસ તેના પર હુમલો તો નહીં કરે ને ?

સોહમે ખીસ્સામાંથી હાથરૂમાલ બહાર કાઢીને કપાળ પર વળી ગયેલો પરસેવો લૂછ્યો. મનનો ગભરાટ છુપાવીને પ્રભાસ સાથે વાતચીત કરવાના ઈરાદાથી જ કહ્યુંઃ ‘પ્રભાસભાઈ, મારી ટિકિટ તો વાપીની હતી પણ નવસારી આવ્યા બાદ નંદગીરી મહારાજે ફોનમાં સૂચના આપી કે મારે વલસાડ ઊતરી જવાનું છે.’

‘અચ્છા?’ પ્રભાસે ખુલ્લા રસ્તા પરથી નજર હટાવ્યા સિવાય જ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

સોહમને નવાઈ લાગી કે આ માણસને એ વાતની ખબર ન હોય તેવું કઈ રીતે બની શકે ? એ મનમાં જ વિચારી રહ્યો..બની શકે કે પ્રભાસ તેને સોંપેલું કામ કરવા વાળો માત્ર ડ્રાઈવર જ હોય. તદ્દન નિર્જન રસ્તા પર વીસેક મિનિટની સફર બાદ એક આશ્રમના મોટા ઝાંપાની અંદર ટાટા સુમો પ્રવેશી. સોહમે ઝાંપા પર મોટા અક્ષરે લખેલું બોર્ડ વાંચ્યું : ‘તુલસી આશ્રમ’.... બાજુમાં એક ભગવાધારી સાધુનું મોટું પોસ્ટર હતું. સોહમ ચમક્યો. અરે આ તો તુલસીરામ બાપુનો ફોટો છે!

હવે ટાટા સુમો તુલસી આશ્રમના વિશાળ મેદાનમાં ધીમી ગતિએ જઈ રહી હતી. મુખ્ય દરવાજાની બહાર તુલસીરામ બાપુનો ફોટો જોઇને સોહમને ખાતરી થઇ ગઈ હતી કે આ એ જ તુલસીરામ બાપુનો આશ્રમ છે, જે એકાદ મહિના પહેલાં જ જેલમાં પ્રવચન માટે આવ્યા હતા.

છેલ્લા ત્રણેક વર્ષથી સરકારના આદેશ મુજબ જેલમાં કેદી સુધારણા અભિયાન ચાલી રહ્યું હતું. એ અંતર્ગત જેલમાં વર્ષમાં એકાદ બે નાના મોટા કાર્યક્રમો થતા રહેતાં. જેલર ગોહિલ સાહેબ પણ એ બાબતે ઉત્સાહી હતા. એના ભાગ રૂપે જ મહિના પહેલાં તુલસીરામ બાપુનું પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. જોકે ત્યારે સોહમને એ વાતનો ખ્યાલ નહોતો કે બાપુનો આશ્રમ વલસાડ મુંબઈ હાઈ- વે પાસે આવા કોઈ સુમસામ રસ્તે આવેલો છે.

ગાડી આશ્રમના મેદાનમાં પાર્ક કરીને પ્રભાસ નીચે ઊતર્યો. સોહમ પણ દરવાજો ખોલીને નીચે ઊતરવા ગયો પણ પ્રભાસે ઈશારા વડે જ તેને ત્યાં જ બેસી રહેવા જણાવ્યું. પ્રભાસ દરવાજો જોરથી બંધ કરીને ઝડપથી આશ્રમના મકાન તરફ ગયો.સોહમ તેની સીટ પર જ બેસી રહ્યો અને પ્રભાસ પરત આવે તેની રાહ જોવા લાગ્યો.

સોહમની નજર સમક્ષ મહિના પહેલાંનો એ દિવસ તરવરી રહ્યો.. જેલના પ્રાંગણમાં બેઠેલા સો જેટલા કેદીઓ તુલસીરામ બાપુની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.આખરે ગોહિલ સાહેબ સાથે એ પધાર્યા ત્યારે તમામ કેદીઓએ ઊભા થઇને તેમને માન આપ્યું હતું.

લગભગ પોણા છ ફૂટ હાઈટ, સપ્રમાણ બાંધો, ગૌર વર્ણ, સફેદ દાઢી તથા કેસરી વસ્ત્રો પર ઓઢેલી સફેદ શાલ વાળા તુલસીરામ બાપુનું વ્યક્તિત્વ કોઈ પણ વ્યક્તિને પ્રભાવિત કરવા માટે સક્ષમ હતું.

તે દિવસે મંચ પરથી ગોહિલ સાહેબે કહ્યું હતું :

‘ગુનેગારો બે પ્રકારના હોય છે એક તો એ કે જે આવેશમાં ગુનો આચરીને જેલમાં આવ્યા છે. આવા કેદીઓ હંમેશાં સમય અને સંજોગોના શિકાર હોય છે. તેમને કાયદો હાથમાં લેવાનો શોખ નથી હોતો પણ અજાણતા જ કાયદો હાથમાં લઇ બેઠા હોય છે. આવા કેદીઓ માટે પ્રાયશ્ચિત્ત કરવા માટેનું ઉત્તમ સ્થળ એટલે જેલ. જ્યારે બીજા પ્રકારના ગુનેગારોનો તો જન્મ જ ક્રાઈમની દુનિયામાં થયો હોય છે. તેમનાં માતા પિતા ચોરી, ફ્રોડ અને અનેક ગુનાઓ કરીને જ પૈસા ઘરમાં લાવતા હોય છે. તેમના પરિવારમાં જેલમાં જવાનું તદ્દન સામાન્ય બાબત ગણાય છે. આવા ગુનેગારોનું બાળપણ જ ક્રાઈમની દુનિયામાં વીત્યું હોય છે. સ્વાભાવિક રીતે જ આવા કેદીઓ જેલમાંથી છૂટ્યા બાદ પણ સુધરશે જ તેની કોઈ ગેરન્ટી હોતી નથી. કેટલીક વાર તો આવા કેદીઓ જેલમાંથી બહાર નીકળ્યા બાદ વધારે રીઢા ગુનેગાર બનીને સમાજને નુકસાન પહોંચાડતા હોય છે.....’

સૌ કોઈ ધ્યાનપૂર્વક ગોહિલ સાહેબને સાંભળી રહ્યા હતા. આ બીજા પ્રકારના કેદીઓને સુધારવા માટે જ સરકારનો કેદી સુધારણા કાર્યક્રમ ચાલે છે. સોહમ ત્યારે મનમાં જ મલક્યો હતો , કારણકે એ પહેલા પ્રકારના ગુનેગારમાં આવતો હતો. હા..સોહમ રીઢો ગુનેગાર તો હરગીઝ નહોતો જ. તેનાથી થયેલ ખૂન પણ આવેશનું જ પરિણામ હતું ને ? કદાચ એ કારણસર જ એ ગોહિલ સાહેબની સહાનુભૂતિ મેળવી શક્યો હતો !

સોહમને આજે પણ એ દિવસનું તુલસીરામ બાપુનું પ્રવચન અક્ષરશઃ યાદ હતું. બાપુએ ત્યારે કહ્યું હતું :

‘આજે તમે બધા અહીં કેદીના સ્વરૂપમાં બંદીવાન છો.મનુષ્યના શરીરમાં તેનો આત્મા પણ બંદીવાન જ હોય છે.પૃથ્વી પર જેલ જેવી પવિત્ર જગ્યા એક પણ નથી. ખુદ કૃષ્ણ ભગવાને પણ દેવકી અને વાસુદેવના કારાવાસ દરમ્યાન જેલમાં જ જન્મ લીધો હતો. ભગવાન જેવા ભગવાન પણ જો માનવ અવતાર ધારણ કરવા માટે જેલને પસંદ કરતા હોય તો તે જગ્યાને ખરાબ કઈ રીતે કહી શકાય ? જેલ એવી જગ્યા છે જે માણસને કરેલા કર્મનું પ્રાયશ્ચિત કરવાનો મોકો આપે છે.સુધરવાની તક આપે છે.

કાર્યક્રમ પૂરો થયા બાદ સોહમને ગોહિલ સાહેબની કેબિનમાં બોલાવવામાં આવ્યો હતો. સોહમને ત્યારે ભારે અચરજ થયું હતું. સો જેટલા કેદીઓમાંથી માત્ર તેને જ શા માટે તુલસીરામ બાપુ સમક્ષ બોલાવવામાં આવ્યો હતો? સોહમ કેબિનની અંદર પ્રવેશ્યો ત્યારે ગોહિલ સાહેબ બોલી ઉઠ્યા હતા..

‘સોહમ, બાપુએ તારા વિષે પૂછપરછ કરી એટલે મને વિચાર આવ્યો કે તને બોલાવી જ લઉં.’

સોહમના નિસ્તેજ ચહેરા પર વિસ્મયની રેખાઓ અંકાઈ હતી. તેની આંખોમાં આશ્ચર્ય શમવાનું નામ લેતું નહોતું. બાપુએ મંદ મંદ સ્મિત સાથે સોહમની આંખમાં જોયું હતું. સોહમે નજર નીચે ઢાળી દીધી હતી. ગોહિલ સાહેબે બાપુને માહિતી આપતા કહ્યું હતુંઃ ‘બાપુ, મેં મારી સમગ્ર કરિયરમાં આટલો શાંત અને નિરુપદ્રવી કેદી જોયો નથી. આમ તો એક વર્ષ બાદ તેની જન્મટીપની સજા પૂરી થાય છે, પણ તેની સારી ચાલ ચલગતનો લાભ આપીને તેને એક વર્ષ વહેલો છોડી મૂકવા માટે મેં સરકારને ભલામણ કરતો પત્ર લખ્યો છે. જો સરકાર મારી ભલામણ માન્ય રાખીને હુકમ કરશે તો આવતા મહિને જ તેનો જેલમાંથી છુટકારો થશે.

હરિઓમ બોલીને બાપુ થોડી વાર માટે અટક્યા હતા. નીચી નજરે ઊભેલા સોહમે બાપુની સામે જોયું હતું. ગોહિલ સાહેબ પણ બાપુ આગળ શું કહેશે તે સાંભળવા માટે આતુર થઇને બાપુને તાકી રહ્યા હતા.

‘જેલર સાહેબ, તેનો છુટકારો અવશ્ય આવતે મહિને જ થશે. બાપુએ જમણો હાથ સોહમને આશીર્વાદ આપતા હોય તેવી મુદ્રામાં રાખીને કહ્યું હતું.

જોગાનુજોગ બાપુની વાણી ફળી હતી. સોહમનો મહિનામાં જ જેલમાંથી છુટકારો થયો હતો. જેલમાંથી બહાર નીકળ્યા બાદ સોહમ પાસે બે વિકલ્પ હતા.એક વિકલ્પ ઘરે જવાનો હતો જ્યાં તેના બાળપણ-યુવાનીની યાદોના વેરવિખેર થયેલા ટુકડા પડ્યા હતા... પણ મા નહોતી.

બીજો રસ્તો એવો હતો જ્યાં તેની નવી ઓળખ બની શકે તેમ હતી.. માત્ર એટલું જ નહિ પણ અંકુશના કહેવા પ્રમાણે ધનવાન બનવાની શક્યતા પણ હતી. સોહમ જન્મ્યો ત્યારથી તેણે ગરીબી સિવાય કાંઈ જોયું જ નહોતું. સતત અભાવમાં જીવાઈ ગયેલી એ જિંદગી સ્વભાવિક રીતે જ ધનવૈભવની ઉછળી ઉછળીને માગણી કરી રહી હતી. તેના માટે જૂઠનો સહારો લેવો પડે તો પણ સોહમને વાંધો નહોતો.

આખરે સોહમે આ બીજો રસ્તો પકડી લીધો હતો જેમાં કેટલું જોખમ છે એ વાતનો સોહમે ખાસ વિચાર કર્યો નહોતો હા.. એ ખૂન ખરાબીમાં પડવા નહોતો માગતો. સોહમને ધન ઉપરાંત ખુદની નવી ઓળખ ઊભી કરવાની પણ લાલચ હતી.

સોહમ હજૂ અતીતમાં જ ખોવાયેલો હતો ત્યાં જ ટાટા સુમોના છાપરા પર મોટો ધડાકો થયો. સોહમ ગભરાઈને અનાયાસે જ વર્તમાનમાં આવી ગયો....

(ક્રમશઃ)■



---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| रांग | દેવાલય |
| रांजण | કતાર |
| राऊत | ક્રોધી |
| राऊळ | ઘોડેસવાર |
| रागीत | કુંડી |

### ઓળખાણ પડી?




દુનિયાના અનેક દેશમાં હવાઈ ઉડ્ડયન માટે નિજી એરલાઈન્સ હોય છે. કેએમએલ એરલાઈન્સ કયા દેશની છે એની ઓળખાણ પડી?

અ) રશિયા બ) કોરિયા ક) જર્મની ડ) નેધરલેન્ડ્સ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ૨ સો | ૩ ઈ | ચો | | ૪ અ | ણ | ૫ સા | ૬ ર | |
| ૭ તુ | ળ | જા | | ૮ અ | | | ૯ હ | જા | ૧૦ મ |
| મ | | જ | | ૧૧ ઠ | સો | ૧૨ ઠ | સ | | હા |
| ડી | | ૧૩ ત | ર | વા | | ગા | | ૧૪ શ | મા |
| | ૧૫ અ | | | ૧૬ ડિ | જા | ઈ | ૧૭ ન | | રી |
| ૧૮ પ્રા | સ | | ૧૯ વા | યું | | | ૨૦ ર | ૨૧ સી | |
| ૨૨ મા | ર | ૨૩ ફ | ત | | ૨૪ ક | | ૨૫ મ | ર | ૨૬ મ |
| ણિ | | ળ | | ૨૭ આ | સ | ન | | ૨૮ પ | ત |
| ૨૯ ક | ૩૦ સ | | ૩૧ વ | ઘા | ર | | ૩૨ શા | | વા |
| | ૩૩ ઈ | બા | દ | ત | | ૩૪ મ | ખ | મ | લી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | | | | | |
| | | ૧૦ | | | ૧૧ | | | | |
| | | | | ૧૨ | | | | | ૧૩ |
| | ૧૪ | | | ૧૫ | | | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | | ૨૦ | | | |
| | | ૨૧ | | | ૨૨ | | | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | ૨૬ | | | ૨૭ | | |
| | | ૨૮ | | | | ૨૯ | | | |
| ૩૦ | | | | ૩૧ | | | | | |

**આડી ચાવી**

૧. ધ્યાનથી જોવું તે (૪)
૪. હુમલો કરનાર (૫)
૮. ક્રીડા (૩)
૯. સામાન્ય માણસ (૪)
૧૦. કાયદાનો --- કરવો ગુનો છે (૨)
૧૧. રીંગણાંમાં --- હોય (૪)
૧૪. સાહેબ (૨)
૧૫. થોડું (૨)
૧૬. આક્ષેપ (૩)
૧૮. હંમેશાં (૨)
૧૯. ઈર્ષ્યા, દ્વેષ (૨)
૨૦. આવેશ (૩)
૨૧. સ્ત્રી, માદા (૨)
૨૨. વજન, બોજ (૨)
૨૪. જલસો, આનંદ (૨)
૨૫. નદીનાં --- બદલાય (૩)
૨૮. દુનિયામાં --- જેવું ઘણું છે (૩)
૨૯. વિષાદ, ગમગીની (૪)
૩૦. પ્રશંસા (૩)
૩૧. હાથ લગાડો તો શરમાઈ જાય (૪)

**ઊભી ચાવી**

૧. અભણ (૪)
૨. કાગળના જથ્થાનું માપ (૨)
૩. ક્ષણિક, નાશવંત (૫)
૪. આક્રમણ, ધસારો, છાપો (૩)
૫. ધર્મ (૪)
૬. શરમ (૩)
૭. આજનું છાપું કાલની --- છે. (૨)
૧૨. --- રાખવી એટલે ધ્યાન રાખવું (૩)
૧૩. પાણી ટપકે (૨)
૧૪. સાચું, હકીકત (૨)
૧૬. સરકારો તો --- ને જાય, જનતા કાયમ છે (૨)
૧૭. બીમારી (૨)
૧૮. ફળની આશા ના રાખવાનો ભાવ (૫)
૧૯. ખારવાની પત્ની (૪)
૨૦. ધાર (૨)
૨૨. સૂર્ય (૨)
૨૩. લાગણી, અનુભૂતિ (૪)
૨૬. ખબર, માહિતી (૩)
૨૭. કસોટી (૩)
૨૮. --- કરવી એટલે જણાવવું (૨)
૨૯. અમે, અમારા (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ ભાઈના સસરાની એકમાત્ર દીકરીના એકમાત્ર જેઠની પત્નીની એકમાત્ર દીકરી ભાઈને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજી બ) માસી ક) ભાણેજ ડ) સાળી

### જાણવા જેવું

સૂકો ખોરાક મોંમાં નાખી ચાવતાં લાળથી ભીંજાઈ નરમ થાય છે અને પચે છે. લાળ એ એક પાચકરસ છે. આપણે સ્ટાર્ચવાળો ખોરાક ખાઈએ ત્યારે લાળ તેની સાથે ભળે છે અને તે સ્ટાર્ચવાળા પદાર્થનું ખાંડમાં રૂપાંતર કરી નાખે છે તેથી જ રોટલા કે રોટલીને આપણે જેમ વધુ ચાવીએ તેમ વધુ મીઠાં લાગે છે.

### સુડોકુ-૭૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | | | | ૯ | |
| | | ૯ | ૪ | | ૩ | ૧ | | |
| ૪ | ૫ | | ૧ | | ૯ | | ૭ | ૬ |
| | ૨ | ૭ | ૯ | | ૮ | ૬ | ૧ | |
| | | | | | | | | |
| | ૮ | ૪ | ૨ | | ૬ | ૯ | ૩ | |
| ૨ | ૬ | | ૭ | | ૧ | | ૪ | ૯ |
| | | ૮ | ૫ | | ૨ | ૩ | | |
| | ૩ | | | | | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૮ | ૪ | ૬ | ૭ | ૩ | ૧ | ૫ | ૯ | ૨ |
| ૧ | ૭ | ૨ | ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૩ |
| ૬ | ૫ | ૭ | ૯ | ૪ | ૮ | ૩ | ૨ | ૧ |
| ૩ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૭ | ૮ |
| ૪ | ૨ | ૮ | ૩ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૯ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૬ | ૯ | ૭ | ૩ | ૪ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક નાનકડું માપ સંતાઈ બેઠું છે એ શોધી કાઢો

ઉપર ગગન અને નીચે ધરતી એ અનોખી દુનિયા.

### નોંધી રાખો

કોઈ એક પળ દિવસને બદલી નાખે છે, દિવસ જીવનની દિશા બદલી નાખે અને કોઈ જીવન જગતમાં ક્રાંતિ લાવી શકે છે.

### માઈન્ડ ગેમ

માનવ શરીરની ડાયાબિટીસની બીમારીની સારવાર કરનાર ડૉક્ટર કયા નામથી ઓળખાય છે એ કહી શકશો?

અ) એન્ડોક્રિનોલોજિસ્ટ બ) ઓન્કોલોજિસ્ટ ક) ડર્મેટોલોજિસ્ટ ડ) ન્યુરોલોજિસ્ટ

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| मुंगी | કીડી |
| मुंज | જનોઈ |
| मुंडी | માથું |
| मुका | મૂંગો |
| मुभा | સંમતિ |

ઓળખાણ પડી? સારસ

માઈન્ડ ગેમ કાર્ડિયોલોજિસ્ટ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો વાઈ

ગુજરાત મોરી મોરી રે બનેવી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) નિતીન બજરિયા (૯) ભારતી બુચ (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) સુભાષ મોમાયા (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) નુતન વિપીન (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) મીનળ કાપડિયા (૨૩) રમેશ દલાલ (૨૪) હિના દલાલ (૨૫) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અશોક સંઘવી (૨૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૦) કલ્પના આશર (૩૧) અરવિંદ કામદાર (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) નીતા દેસાઈ (૩૪) વિણા સંપટ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ભાવના કર્વે (૩૮) જગદીશ ઠક્કર (૩૯) અંજુ ટોલિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી

# પુરુષ

## છે એટલી કરેજ કે મરજી મુજબ જીવવા લડી શકો?



મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

હિન્દીના લેખક મન્નુ ભંડારીનું એક ક્વોટ પહેલીવાર મારા વાંચવામાં આવેલું ત્યારથી મારા મનમાં ખલેલ હતી. વાક્ય હતું,:

'વ્યક્તિ મેં ઈતની તાકત હંમેશાં હોની ચાહીએ કી અપને દુઃખ, અપને સંઘર્ષો સે અકેલે ઝૂઝ શકે.'

પહેલીવાર વાંચેલું ત્યારે આ વાક્યના અર્થો મારી અંદર ઉઘડ્યા નહોતા, પરંતુ એક વાત નક્કી હતી કે વાક્યનો મારા ચિત્ત પર પ્રભાવ બહુ પડે લોકે 'વ્યક્તિમાં એટલી તાકાત તો હોવી જ જોઈએ કે પોતાનાં દુઃખો, પોતાના સંઘર્ષો સામે એ એકલો ઝઝૂમી શકે'

આ કોઈ સાદી વાત નથી. એમાં ગહનતા તો છે જ, પરંતુ એનો ચોક્કસ અર્થ શું થતો હશે?

સમયે સમયે આ વાક્ય મારા મનમાં ઘૂંટાતું રહેતું હતું, વળી, મનમાં એ ક્લેરિટી પણ હતી જ કે આ કોઈ ફિલ્મી ડાયલોગ નથી કે એને જીવનની એવી જ ફિલ્મી સિચ્યુએશનમાં વાપરી શકાય કે કોઈ માણસ પોતાના જ ઉબાડિયાથી કે પોતાના સ્વભાવની મર્યાદાને કારણે સર્જાતી સમસ્યાઓમાં કહી દે કે મારામાં એટલી તાકાત તો છે જ કે હું આ બધી ભાંજગડનો એકલા સામનો કરી શકું !

અલ્યા ભાઈ, આ બધી ભાંજગડ તે તારા સ્વભાવની મર્યાદાને કારણે સર્જેલી છે. એમાં વળી ઝઝૂમવાનું શું? અને એને વળી સંઘર્ષ થોડો કહેવાય? એ તો ઉબાડિયા કહેવાય.

-તો પછી મન્નુ ભંડારીની આ વાત જીવનના કયા પડાવ પર કેવા સંજોગમાં કામમાં આવે ?

એક દિવસ અચાનક એક વાત મારા મનમાં ઝબકી કે સામાન્ય માણસ એના જીવનમાં, ખાસ કરીને પરિવારના

ફ્રન્ટ -સમાજના ફ્રન્ટ પર કે કામના ફ્રન્ટ પર અનેક રિસ્ક લેતા ખચકાય છે, કારણ કે એને સતત એવો ભય રહે છે કે એ જો અમુક રિસ્ક લેશે અથવા જો અમુક પોતાનાં ગમતાં કામ કરશે તો ઘણા બધાં ફ્રન્ટ પર તંગદિલી સર્જાશે અથવા અમુક લોકો એને અમુક કામ ક્યારેય નહીં કરવા દે! આ વૃત્તિને કારણે એક સમય એવો આવે છે કે માણસ સામેના માણસની ઈચ્છાના પાંજરામાં હંમેશાંને માટે કેદ થઈ જાય છે.

એક નાનું ઉદાહરણ આપું . ઘણી વાર માણસ માત્ર ને માત્ર ઊહાપોહ થશેના ડરથી કે સમાજમાં કેવું દેખાશેના ડરથી કજોડાં નિભાવી લે છે અથવા લગ્નમાં એના પર થતાં માનસિક કે ઈમોશનલ અત્યાચાર મૂંગા મોઢે વેઠો લે છે. આ કારણે આજીવન એવા માણસો પોતાની મરજી મુજબ જીવી શકતા નથી અને એ ક્ષણેક્ષણે ગૂંગળાતા હોય છે! કેમ ? તો કે જો હું મારા હકનું કે મારી મરજી મુજબનું કહીશ અને સામેનો માણસ ડ્રામા કરશે તો તો કેવું દેખાશે?

માણસની પીછેહઠ કરવાની આ વૃત્તિનો સામેનો માણસ પણ ઘણો ગેરલાભ લેતો હોય છે અને સામેનો માણસ આવી વૃત્તિને કારણે વધુ ને વધુ તાકાતવર બનતો હોય છે, કારણ કે એના હાથમાં સામેના માણસની સાયકોલોજી આવી ગઈ હોય છે !

મને લાગે છે મન્નુ ભંડારીનું આ વાક્ય આવા અનેક સંજોગો વખતે ઝળહળી ઊઠે છે કે ભલે વેઠવું પડે તો વેઠી લેવું, પણ સામેના માણસની મનમાની કે એની ગુલામી નથી ચલાવી લેવી અને પછી જો પીડિત માણસ સામેના માણસની સામે થવાનું કે એને રોકડું પરખાવી દેવાનું વિચારે છે તો એનો ઉદ્ધાર થઈ જાય છે પછી ભલે એ અમુક ત્વરિત રિએક્શન્સ, ભલે થોડી ઘણી કાયદકીય ભાંજગડ વેઠવી પડે કે ભલે સમાજમાં એની ચર્ચા થાય, પરંતુ છ મહિના વરસ દિવસમાં એક વાત જરૂર બનવાની કે એ વ્યક્તિને પોતાની મરજી મુજબ, પોતાને ગમતું અને પોતાની આગવી મુક્તિ સાથેનું જીવન જીવવા મળશે ! અહીં જ મન્નુ ભંડારીનું પેલું વાક્ય સાર્થક થાય છે કે માણસ પાસે પોતાનું સુખ શોધવા માટે અમુક બાબત વેઠી લેવાનું કરેજ હોવું જ જોઈએ, જેથી એને જીવનમાં એ ખટકો ન રહી જાય કે એને પોતાનું જીવન પોતાની મરજી મુજબ જીવવા ન મળ્યું. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

### વૃદ્ધાવસ્થામાં કેવું હોવું જોઈએ દામ્પત્ય જીવન?

ડિયર હની,

બે અહેવાલની વાત કરવી છે અને એમાંથી એક અહેવાલે કવિ ડો.સુરેશ દલાલની બહુ જાણીતી રચના યાદ કરાવી આપી છે. એ છે...

કમાલ કરે છે
એક ડોસી ડોસાને હજી વ્હાલ કરે છે
ડોસો જાગે ત્યારે ચશ્માં આપે
અને બ્રશ ઉપર પેસ્ટને લગાડે,
લોકોનું કહેવું છે કે ડોસીને આમ કરી
ડોસાને શાને બગાડે ?... ઈત્યાદિ.. ઈત્યાદિ

વૃદ્ધાવસ્થામાં દામ્પત્ય જીવન ટકી જાય એ એક ઘટના ગણવી જોઈએ કારણ કે, સમય બદલાય છે એમ ઘણું બધું બદલાય છે. આજે વિશ્વમાં બે ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. એક વૃદ્ધાવસ્થામાં છૂટાછેડાના કેસ વધતા જાય છે. ૬૦ ૭૦ વર્ષે છૂટાછેડા લેવાતા હોય એવા કિસ્સા સાંભળું છું ત્યારે કેટલાક પ્રશ્નો મનમાં ઊઠે છે. પેલી ફિલ્મના હીરોની જેમ મારે ય તને પ્રશ્ન પૂછવો છે : बोलो प्रीत निभाओगी ना, तब भी अपने

हम जब होंगे साठ साल के, और तुम होगी पचपन की,

बचपन की...

શું આવા સવાલ પૂછવા પડે એવી સ્થિતિ આવી ગઈ છે? શું યુવાનીમાં જે દામ્પત્ય જીવનમાં મધુરતા હોય છે એ પાછલી અવસ્થામાં નથી હોતી? આપણે બંને એ અવસ્થામાં પહોંચીશું ત્યારે શું આપણા વચ્ચે પ્રેમ નહિ હોય? આવા સવાલ થાય તો જવાબ મળવા જોઈએ, પણ ખબર તો એવા છે કે, વૃદ્ધો એકબીજા સાથે બચેલું જીવન સરસ રીતે વિતાવે એના બદલે ડાઈવોર્સ લે છે, જેને ગ્રે ડાઈવોર્સ કહેવામાં આવે છે કે પછી કોઈક એને ડાયમંડ ડિવોર્સ પણ કહે છે. એનાં કારણ ઘણાં બધાં છે.

એક તો બંને વચ્ચે કોમ્યુનિકેશન ગેપ વધે છે. પુરુષ નિવૃત્ત થાય છે એટલે આર્થિક સમસ્યાઓ શરૂ થાય છે. બીમારીઓ પણ એમાં ભાગ ભજવે છે.

બીજી બાજુ, બ્રિટન, નેધરલેંડ, અમેરિકા અને કેનેડામાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. ત્યાં વૃદ્ધો એકબીજાથી થોડા અલગ રહે છે. અને એકબીજાને સ્પેસ આપે છે અને એનાથી એકબીજા વચ્ચેનાં સંબંધો વધુ ગાઢ બને છે. સાથે રહે તો નાના નાના ઝગડા થાય છે

અને એમાંથી ક્યારેક વાત વધી પડે છે. ક્યારેક કોઈ મુદ્દે મતભેદો થાય છે અને સબંધમાં પેચ પડે છે. આવું ના થાય એ માટે દંપતી એકબીજાથી થોડા અલગ રહે છે. એ છૂટાછેડા નથી લેતા. પણ આ રીતે જુદા રહેવાથી સબંધોમાં ખટાશ આવી જાય તો? અને જુદાઈ લંબાતી જાય તો શું? આવા પ્રશ્નોના જવાબ મળતા નથી.

એ વાત સાચી કે, દંપતીમાં એકબીજાને પોતાની સ્પેસ મળે એ જરૂરી હોય છે, પણ એ થોડા અલગ રહેવાથી જ મળે એવું કઈ રીતે નક્કી થાય? શું સાથે રહીને એકબીજાને સ્પેસ ના આપી શકાય? સાથે રહીને એકબીજાના મતને સન્માન ના આપી શકાય? હા, ક્યારેક સંતાનોના પ્રશ્નોમાંથી દંપતીમાં કલેશ ઉત્પન્ન થાય છે, પણ તારા ને મારા વચ્ચે એવી કોઈ ક્ષણ નહિ આવે એવો મને વિશ્વાસ છે. તને પણ હશે જ.

અરે, પુરુષ નિવૃત્ત થાય પછી તો પત્નીને વધુ સમય આપી શકે છે. જે પળો જીવનમાં જીવાની ઇચ્છાઓ હતી અને નહોતી જીવાઈ એ જીવવાની તક પાછલી ઉંમરે મળે છે. 'નટસમ્રાટ'માં સિદ્ધાર્થ રાન્દેરિયાનો એક સીન મને યાદ આવે છે. એ પત્નીને 'સરકાર' કહે છે. પોતાનું ઘર અને પૈસા એ સંતાનોમાં વહેંચી દે છે ત્યારે મિત્રની પત્ની પૂછે છે કે,' તમારી પત્ની માટે શું?'

ત્યારે રાંદેરિયા કહે છે, 'આ સવાલ બહુ સરસ કર્યો. સરકાર માટે શું? હવે મારો બધો સમય સરકાર માટે...!'

મને એક ઉદ્યોગપતિ મિત્રની વાત યાદ આવે છે, એમણે કહેલું કે, બિઝનેસની ભાગદોડમાં વચ્ચે એવાં ઘણાં બધાં સ્ટેશન આવતાં હતાં કે જ્યાં થોભવું હતું, થોડું રોકાવું હતું, પણ ના રોકાઈ શક્યો. છોકરાઓને ધંધો સોંપી પેલા છૂટી ગયેલાં સ્થળોએ જવું છે. થોડો સમય વિતાવવો છે. આ કરવું હતું અને તે કરવું હતું ...એવી વાતો થાય છે આપણી વચ્ચે. પણ ક્યારેક સમયના અભાવે એ થઇ શકતું નથી. એ બધું પાછલી અવસ્થામાં કરવું છે.

આ જ વાત દંપતીને લાગુ પડે છે. આ માટે આપણે એકબીજાને વચન આપીએ બાકી છૂટાછેડાનાં હેવાલ કે થોડા અલગ રહી સબંધોમાં વધુ નીજપણું લાવવાની વાત આપણા ગળે ઊતરતી નથી.

આપણે તો વૃદ્ધાવસ્થામાં સુરેશ દલાલની ઉપરોક્ત ટાંકી એ કવિતા યાદ કરવી છે અને એકબીજાની સારસંભાળ રાખી જીવન વિતાવવું છે. તું મારી વાતમાં સહમત છે એની મને ખાતરી છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

## આ પણ બની શકે એક આદર્શ નિવાસસ્થાન

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

મુંબઈ એટલે સપનાનું શહેર. દેશ-પરદેશથી લોકો અહીં આવે પોતાના સપનાં પૂર્ણ કરવા માટે. મુંબઈમાં રોટલો રળવો સાવ આસાન, તમારામાં થોડી એવી આવડત હોય તો પૈસા તો અહીં મળી જ રહે. અહીં તો માટીના પણ મોલ થાય, પણ મુશ્કેલી એ છે કે રોટલો સહેલાઈથી મળે એવાં આ શહેરમાં ઓટલો મુશ્કેલીથી પણ મળતો નથી. મુંબઈમાં 'રોટલો મળે પણ ઓટલો ન મળે' એવી પરિસ્થિતિ છે. કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ મેચબોકસ જેવડું ઘર મળે.

લલિતભાઈ અને લલિતાબહેન એક ગામડાંમાં રહેતાં હતાં. સ્થિતિ સાવ સાધારણ. એક પુત્ર અને એક પુત્રી. ગામમાંથી ઘણાં લોકો મુંબઈ કમાણી અર્થે ગયા હતા. લલિતભાઈના ખાસ મિત્ર હરીશભાઈ પણ મુંબઈ એક મિલમાં કામ કરતા હતા. એકવાર હરીશભાઈ ગામમાં આવ્યા ત્યારે લલિતભાઈની હાલત જોઈને કહ્યું:

'લલિત, મુંબઈ આવી જા. મારી મિલમાં જ તને કામ અપાવી દઈશ. અહીં કરતાં વધારે રૂપિયા તમને મળશે. ...' લલિતભાઈએ લલિતાબહેન સાથે ચર્ચા કરી. અહીં ગામમાં તો કાંઈ કમાણી હતી નહીં. એક નાની સરખી હાટડી (દુકાન) હતી જેમાં એ ચોકલેટ, બિસ્કિટ, સોડા એવી નાની- મોટી ચીજવસ્તુઓ વેચતા પણ ઘરાકી હતી નહીં. ગામની વસતિ ઓછી. મોટાભાગના લોકો કમાવવા માટે બહારગામ ચાલ્યા ગયા હતા. જે લોકો રહેતા હતા એ પણ અઠવાડિયે એકાદવાર બાજુમાં શહેરમાં જઈને ખરીદી કરી આવતા હતા. ચાર-આઠ આનાની પીપર, બિસ્કિટ વેચીને હાથમાં શું આવે? કપરી પરિસ્થિતિ હતી. પતિ-પત્ની મુંઝાયાં હતાં . બાળકો મોટાં થઈ રહ્યાં હતાં. ભણાવવાનો ખર્ચ પણ થશે. પતિ-પત્ની બંનેએ ચર્ચા કરી અને હરીશભાઈની વાત માની લીધી.

હરીશભાઈએ મુંબઈ જઈ પોતાના મેનેજરને વાત કરી. મેનેજરે સંમતિ આપતા એમણે લલિતભાઈને મુંબઈ બોલાવી લીધાં. લલિતાબહેન અને બંને બાળકો ગામમાં જ રહ્યાં. હરીશભાઈ અને લલિતભાઈની દોસ્તી એટલી પાક્કી હતી કે લલિતભાઈને પોતાના ઘરમાં જ આશ્રય આપ્યો. હરીશભાઈનું ઘર પણ ખોબા જેવડું. એક ચાલમાં એક રૂમ - રસોડાનું ઘર. તેમાં પતિ-પત્ની અને બે બાળકો સાથે હરીશભાઈ રહે. એમણે લલિતભાઈને કહ્યું : 'ધીરે ધીરે તારા રહેવાની સગવડ કરીશું. ત્યાં સુધી તું અહીં રહે, પણ તું જોઈ શકે છે કે મારું ઘર કેટલું નાનું છે. તારે બહાર વરંડામાં સૂઈ રહેવું પડશે. ખરાબ ન લગાડતો. '

'અરે, હરીશ એ તું શું બોલ્યો? તું મારા માટે કેટલું કરે છે? અને હું તારી હાલત પણ જોઈ રહ્યો છું. આવી સ્થિતિમાં તું મને આટલો સપોર્ટ કરી રહ્યો છું. તારો ઉપકાર હું જિંદગીભર નહીં ભૂલું.'

આવી અનેક અગવડો વેઠીને લલિતભાઈ મિલમાં નોકરી કરતા હતા. ધીરે - ધીરે કામ શીખી ગયા. સારો સ્વભાવ અને પ્રમાણિક હોવાને કારણે ઠીક કહી શકાય એવો પગાર મળતો થયો. ગામમાં ખર્ચાના પૈસા મોકલ્યા પછી લલિતભાઈના હાથમાં કાંઈ ખાસ બચતું નહીં. બહાર ખાવાના પણ ઘણાં પૈસા ખર્ચાતા. હરીશભાઈની ચાલમાં એક સિંગલ રૂમ ખાલી થવાની હતી. હરીશભાઈએ મહેનત કરીને મિલમાંથી થોડો ઉપાડ લેવડાવીને લલિતભાઈને સિંગલ રૂમ લઈ આપી. જો પરિવાર મુંબઈ આવી જાય તો લલિતભાઈની જમવાની ચિંતા ટળી જાય વળી તબિયત પણ સારી રહે. એક નાનકડી સિંગલ રૂમમાં લલિતભાઈ ઍન્ડ ફેમિલી સ્થાયી થયું. બાળકોને સ્કૂલમાં મૂક્યા. પગાર થોડો વધ્યો હતો પણ મુંબઈના ખર્ચા એટલાં મોટો કે મહિનાના અંતે તો ખિસ્સામાં કાંઈ બચે નહીં. કહેવાય છે ને કે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી.' એક સાંધો ત્યાં તેર તૂટે તેવી સ્થિતિમાં લલિતભાઈ અને એમનો પરિવાર જીવી રહ્યો હતો. ધીમે ધીમે ચાલમાં જ એક રૂમ રસોડાનું ઘર લીધું. લલિતાબહેનની કરકસરને કારણે બે પૈસા બચાવતા થયા. હવે દીકરો - દીકરી ગ્રેજ્યુએટ થઈ ગયાં હતાં. બંને નોકરીએ લાગ્યા. હવે એ ત્રણેયની આવક ઘરમાં આવવા લાગી. પૈસાની છૂટ થઈ. સંતાનો લગ્ન જેવડા થયાં હતાં. ચાલ સિસ્ટમમાં કોણ પોતાની દીકરી આપે? એક બેડરૂમ, હોલ, કિચનનો ફલેટ લેવાનું નક્કી કર્યું. કાંદિવલીમાં એક નાનકડો ફલેટ બધાંને પસંદ એક બેડરૂમ, હોલ, કિચનનો ફલેટ લેવાનું નક્કી કર્યું. કાંદિવલીમાં એક નાનકડો ફલેટ બધાંને પસંદ આવ્યો. થોડી બચત અને થોડી લોન લઈને એ ફલેટમાં લલિતભાઈ ઍન્ડ ફેમિલી શિફ્ટ થયું.

લલિતભાઈના પુત્રને સાથે કામ કરતી યુવતી રીના સાથે મન મળ્યું. બંને પરિવારની સંમતિથી પુત્રના લગ્ન થયા. હવે નાનકડા ફલેટમાં પાંચ સભ્યનો પરિવાર રહેવા લાગ્યો. પુત્રે પોતાના પિતાએ કરેલ સંઘર્ષ જોયો હતો તેથી માતા-પિતા - બહેનને પ્રેમથી રાખતો હતો. રીના પણ શાંત સ્વભાવની હતી. લલિતભાઈએ પુત્રીને પણ સારો વર - ઘર જોઈને પરણાવી દીધી અને નિરાંતનો શ્વાસ લીધો. ધીમે ધીમે પણ બધું ઠેકાણે પડી રહ્યું હતું. દીકરાને ઘેર પણ એક દીકરો - એક દીકરી થયાં. બાળકો સાથે લલિતભાઈ - લલિતાબેન કિલ્લોલ કરે છે , પણ મેચ બોક્સ જેવડાં ઘરમાં છ-છ જણને રહેવામાં બહુ તકલીફ પડે છે. પૌત્ર-પૌત્રી મોટા થઈ રહ્યાં છે. એમનું ભણવાનું વધી રહ્યું છે. ઘરે ટ્યુશન ટીચર આવે. ડ્રોઈંગના સર આવે. બેસાડવાની ક્યાંય જગ્યા નથી. બહુ તકલીફ પડે છે. સંકડાશ લાગે છે. દિવસે લલિતભાઈ - લલિતાબેનને જરાય આરામ મળતો નથી. બાળકોની પ્રવૃત્તિ રાતે મોડે સુધી ચાલે છે. રાતે મોડે સુધી બધાંને ટીવી જોવું હોય છે. આ ઉંમરલાયક દંપતીની ઊંઘ પૂરી થતી નથી. દીકરો-વહુ સમજુ છે. જેટલી સગવડ આપી શકાય તેટલી આપવાનો પ્રયત્ન કરે છે, પણ મુશ્કેલી છે એ તો છેજ.

એક દિવસ લલિતભાઈને એની સાથે કામ કરતા મનુભાઈ મળવા આવે છે. મનુભાઈ પત્ની સાથે એક વૃદ્ધાશ્રમમાં રહે છે. નિઃસંતાન છે એટલે આ નિર્ણય લીધો છે. મનુભાઈ વૃદ્ધાશ્રમના વાતાવરણ, વૃદ્ધાશ્રમની સગવડો વિષે જણાવે છે. શાંતિથી પ્રભુ ભજન થઈ શકે છે, હમ ઉમ્ર લોકોની કંપની મળે છે અને મજા આવે છે એવી મનુભાઈની વાત સાંભળીને લલિતભાઈ નક્કી કરી લે છે કે લલિતા હા પાડે તો અમે પણ ત્યાં જતા રહીએ. લલિતાબહેન વૃદ્ધાશ્રમમાં જવાની સંમતિ આપી દે છે. એમની વાત સાંભળીને પુત્ર એકદમ ગુસ્સે થઈ જાય છે, 'કેવી વાત કરો છો પપ્પા, છતે પરિવારે તમારે વૃદ્ધાશ્રમમાં જવું છે? હું હરગીઝ નહીં જવા દઉં. હું ક્યારેય તમારી અને મમ્મી વિના રહ્યો નથી. મને તમારાં બંને વિના જરાય નહીં ગમે. આજે બોલ્યા તે બોલ્યા હવે આવી વાત નહીં કરતા.'

પુત્રવધૂએ પણ કહ્યું : 'હા, પપ્પા મને અને બાળકોને પણ તમારાં બંને વિના જરાય ન ગમે...' પણ લલિતભાઈએ નાનું ઘર હોવાને કારણે પડતી મુશ્કેલી અને વૃદ્ધાશ્રમમાં મળતી સગવડો વિષે વાત કરીને બધાને મહામહેનતે સમજાવી લીધાં.

આજે લલિતભાઈ-લલિતાબહેન વૃદ્ધાશ્રમમાં ખુશીથી રહે છે. સંતાનોને સમય મળે ત્યારે મળવા આવી જાય છે. તો વાર-તહેવારે લલિતભાઈ-લલિતાબેન પણ પુત્રના ઘેર જઈને રહી આવે છે. વૃદ્ધાશ્રમમાં રહેવાની મોકળાશ છે. પૂરતો આરામ મળે છે. પ્રભુ ભક્તિ કરે છે અને સમવયસ્કો સાથે ગપ્પાં-ગોષ્ઠિ કરીને આનંદથી સમય પસાર કરે છે.

લલિતભાઈ જેવી પરિસ્થિતિમાં વૃદ્ધાશ્રમ પણ એક આદર્શ નિવૃત્તિ સ્થાન બની રહે છે. ■

# કેજરીવાલ અને માન સામે ₹૧૦૦ કરોડનો બદનક્ષીનો કેસ

નવી દિલ્હી : ભાજપના સંસદસભ્ય પરવેશ વર્માએ આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન સામે ૧૦૦ કરોડ રૂપિયાનો બદનક્ષીનો દાવો માંડ્યો છે. શર્માએ તેમના પર ખોટા આક્ષેપો કરવાનો આક્ષેપ કર્યો છે.

વર્માએ કહ્યું હતું કે જો હું કેસ જીતી જઈશ તો આ નાણાંનો ઉપયોગ મારા નવી દિલ્હીના મતદારક્ષેત્રનાં વિકાસ કાર્યોમાં વાપરીશ. વર્મા પાંચ ફેબ્રુઆરીની ચૂંટણીમાં કેજરીવાલ સામે ઊભા છે.

વર્માએ પંજાબીને દેશ સામેના પડકાર કહ્યા છે એવા કેજરીવાલના આક્ષેપ અંગે ભાજપના નેતાએ કહ્યું હતું કે મેં અને મારા કુટુંબે શીખ કોમ માટે કેટલું કર્યું છે એ મારે કહેવાની જરૂર નથી. વર્માએ આક્ષેપ કર્યો હતો કે પંજાબમાંથી હજારો કાર આપ પ્રધાનો, વિધાનસભ્યો અને મુખ્ય પ્રધાન માનને લઈને તાજેતરમાં આમ આદમી પાર્ટીના પ્રચાર માટે દિલ્હીમાં પ્રવેશી છે. મને તેમના પ્રચાર સામે વાંધો નથી, પરંતુ તેઓ ચીનની કંપનીના સીસીટીવી કેમેરા, દારૂ અને નાણાંનું વિતરણ કરીને મતદાતાઓને પ્રભાવિત કરે છે. વર્માએ કહ્યું હતું કે મેં પોલીસ અને ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી છે.

અગાઉ કેજરીવાલે 'એક્સ' પર પોસ્ટ મૂકીને ભાજપની એવી ટિપ્પણીને વખોડી હતી કે પંજાબની કારો ૨૬ જાન્યુઆરીની પરેડ પહેલાં એક સુરક્ષા સામેનો ખતરો બની ગઈ છે. (એજન્સી) ■



**સંગમમાં સ્નાનઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ-૨૦૨૫ દરમિયાન મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પ્રધાનમંડળના તેમના સહયોગીઓ સાથે બુધવારે સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું. (એજન્સી)

# દિલ્હીના મતદારો 'આપ-દા' સામે ગુસ્સે થયા છેઃ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૫૦ ટકા બૂથ જીતવાનું લક્ષ્ય રાખવાનો ભાજપના સભ્યોને અનુરોધ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે લોકો આપ સરકાર સામેનો પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે અને આપને તેનાં વચનોની યાદ અપાવે છે.

દિલ્હી ભાજપના સભ્યો સાથે ઓનલાઈન સંવાદ કરતાં મોદીએ આમ આદમી પાર્ટીને 'આપ-દા' કહીને વખોડી હતી. મોદીએ કહ્યું હતું કે આપ-દા ખુલ્લી પડી ગઈ છે. આપ-દા દરરોજ નવી જાહેરાતો કરે છે કારણ કે તેને દરરોજ સમાચાર મળે છે કે તે દિલ્હીના વિવિધ વિસ્તારોમાં મેદાન ગુમાવી રહી છે.

તેમણે આપ પર પૂર્વાંચલના લોકોને દિલ્હીની બહાર કરવાના કાવતરું કરવાનો આક્ષેપ કર્યો હતો. આ પક્ષ તેમને માટે ફક્ત નફરત ધરાવે છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ પક્ષ જુઠાણા અને કપટમાં રચ્યો રહે છે. કૉંગ્રેસ અને આપે છેલ્લાં ૨૫ વર્ષથી લોકો સાથે દગો કર્યો છે.

મોદીએ કહ્યું હતું કે જે યુવાનો છેલ્લાં ૨૫ વર્ષમાં જન્મ્યા છે અથવા તો ૩૫-૪૦ વર્ષની વયજૂથના છે એ લોકોએ વિનાશ સિવાય કશું જોયું નથી. તેમણે આશા છોડી દીધી છે અને હતાશામાં સરી ગયા છે. (એજન્સી)■

# મહાકુંભ નગરમાં ઉત્તર પ્રદેશ કેબિનેટની યોજાઇ બેઠક

## મેડિકલ કોલેજથી લઇને એક્સપ્રેસ-વે સુધીના પ્રસ્તાવોને મળી મંજૂરી

મહાકુંભ નગર (ઉત્તર પ્રદેશ): મહાકુંભ નગરના અરૈલમાં ત્રિવેણી સંકુલમાં બુધવારે મળેલી ઉત્તર પ્રદેશની કેબિનેટની બેઠકમાં પ્રયાગરાજમાં ગંગા અને યમુના નદીઓ પર બે નવા પુલ સહિત અનેક મહત્ત્વ પૂર્ણ પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં બુધવારે મહાકુંભ નગરમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી. કેબિનેટની આ બેઠકમાં ગંગા એક્સપ્રેસ વેનું વિસ્તરણ, ઉત્તર પ્રદેશના ત્રણ જિલ્લામાં મેડિકલ કોલેજ અને રાજ્યમાં રોકાણ સહિત અનેક પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મીડિયાને મંત્રી પરિષદની બેઠકમાં ઘણા મહત્ત્વ પૂર્ણ પ્રોજેક્ટ્સ માટે મળેલી મંજૂરી વિશે વિગતવાર જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે પ્રયાગરાજની સાથે રાજ્યના વિકાસ સાથે જોડાયેલી અનેક નવી યોજનાઓ અને મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. તેમાં રાજ્ય સરકારની બે ખાસ મહત્વની બાબતો છે, તે પૈકી એરોસ્પેસ ડિફેન્સને લગતી પૉલિસી ૨૦૧૮માં બનાવવામાં આવી હતી, તેના પાંચ વર્ષ પૂર્ણ થયાં છે, તેને ફરીથી અપડેટ કરવામાં આવશે.

બુંદેલખંડ એક્સપ્રેસ વેનું વિસ્તરણ કરવામાં આવશે. આ સાથે મિર્ઝાપુર સુધી અને રીવા નેશનલ હાઈવેને પૂર્વાંચલ અને બુંદેલખંડ એક્સપ્રેસવે સાથે જોડવામાં આવશે. ગંગા એક્સપ્રેસ વેનું વિસ્તરણ કરાશે. મિર્ઝાપુર, ચંદૌલી, ગાઝીપુર પૂર્વાંચલ એક્સપ્રેસ વેને સોનભદ્રમાં નેશનલ હાઈવે સાથે જોડવામાં આવશે. બે સસ્ટેનબુલ રિઝન જાહેર કરવામાં આવ્યા છે.

પ્રથમ પ્રયાગરાજ-ચિત્રકૂટ ડેવલપમેન્ટ રિઝન અને બીજો વારાણસી-વિંધ્ય ડેવલપમેન્ટ રિઝન. એ જ રીતે પ્રયાગરાજ, વારાણસી અને આગ્રા મ્યુનિસિપલ કોર્પોરેશન બોન્ડ જાહેર કરવામાં આવ્યા હતા અને પ્રોસિક્યુશન ડિરેક્ટોરેટની મંજૂરી આપવામાં આવી છે.

રોકાણ અંગે ચર્ચા કરતા સીએમએ કહ્યું કે મિર્ઝાપુરમાં દસ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. યુવાનોને ટેબલેટનું વિતરણ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે. કેજીએમયુનું સેટેલાઇટ સેન્ટર બલરામપુર જિલ્લામાં ચાલતું હતું, હવે તેને મેડિકલ કોલેજમાં પરિવર્તિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય બાગપત, હાથરસ અને કાસગંજમાં પીપીપી મોડલ પર નવી મેડિકલ કોલેજો ખોલવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત ટાટા ટેક્નોલોજીના સહયોગથી ૬૨ આઇટીઆઇ અને પાંચ ટ્રેનિંગ સેન્ટરને અપગ્રેડ કરવામાં આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, યુપી એરોસ્પેસ અને સંરક્ષણ અમલીકરણ નીતિ ૨૦૧૮ પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ નવેસરથી અમલમાં આવશે. આ અંતર્ગત મોટા રોકાણ માટે પ્રોત્સાહન આપવાની યોજના બનાવવામાં આવશે. ■

# મથુરામાં મસ્જિદનું હાલમાં સર્વેક્ષણ નહીં કરાય

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે અલ્હાબાદ હાઇકોર્ટના એ આદેશ પર રોક વધારી દીધી છે જેમાં મથુરામાં શાહી ઇદગાહ મસ્જિદ સંકુલનું કોર્ટની દેખરેખમાં સર્વેક્ષણ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પરિસર કૃષ્ણ જન્મભૂમિ મંદિરની નજીક આવેલું છે, જે હિન્દુઓ માટે મહત્ત્વપૂર્ણ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે.

ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે તે મસ્જિદ પરિસરની કોર્ટની દેખરેખમાં કરવામાં આવેલા સર્વેક્ષણ વિરુદ્ધ ટ્રસ્ટ શાહી મસ્જિદ ઇદગાહ મેનેજમેન્ટ કમિટીની અરજી પર સુનાવણી એક એપ્રિલથી શરૂ થતા અઠવાડિયામાં સ્થગિત કરી દેશે.

ચીફ જસ્ટિસે કહ્યું હતું કે હાલમાં સર્વોચ્ચ અદાલતમાં ત્રણ મુદ્દાઓ પેન્ડિંગ છે અને તેમાંથી એક છે આંતર-કોર્ટ અપીલનો મુદ્દો (હિન્દુ અરજદારો દ્વારા દાખલ કરાયેલા દાવાઓના એકત્રીકરણ સામે), બીજો છે કાયદો ( પ્લેસિસ ઓફ વર્શિપ (વિશેષ જોગવાઇઓ) એક્ટ,૧૯૯૧ છે. એક એપ્રિલથી શરૂ થનારા સપ્તાહમાં સૂચિબદ્ધ કરો. બેન્ચે કહ્યું કે આ દરમિયાન શાહી ઇદગાહ મસ્જિદ સંકુલના કોર્ટની દેખરેખમાં સર્વેક્ષણ પર સ્ટે આપતો અલ્હાબાદ હાઇકોર્ટનો વચગાળાનો આદેશ અમલમાં રહેશે. ગયા વર્ષે ૧૬ જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતે પહેલી વાર હાઈકોર્ટના ૧૪ ડિસેમ્બર, ૨૦૨૩ના આદેશના અમલ પર રોક લગાવી હતી.

હાઈકોર્ટે કોર્ટની દેખરેખ હેઠળ શાહી ઈદગાહ મસ્જિદ સંકુલનું સર્વેક્ષણ કરવાની મંજૂરી આપી હતી અને તેના પર દેખરેખ રાખવા માટે કોર્ટ કમિશનરની નિમણૂક કરવા સંમતિ આપી હતી. હિન્દુ પક્ષનો દાવો છે કે સંકુલમાં એવા સંકેતો છે જે દર્શાવે છે કે આ સ્થળ એક સમયે મંદિર હતું.

હિન્દુ પક્ષકારો તરફથી હાજર રહેલા એડવોકેટ વિષ્ણુ શંકર જૈને જણાવ્યું હતું કે મસ્જિદ સમિતિની અપીલ હાઇકોર્ટના ૧૪ ડિસેમ્બર, ૨૦૨૩ના આદેશ સામે દાખલ કરવામાં આવી હતી અને સંબંધિત આદેશો આ મામલે નિષ્ક્રિય બની ગયા છે. તેમણે કહ્યું કે, હાઈકોર્ટે પાછળથી પોતાનો આદેશ આપ્યો હોવાથી આ બધી અરજીઓ નિરર્થક બની ગઈ છે.

જૈને હાઈકોર્ટના અનુગામી આદેશનો ઉલ્લેખ કર્યો જેમાં તેણે મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદ સંબંધિત ૧૮ કેસોની જાળવણીને પડકારતી મુસ્લિમ પક્ષોની અરજીને ફગાવી દીધી હતી અને ચુકાદો આપ્યો હતો કે મસ્જિદના ધાર્મિક ચરિત્રને નિર્ધારિત કરવાની આવશ્યકતા છે.

હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની એ દલીલને ફગાવી દીધી હતી કે કૃષ્ણ જન્મભૂમિ મંદિર અને તેની બાજુમાં આવેલા મસ્જિદના વિવાદથી સંબંધિત હિન્દુ અરજદારો દ્વારા દાખલ કરાયેલા દાવાઓ ૧૯૯૧ના પૂજા સ્થાનો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૯૧નું ઉલ્લંઘન કરે છે અને તેથી તે વિચારવા યોગ્ય નથી.

૧૯૯૧નો કાયદો દેશના સ્વતંત્રતા દિવસથી કોઈપણ ધાર્મિક સ્થળના ધાર્મિક ચરિત્રને બદલવા પર રોક લગાવે છે. તેણે ફક્ત રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને તેના કાર્યક્ષેત્રની બહાર રાખ્યો હતો. ■

# મુંબઈની એક્સ૧૦ ફાઈનાન્શિયલ સર્વિસીસનું રજિસ્ટ્રેશન રદ કરતી રિઝર્વ બૅન્ક

મુંબઇઃ ભારતીય રિઝર્વ બૅન્કે ડિઝિટલ ધિરાણ કામગીરીમાં અનિયમિતતાઓને લઇને નોન-બૅન્કિંગ ફાઇનાન્શિયલ કંપની (એનબીએફસી) એક્સ૧૦ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડનું રજિસ્ટ્રેશન રદ કર્યું હોવાનું જણાવ્યું હતું.

મુંબઇ સ્થિત આ કંપની વીકેશ ટેક્નોલોજી, એક્સએનપી ટેક્નોલોજી, યારલુંગ ટેક્નોલોજી, શિનરુઇ ઇન્ટરનેશનલ, ઓમલેટ ટેક્નોલોજી, મેડ-એલિફન્ટ નેટવર્ક ટેક્નોલોજી અને હ્યુડાટેક ટેક્નોલોજી સહિત અનેક સેવા પ્રદાતાઓ (મોબાઇલ એપ)ના માધ્યમથી લોન આપતી હતી. આરબીઆઇએ જણાવ્યું કે કંપનીએ તેની ડિજિટલ ધિરાણ કામગીરીમાં નાણાકીય સેવાઓના આઉટસોર્સિંગમાં આચારસંહિતા પરની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કર્યું હોવાથી નોંધણી પ્રમાણપત્ર (સીઓઆર) રદ કરવામાં આવ્યું છે.

કંપની ક્રેડિટ મૂલ્યાંકન, વ્યાજ દર નક્કી કરવા તેમ જ તમારા ગ્રાહકને જાણો ચકાસણી જેવા મુખ્ય નિર્ણય લેવાના કાર્યોને સેવા પ્રદાતા (એસપી)ને આઉટસોર્સ કર્યા હતા અને એસપી પર યોગ્ય તપાસ કરવામાં નિષ્ફળ રહી હતી. જૂન ૨૦૧૫માં એક્સ૧૦ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડને સીઓઆર જારી કરવામાં આવ્યું હતું. જે અગાઉ અભિષેક સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતું હતું. કેન્દ્રીય બૅન્કે કહ્યું કે કંપની એનબીએફસીનો વ્યવસાય નહીં કરી શકે.



**પ્રથમ વાર્ષિક દિનઃ** અયોધ્યા રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠાની પ્રથમ જન્મજયંતી નિમિત્તે પ. બંગાળના દક્ષિણ દિનાજપુરમાં બુધવારે યોજાયેલી સ્પર્ધા દરમિયાન ભગવાન રામની વેશભૂષામાં બાળકો. (એજન્સી)

# 'બેટી બચાવો બેટી પઢાઓ' અભિયાનથી દીકરીઓના અધિકારો અને સન્માનમાં થયો વધારોઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે 'બેટી બચાવો બેટી પઢાઓ' (બીબીબીપી) અભિયાનના ૧૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કહ્યું હતું કે આ અભિયાને દીકરીઓના અધિકારો, શિક્ષણ અને સન્માનમાં વધારો કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ હરિયાણાના પાણીપતથી 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાન શરૂ કર્યું હતું. આ ઝુંબેશ દેશમાં ઘટતા ચાઇલ્ડ સેક્સ રેશિયો (સીએસઆર) અને મહિલા સશક્તિકરણ સંબંધિત મુદ્દાઓને અસર કરે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં અમિત શાહે કહ્યું હતું કે ''વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં એક દાયકા પહેલા શરૂ થયેલું 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાન આજે એક જન આંદોલન બની ગયું છે. છેલ્લા ૧૦ વર્ષમાં બીબીબીપીએ દીકરીઓના અધિકારો, શિક્ષણ અને સન્માનને એક નવું પરિમાણ આપ્યું છે.

તેમણે કહ્યું હતું કે આજે શાળાઓમાં છોકરીઓના પ્રવેશ દરમાં વધારો થયો છે અને સેક્સ રેશિયોમાં અભૂતપૂર્વ સુધારો થયો છે. આજે દીકરીઓ દરેક ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકા ભજવીને દેશનું ગૌરવ વધારી રહી છે. ■

# લાંચ કેસમાં સીબીઆઈના ડીએસપીની ધરપકડ કરી

નવી દિલ્હીઃ સીબીઆઇએ ઇડીના એક આસિસ્ટન્ટ ડિરેક્ટર સાથે સંકળાયેલા લાંચ કેસમાં પોતાના જ નાયબ પોલીસ અધિક્ષક(ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ) બલબીર શર્માની ધરપકડ કરી છે. શર્મા પર હિમાચલ પ્રદેશમાં શિષ્યવૃત્તિ કૌભાંડ સંદર્ભે તપાસ હેઠળ રહેલી શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી ગેરકાયદેસર રીતે લાંચ માગવાનો આરોપ છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન(સીબીઆઇ)ના સ્પેશિયલ ક્રાઇમ યુનિટમાં તૈનાત શર્માને એજન્સીએ સોમવારે ચંદીગઢ કાર્યાલયમાં આ કેસના સંદર્ભમાં પૂછપરછ માટે બોલાવ્યા હતા. જેમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)ના આસિસ્ટન્ટ ડિરેક્ટર વિશાલ દીપની કથિત રીતે લાંચ માગવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. શર્માની સાંજે ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે ધરપકડ બાદ શર્માએ ચક્કર આવવાની ફરિયાદ કરી હતી અને તેમને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની તપાસ કરવામાં આવી હતી અને પરિણામો સંતોષકારક રહ્યા હતા. ■

# હીરાની નિકાસને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે શરૂ કરી યોજના

નવી દિલ્હીઃ સરકારે ડાયમંડ ઇમ્પ્રેસ્ટ ઓથરાઇઝેશન યોજના રજૂ કરી છે જે નિકાસને વેગ આપવા અને મૂલ્ય વધારવા માટે ચોક્કસ મર્યાદા સુધી કટ અને પોલિશ્ડ હીરાની ડ્યુટી-ફ્રી આયાત કરવાની મંજૂરી આપે છે. વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે હીરા ઉદ્યોગ નિકાસમાં ભારે ઘટાડો અને કામદારો નોકરી ગુમાવવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ યોજનાથી આ સમસ્યાનો સામનો કરવા અને ઉદ્યોગને પુનર્જીવિત કરવાની અપેક્ષા છે. તે ૧૦ ટકાના મૂલ્યવર્ધન સાથે નિકાસની જવાબદારીને ફરજિયાત બનાવે છે.

એક નિવેદનમાં મંત્રાલયે કહ્યું હતું કે વાણિજ્ય વિભાગે ૨૧ જાન્યુઆરીએ ડાયમંડ ઇમ્પ્રેસ્ટ ઓથોરાઇઝેશન યોજના રજૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય ભારતના હીરા ક્ષેત્રની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાનો છે. ટુ સ્ટાર એક્સ્પોર્ટ હાઉસ દરજ્જો રાખનારા અને પ્રતિ વર્ષ ૧૫ મિલિયન અમેરિકન ડૉલરનો નિકાસ કરનારા હીરાના નિકાસકારો આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર છે. આ યોજના પચીસ કેરેટ (૨૫ સેન્ટ) કરતા ઓછા કુદરતી રીતે કટ કરેલા અને પોલિશ્ડ કરેલા હીરાની ડ્યૂટી ફ્રી આયાતની મંજૂરી આપે છે. આ યોજનાનો અમલ ૧ એપ્રિલથી થશે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે આ યોજના ભારતીય હીરા નિકાસકારો ખાસ કરીને એમએસએમઇ (સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો) ક્ષેત્રના લોકો માટે સમાન તક પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય ભારતીય હીરાના વેપારીઓ દ્વારા હીરા ખાણકામ સ્થળોએ સંભવિત રોકાણને રોકવાનો છે. વધુમાં આ યોજનાથી વધુ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. ભારતીય નિકાસકારોને સુવિધા આપીને તે સ્થાનિક હીરા પ્રક્રિયા ઉદ્યોગનું રક્ષણ કરવા અને સંકળાયેલ રોજગાર ટકાવી રાખવાનો પ્રયાસ કરે છે. ■

# રાજસ્થાનમાં માઉન્ટ આબુ સૌથી ઠંડું સ્થળ

જયપુર : રાજસ્થાનના કેટલાક ભાગોમાં બુધવારે ઠંડીનો ચમકારો જણાયો હતો, રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં લઘુતમ તાપમાન ૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

મેદાની વિસ્તારોમાં, હનુમાનગઢના સંગારિયામાં લઘુતમ તાપમાન ૫.૮ ડિગ્રી સેલ્સિયસ, લુંકરનસરમાં ૬.૮ ડિગ્રી, સિરોહી અને ફતેહપુરમાં ૭.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગ અનુસાર, પિલાનીમાં ૭.૬ ડિગ્રી, ચુરુમાં ૭.૮ ડિગ્રી, સીકર અને શ્રીગંગાનગરમાં ૮.૨ ડિગ્રી અને નાગૌરમાં ૮.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યની રાજધાની જયપુરમાં સવાર વધુ ગરમ જોવા મળી હતી કારણ કે લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ પર સ્થિર થયું હતું. ■



**શોભાયાત્રાઃ** પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળા દરમિયાન શ્રદ્ધાળુઓએ બુધવારે શોભાયાત્રામાં ભાગ લીધો હતો. (એજન્સી)

# દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો પર નસીબ અજમાવશે ૬૯૯ ઉમેદવારો, નવી દિલ્હીમાં સૌથી વધુ ઉમેદવાર

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે પાંચ ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ૬૯૯ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે. ચૂંટણીમાં ૧૫૨૨ ઉમેદવારીપત્રો દાખલ થયા બાદ પંચે ૯૮૧ ઉમેદવારોના ઉમેદવારીપત્રો સ્વીકાર્યા હતા. ત્યારબાદ થયેલી ચકાસણીમાં ૭૧૯ દાવેદારો બાકી રહ્યા હતા. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની પ્રક્રિયા બાદ હવે ૭૦ વિધાનસભા મતવિસ્તારોમાં ૬૯૯ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે.

મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયમાંથી મળેલી માહિતી અનુસાર, સૌથી મુશ્કેલ ચૂંટણી સ્પર્ધા નવી દિલ્હી વિધાનસભા બેઠક પર હશે. અહીં વિવિધ પક્ષોના ૨૩ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. આમ આદમી પાર્ટી (આપ)ના કન્વીનર અરવિંદ કેજરીવાલના વિધાનસભા ક્ષેત્રમાં ૨૩ ઉમેદવારોના નામાંકન માન્ય થયા હતા જેમાં ચાર મહિલા ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ભાજપ તરફથી પ્રવેશ વર્મા અને કૉંગ્રેસ તરફથી સંદીપ દીક્ષિત આ બેઠક પરથી મેદાનમાં છે. જનકપુરીમાં ૧૬ ઉમેદવારો છે.

બીજી તરફ કસ્તુરબા નગર વિધાનસભા અને પટેલ નગર વિધાનસભા દિલ્હીમાં સૌથી ઓછા ઉમેદવારો ધરાવતી બેઠકો બની છે. આ બે બેઠકો પર કૉંગ્રેસ, ભાજપ અને આપ સહિત કુલ પાંચ ઉમેદવારો મેદાનમાં છે.જનકપુરીમાં ૧૬ ઉમેદવારો છે, જ્યારે રોહતાસ નગર, કરાવલ નગર અને લક્ષ્મી નગરમાં ૧૫-૧૫ ઉમેદવારો છે.

તેનાથી વિપરીત પટેલ નગર અને કસ્તુરબા નગરમાં સૌથી ઓછા ઉમેદવારો છે, દરેકમાં પાંચ ઉમેદવારો છે. ૨૦૨૦માં પટેલ નગર બેઠક, જે અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે અનામત છે, ત્યાં સૌથી ઓછા ચાર ઉમેદવારો હતા.

૭૦ વિધાનસભા બેઠકોમાંથી ૩૮ બેઠકો પર ૧૦થી ઓછા ઉમેદવારો છે. તિલક નગર, માંગોલપુરી અને ગ્રેટર કૈલાશ જેવા નોંધપાત્ર વિધાનસભા મતવિસ્તારોમાં છ-છ ઉમેદવારો છે, જ્યારે ચાંદની ચોક, રાજેન્દ્ર નગર અને માલવિયા નગરમાં સાત-સાત ઉમેદવારો છે.આમ આદમી પાર્ટી (આપ) અને કૉંગ્રેસે તમામ ૭૦ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા છે, જ્યારે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ૬૮ બેઠકો પર ચૂંટણી લડી રહી છે અને તેના સાથી પક્ષો જનતા દળ (યુનાઇટેડ) અને લોકતાંત્રિક જન શક્તિ પાર્ટી માટે બે બેઠકો અનામત રાખી છે. બહુજન સમાજ પાર્ટી (બીએસપી) એ ૬૯ મતવિસ્તારોમાં ઉમેદવારો ઊભા રાખ્યા છે.

૧૦ જાન્યુઆરીથી શરૂ થયેલા અઠવાડિયા સુધી ચાલેલા નોમિનેશન રાઉન્ડ દરમિયાન ૯૮૧ ઉમેદવારોએ કુલ ૧૫૨૨ નોમિનેશન દસ્તાવેજો સબમિટ કર્યા હતા. ત્યારબાદ નામ પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૨૦ જાન્યુઆરી હતી. ■

# ઈડનમાં વરુણ વરસ્યા પછી અભિષેકની આતશબાજી

## ભારતે પ્રથમ ટી-૨૦ આસાનીથી જીતી લીધીઃ બ્રિટિશરો અર્શદીપ, હાર્દિક અને અક્ષર સામે પણ ઝૂક્યા

કોલકાતાઃ ભારતે અહીં ઇંગ્લૅન્ડ સામેની પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝમાં શાનદાર વિજય સાથે ધમાકેદાર શરૂઆત કરી હતી. ભારતે પહેલી મૅચ સાત વિકેટે જીતી લીધી હતી. પહેલાં મૅન ઑફ ધ મૅચ વરુણ ચક્રવર્તી (૪-૦-૨૩-૩)ની આગેવાનીમાં ભારતીય બોલર્સે બ્રિટિશ ટીમને ૧૩૨ રન સુધી સીમિત રાખી હતી અને ત્યાર બાદ ઓપનર અભિષેક શર્મા (૭૯ રન, ૩૪ બૉલ, આઠ સિક્સર, પાંચ ફોર) બ્રિટિશ બોલર્સ પર તૂટી પડ્યો હતો અને આઉટ થતાં પહેલાં ભારતીય ટીમને વિજયની લગોલગ લાવતો ગયો હતો.



ભારતે ૧૩૩ રનનો લક્ષ્યાંક ૪૩ બૉલ બાકી રાખીને ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. સંજુ સૅમસને ૨૦ બૉલમાં એક સિક્સર, ચાર ફોરની મદદથી ૨૬ રન બનાવીને જોરદાર શરૂઆત કરી હતી. તેની વિકેટ વહેલી પડી ગયા બાદ અભિષેકે જવાબદારી ઉપાડી લીધી હતી અને ફટકાબાજી શરૂ કરી દીધી હતી.

કૅપ્ટન સૂર્યકુમાર યાદવ જોફ્રા આર્ચરના બૉલમાં ઝીરો પર જ વિકેટ ગુમાવી બેઠો હતો, પણ ત્યાર બાદ અભિષેક અને તિલક વર્મા (ત્રણ ફોરની મદદથી ૧૯ અણનમ) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૮૪ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. જોફ્રા આર્ચરે બે અને આદિલ રાશિદે એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, ઇંગ્લૅન્ડની ટીમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં ૧૩૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. ચાર ભારતીય બોલર (વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ) સામે બ્રિટિશ ટીમ ઝૂકી ગઈ હતી.

કૅપ્ટન જૉસ બટલર (૬૮ રન, ૪૪ બૉલ, બે સિક્સર, આઠ ફોર) બ્રિટિશ ટીમનો સૌથી સફળ બૅટર હતો, જ્યારે સ્પિનર વરુણ ચક્રવર્તી ભારતનો સૌથી સફળ બોલર બન્યો હતો. તેણે ૨૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

યોગાનુયોગ, બટલરની વિકેટ વરુણે જ લીધી હતી. નીતીશ રેડ્ડીએ ડીપ મિડવિકેટ પર મેદાનથી છ ઇંચ ઉપર શાનદાર કૅચ પકડ્યો હતો.

વાઇસ-કૅપ્ટન હૅરી બ્રૂક (૧૭ રન)ને પણ વરુણે આઉટ કર્યો હતો. વરુણે તેને ક્લીન બોલ્ડ કર્યો હતો. બે બૅટર (ફિલ સૉલ્ટ અને લિઆમ લિવિંગસ્ટન) ઝીરો પર આઉટ થઈ ગયા હતા. જોફ્રા આર્ચર (૧૨)ની નવમી વિકેટ હાર્દિક પંડ્યાએ લીધી હતી, જ્યારે મૅચના અંતિમ બૉલ પર માર્ક વૂડ વિકેટકીપર સંજુ સૅમસનના હાથે રનઆઉટ થયો હતો.

વરુણની ત્રણ ઉપરાંત અર્શદીપ, હાર્દિક અને અક્ષરે બે-બે વિકેટ લીધી હતી. ભારતીય બોલર્સમાંથી હાર્દિકની ચાર ઓવરમાં સૌથી વધુ ૪૨ રન બન્યા હતા. ત્રીજા સ્પિનર રવિ બિશ્નોઈને બાવીસ રનમાં વિકેટ નહોતી મળી.

બ્રિટિશ ટીમે બૅટિંગ મળ્યા બાદ ઓપનર ફિલ સૉલ્ટની વિકેટ સિરીઝના ત્રીજા જ બૉલ પર ગુમાવી દીધી હતી. કૅપ્ટન સૂર્યકુમાર યાદવે લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને પહેલી ઓવર આપી હતી અને અર્શદીપે ત્રીજા જ બૉલમાં સૉલ્ટ (૦)ને વિકેટકીપર સંજુ સૅમસનના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

મોહમ્મદ શમીને ૧૪ મહિને ફરી ભારત વતી રમવાનો મોકો અપાયો છે. જોકે આ મૅચની ઇલેવનમાં તેનો સમાવેશ ન હોવાથી ફરી તેની ફિટનેસના મુદ્દે ચર્ચા શરૂ થઈ છે.

જોકે સૂર્યકુમારની ટીમમાં ત્રણ સ્પિનરને સમાવવાનો નિર્ણય લેવાનો હોવાથી શમીને નથી રમવા મળ્યું એવું મનાય છે. ત્રણ સ્પિનરમાં વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી અને રવિ બિશ્નોઈનો સમાવેશ છે.

ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝમાં ઘણું સારું રમનાર ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડીને ટી-૨૦માં ફરી રમવાનો મોકો અપાયો છે. તે ભારત વતી પાંચ ટેસ્ટ અને ત્રણ ટી-૨૦ રમી ચૂક્યો છે. ટીમમાં ત્રણ પેસ બોલર (અર્શદીપ સિંહ, હાર્દિક પંડ્યા, નીતીશ રેડ્ડી) સામેલ છે. ■

# જોકોવિચને દીકરીએ ઇશારાથી કહ્યું, ‘ડૅડી, ઇન્ટરવ્યૂ જલદી પતાવો...ઊંઘ આવે છે’

## સર્બિયાના સુપરસ્ટાર ટેનિસ પ્લેયરની અલ્કારાઝ સામેની સાડાત્રણ કલાક લાંબી મૅચ મધરાત બાદ એક વાગ્યા સુધી ચાલી હતી





મેલબર્નઃ પુરુષોની ટેનિસમાં સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર અને પચીસમા ટાઇટલની લગોલગ પહોંચી ગયેલા યુરોપિયન દેશ સર્બિયાના ૩૭ વર્ષના નોવાક જૉકોવિચે મંગળવારે ૨૧ વર્ષના સ્પૅનિશ ખેલાડી કાર્લોસ અલ્કારાઝને સંઘર્ષભરી મૅચમાં ૪-૬, ૬-૪, ૬-૩, ૬-૪થી હરાવી દીધો ત્યાર પછીના ટેનિસ કોર્ટ પરના જ ઇન્ટરવ્યૂમાં જૉકોવિચને સવાલો પૂછવામાં આવી રહ્યા હતા ત્યારે બીજી બાજુ નજીકના એક સ્ટૅન્ડમાં ઊભેલા તેના પરિવારના સભ્યો તેને મળવા આતુર હતા તેમ જ હોટેલ ભેગા થઈને ક્યારે સૂવા મળે એની રાહ જોઈ રહ્યા હતા. ઊંઘવાની રાહ જોઈ રહેલી જૉકોવિચની પુત્રી ટૅરાએ ડૅડીને ઇન્ટરવ્યૂ જલદી પૂરો કરી નાખવાનો ઇશારો પણ કરી દીધો હતો.

વાત એવી છે કે જૉકોવિચ-અલ્કારાઝ વચ્ચેની મૅચ સાડાત્રણ કલાક સુધી ચાલી હતી. આ મુકાબલો મધરાત બાદ એક વાગ્યા સુધી ચાલ્યો હતો. એ પૂરો થયા પછી બન્ને ખેલાડીઓ ઉપરાંત પ્રેક્ષકોમાં બધા જ લોકો થાકેલા દેખાતા હતા અને એમાં જૉકોવિચના ફૅમિલી મેમ્બર્સ પણ હતા. જૉકોવિચ રમતી વખતે એવું માનતો હતો કે પત્ની યેલેના તેમ જ ૧૦ વર્ષીય પુત્ર સ્ટેફાન અને પુત્રી ટૅરા અડધી મૅચ છોડીને હોટેલ ભેગા થઈ ગયા હશે, કારણકે મૅચ બહુ લાંબી ચાલી હતી.

જોકે મૅચ બાદ ઍન્કરને જૉકોવિચ ઇન્ટરવ્યૂ આપી રહ્યો હતો ત્યારે તેનું ધ્યાન સામે ઊભેલા તેના ફૅમિલી મેમ્બર્સ પર ગયું હતું. જૉકોવિચ એક સવાલનો જવાબ આપવાને બદલે વાતાવરણને હળવું બનાવતાં બોલ્યો, ‘મને નવાઈ એ વાતની છે કે મારાં બન્ને સંતાનો હજી અહીં જ છે. તમે બન્ને મને સપોર્ટ કરવા અહીં આટલે મોડે સુધી હાજર છો એ બદલ થૅન્ક યુ...આય લવ યુ...પણ બેટા, રાતનો એક વાગી ગયો, તમે હજી સૂવા નથી ગયા...ક્યારે જશો?’

જૉકોવિચે સામે ઊભેલા બન્ને સંતાનોને આ સવાલ પૂછતાં જ પ્રેક્ષકો હસવા લાગ્યા હતા. જોકે પુત્રી ટૅરાનો સાંકેતિક જવાબ જોઈને પ્રેક્ષકો વધુ હસી પડ્યા હતા. બ્રૉડકાસ્ટરનો કૅમેરા જૉકોવિચના ફૅમિલી મેમ્બર્સ પર તાકવામાં આવ્યો ત્યારે ટૅરાએ પોતાના એક હાથની આંગળીથી બીજા હાથના કાંડા પરની ઘડિયાળ બતાવતાં પપ્પાને એવો સંકેત આપ્યો હતો કે ‘તમને (મૅચ જીતવામાં) આટલું બધું મોડું થયું જ કેમ...હવે ઇન્ટરવ્યૂ જલદી પતાવી નાખો કે જેથી અમે બધા સૂવા જઈ શકીએ.’

ટૅરાની આ સાંકેતિક પ્રતિક્રિયા જોઈને પ્રેક્ષકો ખૂબ હસી પડ્યા હતા.

જૉકોવિચે સેમિ ફાઇનલમાં ઍલેક્ઝાંડર ઝવેરેવ સામે રમવાનું નક્કી થયું હતું.

મહિલાઓમાં વર્લ્ડ નંબર-ટૂ ઇગા સ્વૉન્ટેક બુધવારે એમ્મા નૅવારોને ૬-૧, ૬-૨થી હરાવીને બીજી વાર ઑસ્ટ્રેલિયન ઓપનની સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ હતી. ■

# અર્શદીપ સિંહે બે વિકેટ લઈને ટી-૨૦માં રચ્યો ઇતિહાસ!

કોલકાતાઃ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે અહીં આજે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની પહેલી ટી-૨૦ મૅચની શરૂઆતની થોડી જ ક્ષણોમાં બે વિકેટ લઈને ભારત માટે નવો ઇતિહાસ રચ્યો હતો. તેણે ઓપનર અને વિકેટકીપર ફિલ સૉલ્ટને આઉટ કર્યો ત્યારે અર્શદીપની ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૯૬મી વિકેટ થઈ હતી અને એ સાથે તે સૌથી વધુ ટી-૨૦ વિકેટ લેનાર ભારતીય બોલર યુઝવેન્દ્ર ચહલની બરાબરીમાં થઈ ગયો હતો. ત્યાર બાદ અર્શદીપે બીજી વિકેટ લઈને ચહલનો વિક્રમ તોડ્યો હતો.

અર્શદીપના નામે ત્યારે ૯૭મી વિકેટ લખાઈ હતી. અર્શદીપે બીજા ઓપનર બેન ડકેટને રિન્કુ સિંહના હાથમાં કૅચઆઉટ કરીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.

આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં અર્શદીપ (૯૭ વિકેટ) અને ચહલ (૯૬) પછી ત્રીજા નંબરે ભુવનેશ્વર કુમાર (૯૦), જસપ્રીત બુમરાહ (૮૯) અને હાર્દિક પંડ્યા (૮૯) હતો.

ફિલ સૉલ્ટ મૅચના ત્રીજા બૉલ પર વિકેટકીપર સંજુ સૅમસનને કૅચ આપી બેઠો હતો. થોડી વાર બાદ અર્શદીપના બૉલમાં બેન ડકેટ ફ્લિકમાં મિડ-વિકેટ પરથી બૉલને બાઉન્ડરી લાઇન તરફ મોકલવાના પ્રયાસમાં હતો ત્યારે તેનો કૅચ પકડવા બે ફીલ્ડર દોડીને આવ્યા હતા જેમાંથી રિન્કુ સિંહને સફળતા મળી હતી.

રિન્કુએ મુશ્કેલ લાગતા આ કૅચને આસાન બનાવી નાખ્યો હતો.

ટી-૨૦માં સૌથી વધુ વિકેટ ન્યૂ ઝીલૅન્ડના ટિમ સાઉધીના નામે છે. તેણે ૧૬૪ વિકેટ તેમ જ અફઘાનિસ્તાનના રાશિદ ખાને ૧૬૧ વિકેટ અને ત્રીજા નંબરે બાંગ્લાદેશના શાકિબ અલ હસને ૧૪૯ વિકેટ લીધી છે. ■





# આજથી બાન્દ્રામાં મુંબઈની રણજી મૅચ

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સમાં આજે (સવારે ૯.૩૦ વાગ્યાથી) મુંબઈ અને જમ્મુ-કાશ્મીર વચ્ચે ચાર દિવસની રણજી મૅચ શરૂ થઈ રહી છે. અજિંક્ય રહાણે મુંબઈનો અને પારસ ડોગ્રા કાશ્મીરનો કૅપ્ટન છે. રોહિત શર્મા તથા યશસ્વી જયસ્વાલ રમવાના હોવાથી આ મૅચ પર સૌની નજર રહેશે. રણજીના બીજા મુકાબલા બરોડા-મહારાષ્ટ્ર વચ્ચે, ગુજરાત-ઉત્તરાખંડ વચ્ચે, સૌરાષ્ટ્ર-દિલ્હી, રાજસ્થાન-વિદર્ભનો જંગ પણ સૌનું ધ્યાન ખેંચશે. ■



**ખો-ખોના વર્લ્ડ ચૅમ્પિયન ભારતીયોને અભિનંદનઃ** સ્પોર્ટ્સ મિનિસ્ટર મનસુખ માંડવિયા ગઈ કાલે દિલ્હીમાં સૌપ્રથમ ખો-ખો વર્લ્ડ કપની ભારતની બે વર્લ્ડ ચૅમ્પિયન ટીમ (પુરુષ અને મહિલા)ને મળ્યા હતા અને તેમને અભિનંદન આપ્યા હતા. (પીટીઆઇ)


## ક્લાસિફાઈડ

### ૧૨. યાત્રા સહેલગાહ

**કેરલા - તમિલનાડુ**
પદ્મનાભ - કન્યાકુમારી - રામેશ્વર - મદુરાઈ - કોડાઈકેનાલ 9 દિવસ, એસી ટ્રેન /બસ, થ્રી સ્ટાર હોટેલ. 9867992245 / 8329712327. (બી-૧૫૪૪૬)

RENT A CAB MUMBAI Local outstation Pickup Drop. Car, Bus Booking All over India. Domestic, International Flight, Hotel Package & Travel Insurance. Arham Holidays 9769977466/ 9892534488. (B-15339)

### ૧૭. જગ્યા આપવી છે

BKC INSIGNIA. LARGE 5 BHK, 6 Balcony, 6 Bathrooms 2 Covered Car Parks. 1706 Sqft Carpet. Fully Furnished with White Goods Available for Sale by Owner. Contact: 9004344049. (B-15403)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

800 SQ.FT. OFFICE FORT, Opposite GPO, VT Station, 1.75 Cr. Bhavik - 7021720942. (B-15451)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રૂફિંગ

**BUILDING REPAIR**
સોસાયટી, ટાવર, બંગલો, ઈન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ, ટેરેસ, પેરાફીટ વૉલ, એક્સ્ટર્નલ પ્લાસ્ટરીંગ, પેઇન્ટીંગ, આર.સી.સી. પોલીમર વર્ક, પી. યુ. ઇન્જેક્શન ગ્રાઉટીંગ, સીમેન્ટ ગ્રાઉટીંગ (પોડીયમ, બેઝમેન્ટ માટે), દરેક ટાઇપના વોટરપ્રુફીંગ (10 વર્ષની વૉરન્ટી).: ઓથોરાઈઝ્ડ એપ્લિકેટર, સીવીલ કોન્ટ્રેક્ટર.: રાજુ ઠાકોરઃ -9172327272, 9323276664. (બી-૧૫૪૪૫)

### ૫૨. કુરીઅર્સ

**એસએસ એક્સપ્રેસ**
કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689 / 8291516972. (બી-૧૫૪૫૬)

### ૧૭. જગ્યા આપવી છે





(B-15454)


# ચર્ચાસ્પદ આઈઆઈટીયન બાબાએ મહાકુંભમાં રોહિત અને હાર્દિકનું નામ કેમ લીધું?



પ્રયાગરાજઃ મહાકુંભમાં આઇઆઇટી બાબા અભય સિંહ થોડા દિવસોથી ખૂબ ચર્ચામાં છે. તેઓ ચૅનલો અને અખબારોના પત્રકારો સાથેની વાતચીતમાં ઘણા વિષયો પર બોલ્યા હતા અને એમાં ક્રિકેટ પણ બાકાત નહોતી. ખાસ કરીને તેમણે એક સવાલના જવાબમાં રોહિત શર્મા તથા હાર્દિક પંડ્યાના નામ લીધા હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું.

આઇઆઇટી, મુંબઈમાંથી ઍરોસ્પેસ એન્જિનિયર થયા હોવાનો દાવો કરનાર આ બાબાનો એક પછી એક ઇન્ટરવ્યૂ સોશિયલ મીડિયા પર જોવા મળી રહ્યો છે. ક્યારેક તેમણે પોતાનાં અંગત જીવન પર મંતવ્યો આપ્યાં તો ક્યારેક આઇઆઇટીમાંથી મહાકુંભમાં પોતે કેવી રીતે પહોંચ્યા એની વાત કરી છે.

ભારતમાં ક્રિકેટની રમત ધર્મની જેમ પૂજવામાં આવે છે અને સચિન તેન્ડુલકર, એમએસ ધોની, વિરાટ કોહલી જેવા દિગ્ગજોને તેમના ડાઇ હાર્ડ ફૅન્સ દ્વારા ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાવવામાં આવે છે. એક ઇન્ટરવ્યૂમાં બાબા અભય સિંહે ક્રિકેટનો વિષય પકડ્યો અને જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ‘શું તમે ક્રિકેટ મૅચ જુઓ છો?’ એના જવાબમાં બાબાએ ચોંકાવતાં કહ્યું, ‘હા, હું ક્રિકેટ મૅચ જોઉં છું અને મૅચ પણ જિતાડી છે.’

તો આવો, આપણે જાણીએ કે બાબાએ ભારતને વિશ્વ કપની ફાઇનલ કેવી રીતે ‘જિતાડી’ હતી.

સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોમાં બાબા એવો દાવો કરતા સાંભળવા મળ્યા કે ‘ગયા વર્ષના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેમણે ભારતને જિતાડવામાં એક રીતે ભૂમિકા ભજવી હતી.’

બાબાએ ઇન્ટરવ્યૂમાં કહ્યું કે ‘હું રોહિત શર્માને કહી રહ્યો હતો કે હાર્દિકને બોલિંગ આપ, પણ રોહિત મારી વાત સાંભળતો જ નહોતો.’

ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ની ૨૯મી જૂને બ્રિજટાઉન ખાતેની ટી-૨૦ વિશ્વ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાની ટીમ ૧૭૭ રનનો લક્ષ્યાંક મેળવવા સંઘર્ષ કરી રહી હતી. અર્શદીપ સિંહની ૧૯મી ઓવર પૂરી થઈ ત્યારે સાઉથ આફ્રિકાએ જીતવા છ બૉલમાં ૧૬ રન બનાવવાના હતા અને ચાર વિકેટ પડવાની બાકી હતી. રોહિતે એ તબક્કે હાર્દિક પંડ્યાને ૨૦મી નિર્ણાયક ઓવર આપી હતી જેના પહેલા જ બૉલમાં સૂર્યકુમાર યાદવે બાઉન્ડરી લાઇનને આર-પાર જઈને ડેવિડ મિલર (૨૧ રન)નો અકલ્પનીય કૅચ પકડ્યો હતો. બીજા બૉલમાં ફોર, ત્રીજા બૉલમાં બાય, ચોથા બૉલમાં લેગ બાય ગયા બાદ પાંચમો વાઇડ પડ્યો હતો. વાઇડ પછીના બૉલમાં હાર્દિકે કૅગિસો રબાડાને પૅવિલિયન ભેગો કર્યો હતો અને વર્લ્ડ કપના અંતિમ બૉલ પર ઍન્રિક નૉર્કિયાએ એક રન બનાવ્યો અને એ સાથે ભારતીય ટીમે શાનદાર વિજય મેળવ્યો હતો અને સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું. ■

# જોરદાર અફવા...સેહવાગ અને પત્ની આરતી ડિવૉર્સ લઈ રહ્યા છે?



નવી દિલ્હીઃ ભારતના મહાન ક્રિકેટર વીરેન્દર સેહવાગ અને વકીલની પુત્રી આરતીના લગ્નને ૨૦ વર્ષ થઈ ગયા છે, પરંતુ કહેવાય છે કે એક વર્ષથી તેઓ બન્ને સાથે નથી રહેતા એટલે ઇન્ટરનેટ પર અફવા ઊડી છે કે તેઓ ડિવૉર્સ લઈ લેવાના છે કે શું?

એક જાણીતી વેબસાઇટ પર જણાવાયું હતું કે ઇન્સ્ટાગ્રામ પર સેહવાગે પત્ની આરતીને અનફૉલો કરી છે અને આરતીએ પણ પોતાનું અકાઉન્ટ પ્રાઇવેટ કરી નાખ્યું છે. બીજું, ૨૦૨૪ની સાલની દિવાળી વખતે સેહવાગે તેના મમ્મી તેમ જ મોટા પુત્ર આર્યવીર સાથેની તસવીરો શૅર કરી હતી, પણ પત્ની આરતી તથા નાના દીકરા વેદાંતની તસવીર નહોતી જોવા મળી. એના પરથી ચાહકોને ચિંતા થતી હતી કે પરિવારમાં કોઈ પ્રકારનો ખટરાગ છે કે શું? ‘ઑલ ઇઝ વેલ’ જેવું છે કે નહીં?

અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે મોટો દીકરો આર્યવીર પિતા વીરેન્દર સાથે અને નાનો દીકરો વેદાંત માતા આરતી સાથે રહે છે. જોકે છેલ્લા એક વર્ષ દરમ્યાન દંપતીએ એકમેકને સપોર્ટ કર્યો હોવાનું પણ જોવા મળ્યું છે.

સેહવાગ ૪૬ વર્ષનો અને આરતી ૪૪ વર્ષની છે. સેહવાગ સાત વર્ષનો અને આરતી પાંચ વર્ષની હતી ત્યારથી એકમેકને ઓળખે છે. ધીમે-ધીમે બન્ને વચ્ચે દોસ્તી મજબૂત બનતી ગઈ હતી અને સેહવાગ ૨૧ વર્ષનો હતો ત્યારે તેણે આરતીને પ્રપોઝ કર્યું હતું અને આરતીએ તરત ‘યસ’ કહી દીધું હતું. ■

# મહાકુંભની મોનાલિસા જેવી જ મારકણી આંખોવાળી ઝહીરની પત્નીની તસવીર ચર્ચામાં



પ્રયાગરાજઃ મધ્ય પ્રદેશના સૌથી સ્વચ્છ શહેર ઇન્દોરમાંથી પોતાના પરિવાર સાથે પ્રયાગરાજના મહાકુંભમાં રુદ્રાક્ષની માળા વેચવા આવેલી મોનાલિસા નામની યુવતી હાલમાં ખૂબ ચર્ચામાં છે. સુંદરતા માટે અને ખાસ કરીને ખૂબસૂરત આંખો બદલ તે સોશિયલ મીડિયામાં ખૂબ ફેમસ થઈ ગઈ છે અને ઘણા તેને વાઇરલ ગર્લ તરીકે પણ ઓળખાવે છે. મોનાલિસા જેવા જ મોહક લુકમાં એક જાણીતા ક્રિકેટરની પત્ની પણ જોવા મળી રહી છે.

સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહેલી આ ક્રિકેટર-પત્નીના લૂકની ખૂબ પ્રશંસા થઈ રહી છે. જોકે એ પાછળનું કારણ જુદું છે. આ ક્રિકેટર-વાઇફની વાત વિરાટ કોહલીની પત્ની અનુષ્કા શર્મા કે કે. એલ. રાહુલની પત્ની આથિયા શેટ્ટીની નથી, પણ ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઝહીર ખાનની પત્ની સાગરિકા ઘાટગેની છે. સાગરિકા અનેક ફિલ્મો તથા વેબ સિરીઝોમાં કામ કરી ચૂકી છે. તે ઘણા સમયથી સ્ક્રીનથી દૂર રહી હતી, પણ હવે અભિનયની દુનિયામાં પાછી આવી રહી છે. તેણે ઇન્સ્ટાગ્રામ પર પોતાની નવી ફિલ્મમાંનું લૂક શૅર કર્યું છે જેમાં તેની આંખો મોનાલિસા જેવી લાગે છે. સાગરિકાનો દેખાવ ગામડાંની યુવતી જેવો છે. ■

# ‘ભારતીય ઇલેવન’ ડ્રગ્સ-વિરોધી સંસ્થાના રડારમાં

નવી દિલ્હીઃ વર્લ્ડ ઍન્ટી ડોપિંગ એજન્સી (વાડા)ની ભારતીય શાખા નૅશનલ ઍન્ટી ડોપિંગ એજન્સી (નાડા)એ ડ્રગ્સ-વિરોધી પ્રોગ્રામ હેઠળ વધુ ૧૧ ભારતીય ક્રિકેટરોને આવરી લીધા છે.

નાડાના રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ (આરટીપી)માં સામેલ કરવામાં આવેલા ક્રિકેટરોમાં સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ, રિષભ પંત, શુભમન ગિલ, હાર્દિક પંડ્યા, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, અર્શદીપ સિંહ, સંજુ સૅમસન, તિલક વર્માનો સમાવેશ છે.

આરટીપી હેઠળના ક્રિકેટરો કે ઍથ્લીટોએ નાડાના અધિકારીઓ જ્યારે પણ તપાસ કરવા માગે ત્યારે તેમને કહેવું પડે કે પોતે અત્યારે ક્યાં છે અને ડ્રગ્સ-વિરોધી ચકાસણી માટે પોતે અમુક ચોક્કસ દિવસે, ચોક્કસ સમયે ઉપલબ્ધ રહેશે કે નહીં. બીજી રીતે કહીએ તો આ ખેલાડીઓએ નાડાના અધિકારીઓને ડ્રગ્સ સંબંધિત તપાસ માટે જરૂરી યુરિનના સેમ્પલ આપવા પડે.

નાડાને આ ખેલાડીઓએ પોતાના ઘરના સરનામા, ઇમેલ એડ્રેસ તેમ જ ફોન નંબર પણ આપવા જરૂરી છે. ■

# મજબૂત વૈશ્વિક વલણો સાથે ઈન્ફોસિસ, એચડીએફસી બેંકની આગેવાનીએ લેવાલી નીકળતાં સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના મજબૂત વલણો સાથે ઇન્ફોસિસ, એચડીએફસી બેંક સહિતના બ્લુચિપ શેરોની આગેવાનીએ લેવાલી નીકળતાં સેન્સેક્સ અને નિફ્ટી સાત મહિનાના તળિયેથી પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા. બેન્ચમાર્ક સેન્સેક્સ લગભગ ૫૬૭ પોઈન્ટ્સ જેટલો ઊછળ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩,૧૫૦ના સ્તર પર પાછો ફર્યો છે. ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૫૬૬.૬૩ પોઈન્ટ્સ અથવા ૦.૭૫ ટકા વધીને ૭૬,૪૦૪.૯૯ની સપાટીએ બંધ થયો.

દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૬૨૪.૭૭ પોઈન્ટ્સ અથવા ૦.૮૨ ટકા વધીને ૭૬,૪૬૩.૧૩ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. તેવી જ રીતે, વિસ્તૃત પાયો ધરાવતો બેન્ચમાર્ક નિફ્ટી ૧૩૦.૭૦ પોઈન્ટ્સ અથવા ૦.૫૭ ટકા વધીને ૨૩,૧૫૫.૩૫ પોઈન્ટ્સ પર સ્થિર થયો. ઇન્ટ્રાડે સત્રમાં, આ બેન્ચમાર્ક ૧૪૪.૯ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા વધીને ૨૩,૧૬૯.૫૫ પોઈન્ટ્સ પર પહોંચ્યો હતો.

**ઇન્ફોસિસ, ટીસીએસ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા**

સેન્સેક્સના શેરોમાં, ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા, સન ફાર્માસ્યુટિકલ, બજાજ ફિનસર્વ, ઇંઈક ટેક્નોલોજીસ, બજાજ ફાઇનાન્સ, ઇંઉઅ્ર્ઝ બેંક, ઇન્ડસઇન્ડ બેંક અને કોટક મહિન્દ્રા બેંકનો ટોપ ગેઇનર્સ શેરોમાં સમાવેશ હતો. જ્યારે ટાટા મોટર્સ, પાવરગ્રીડ, એક્સિસ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એનટીપીસી, ટાટા સ્ટીલ અને અદાણી પોર્ટ્સ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં સરક્યા હતા.

નિષ્ણાતો અનુસાર ટ્રમ્પની સંભવિત નીતિ ભારતીય રૂપિયા અને શેરબજાર બંને માટે પ્રતિકૂળ રહેવાની સંભાવના છે. આ ઉપરાંત યુકેના નબળા આર્થિક વિકાસના ડેટા ચિંતાનો વિષય છે. આ ઉપરાંત નિષ્ણાતો માને છે કે ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડનો ઘટાડાનો ટ્રેન્ડ એવો નથી કે વિદેશી ફંડોની વેચવાલીના તીવ્ર દબાણને હળવું કરી શકે. ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ ઉપરાંત એફઆઇઆઇની એકધારી જંગી વેચવાલી પણ નકારાત્મક બાબતોમાં સામેલ છે.

**આઇસીઆઇસીઆઇ પ્રૂડેન્શિયલ લાઇફ**

ઝોમેટોમાં નબળા પરિણામે પાંચ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. આઇસીઆઇસીઆઇ પ્રૂડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સે ૪૩ ટકાના વધારા સાથે રૂ. ૩૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હોવા છતાં સત્રમાં તેના શેરમાં નવેક ટકાનો કડાકો નોંધાયો હતો. એચડીએફસી બેન્કે તેના ચોખ્ખા નફામાં માત્ર બે ટકા જેવો વધારો દર્શાવ્યો હતો. એચયુએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૯.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૮૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

અમેરિકાના નવનિયુક્ત પ્રેસિડેન્ટ ટ્રમ્પે ખાસ કરીને ઇક્વિટી માર્કેટની આગામી ચાલ અંગેની અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. ટ્રમ્પની બીજી ઇનિંગની શરૂઆત સંભવિત આર્થિક નિર્ણયોની મર્યાદિત સમજ સાથે થઈ છે. કેનેડા અને મેક્સિકો પર સંભવિત ૨૫ ટકા ટેરિફના સંકેત સાથે તેમણે ભારત સહિત બ્રિક્સ દેશોને પણ ૧૦૦ ટકા સુધીની ટેરિફ લાદવાની ધમકી આપી છે.

**સકારાત્મક પરિબળો**

સકારાત્મક પરિબળોની વાત કરીએ તો, અમેરિકાના આર્થિક ડેટાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની આશા ફરી વધી છે. વધુમાં, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ, ચાઇનાના અર્થતંત્રનો પાંચ ટકાથી વધુનો વિકાસ, ડોલર ઇન્ડેક્સ અને યુએસ બોન્ડ યિલ્ડમાં જળવાયેલો ઘટાડાના ટ્રેન્ડ તેમ જ સ્થાનિક સ્તરે વેપાર ખાધમાં ઘટાડો બજારને ટેકો આપી શકે છે.

બજારમાં આગામી સમયમાં અફડાતફડી ચાલુ રહી શકે છે, કારણ કે પ્રમુખા ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળ યુએસ નીતિ માળખા વિશે રોકાણકારોની ચિંતા અને સ્થાનિક કોર્પોરેટ કમાણીમાં સંભવિત મંદી સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે.

**એચયુએલ, એચડીએફસી બેન્ક, આઇડીબીઆઇ બેન્ક**

સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝનની અસર વર્તાવી શરૂ થઇ ગઇ છે, જ્યારે આગામી કેન્દ્રીય બજેટની અટકળોની વધુ અસર વર્તાવી શરૂ થઇ જશે. કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ નબળા આવ્યાં છે.

વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો અને ૦.૫ ટકાના સુધારા સાથે રૂ. ૨૨,૩૧૯ કરોડની રેવન્યૂ નોંધાવી છે.

બીપીસીએલે બીજા ક્વાર્ટર સામે ૯૪ ટકાના વધારા સાથે રૂ. ૪૬૪૯ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે.

પેટીએમની ખોટ ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને રૂ. ૨૦૮.૫૦ કરોડ રહી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૨૧.૭૦ કરોડ રહી હતી. ઝોમેટોએ ત્રીજા ક્વાર્ટરમાં ૫૭.૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે અને ત્રણ સત્રમાં તેના માર્કેટ કેપિટલમાંથી રૂ. ૪૪,૬૨૦ કરોડનું ધોવાણ નોંધાયું છે.

આઈડીબીઆઇ બેન્કે ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯૦૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઇઓબીએ બેડ લોનમાં ઘટાડો થયો હોવાથી ત્રીજા ક્વાર્ટરમાં ૨૧ ટકાના વધારા સાથે રૂ. ૮૭૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

**ક્રૂડ ઓઇલ અને ફોરેક્સ માર્કેટ**

આઈટી ફર્મ ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિની જાહેર કરવામાં આવી છે.

પ્રાઇમરી માર્કેટ પર સેબી દ્વારા પ્રસ્તાવિત આઇપીઓ શેરમાં પ્રી-લિસ્ટિંગ ટ્રેડિંગની નેગેટિવ અસર પડી શકે છે. વેરીટાસ ફાઇનાન્સે રૂ. ૨૮૦૦ કરોડના આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. વીનીર એન્જિનિયરીંગે પણ જાહેર ભરણું લાવવા માટે બજાર નિયામક સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

એક અહેવાલ અનુસાર આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે. બુધવારે યુરોપિયન બજારો ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા.

એશિયન બજારોમાં, ટોકિયો અને સિઓલ હકારાત્મક નોંધ પર સેટલ થયા હતા, જ્યારે હોંગકોંગ અને શાંઘાઈ નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. મંગળવારે અમેરિકન શેરબજારોમાં તેજીનું વાતાવરણ રહ્યું હતું.

આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૯ ટકા વધીને ૭૯.૬૮ પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૫,૯૨૦.૨૮ કરોડના શેર વેચ્યા હતા. મંગળવારે સેન્સેક્સ ૧,૨૩૫.૦૮ પોઈન્ટ ઘટીને ૭૫,૮૩૮.૩૬ પોઈન્ટ્સ પર બંધ થયો હતો અને એનએસઇનો નિફ્ટી ૩૨૦.૧૦ પોઈન્ટ ઘટીને ૨૩,૦૨૪.૬૫ પોઈન્ટ્સ પર બંધ થયો હતો.

# ઝોમેટોની માર્કેટ કેપમાં ₹ ૪૪,૬૦૦ કરોડનું ધોવાણ

મુંબઇઃ કોર્પોરેટ પરિણામની મોસમ ચાલી રહી છે અને શેરલક્ષી કામકાજની ધમાલ પણ ચાલી રહી છે. જોકે બજારમાં પરિણામને આધારે તર્કસંગત અને અસંગત ચાલ પણ જોવા મળે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક સમયગાળાના નબળા પરિણામને કારણે ઝોમેટોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂપિયા ૪૪,૬૨૦ કરોડના ધોવાણ સાથે રૂપિયા ૨,૦૧,૮૮૫ કરોડની સપાટીએ નોંધાયું છે.

નિરાશાજનક પરિણામો પછી ઝોમેટોનો શેર ૫.૧ ટકાના કડાકા સાથે રૂપિયા ૨૦૩.૮૦ની સપાટીએ પટકાયો હતો. બજારના સાધનો અનુસાર ચોખ્ખા નફામાં ૫૭ ટકાના વાર્ષિક ધોરણના ઘટાડાની રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી. તેના ક્વિક કોમર્સ યુનિટ બ્લિંકિટની વિસ્તરણ યોજનાઓ હોવા છતાં કંપનીએ ખોટ સહન કરવાનું ચાલુ રાખ્યું છે. ફૂડ ડિલિવરી કંપની ઝોમેટોનો શેર બુધવારે બીએસઈ પર પાંચ ટકાથી વધુ કડાકા સાથે રૂ. ૨૦૩.૮૦ પર સુધી ગગડ્યો હતો. આ કડાકા સાથે આ શેરમાં પાછલા ત્રણ ટ્રેડિંગ સેશનમાં કુલ ૧૮.૧ ટકાનો તોતિંગ કડાકો નોંધાયો છે. કંપનીના નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક સમયગાળાના નબળા પરિણામને કારણે તેના શેરના ભાવમાં આ તીવ્ર ઘટાડો થયો છે. ઉપરાંત તેના ક્વિક કોમર્સ યુનિટ બ્લિંકિટમાં ધીમી વૃદ્ધિ અને વધતા નુકસાન અંગે પણ રોકાણકારોને ચિંતા છે. જાણકાર સાધનો અનુસાર નફામાં ઘટાડા અને ખોટ છતાં કંપની બ્લિંકિટમાં વિસ્તરણ યોજનામાં આગળ વધવા માંગે છે અને ૨૦૨૬ને સ્થાને ૨૦૨૫માં બ્લિંકિટના સ્ટરની સંખ્યા ૨૦૦૦ સુધી પહોચાડવા માગે છે!

# ખાંડમાં મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોના ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦થી ૧૦ વધીને રૂ. ૩૬૫૦થી ૩૬૯૦ આસપાસના મથાળે રહ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતા ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

# શૅરબજારમાં સુધારા છતાં માર્કેટ કૅપમાં ₹ ૨.૧૯ લાખ કરોડનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં બુધવારના સત્રમાં સુધારા છતાં બીએસઇના માર્કેટ કેપિટલમાં રૂ.૨.૧૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. સત્ર દરમિયાન ફોકસ્ડ આઈટી, આઈટી અને ટેકનોલોજી શેરોની લેવાલીમાં વધારો થવાથી સંબંધિત ઈન્ડેક્સમાં આગેકૂચ જોવા મળી હતી, જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો.

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૫,૮૩૮.૩૬ના બંધથી ૫૬૬.૬૩ પોઈન્ટ્સ (૦.૭૫ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૧૯ લાખ કરોડ ઘટીને રૂ.૪૨૧.૮૮ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૬,૧૧૪.૪૨ ખૂલીને નીચામાં ૭૫,૮૧૬.૫૦ સુધી અને ઊંચામાં ૭૬,૪૬૩.૧૩ સુધી જઈને અંતે ૭૬,૪૦૪.૯૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૧ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૯ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૫૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૧૪૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૦૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. કુલ ૮૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૫૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૨૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૫૬ ટકા ઘટ્યા હતા.

સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૨૭ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૮૨ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૨.૧૯ ટકા, આઈટી ૧.૮૮ ટકા, ટેક ૧.૬૫ ટકા, બેન્કેક્સ ૦.૨૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૧૭ ટકા અને હેલ્થકેર ૦.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૪.૫૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૮૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૨ ટકા, પાવર ૧.૫૭ ટકા, યુટિલિટીઝ ૧.૩૮ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૦૨ ટકા, સર્વિસીસ ૦.૮૫ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૮૩ ટકા, મેટલ અને કોમોડિટીઝ ૦.૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૭ ટકા, એનર્જી ૦.૬૩ ટકા, ઓટો ૦.૨૩ ટકા અને એફએમસીજી ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈન્ફોસિસ ૩.૧૬ ટકા, ટીસીએસ ૨.૯૭ ટકા, ટેક મહિન્દ્ર ૨.૬૪ ટકા, સન ફાર્મા ૨.૦૬ ટકા, બજાજ ફિનસર્વ ૧.૬૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૪૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૪૩ ટકા, એચડીએફસી બેન્ક ૧.૪૨ ટકા, ઈન્ડસ ઈન્ડ બેન્ક ૧.૨૭ ટકા અને કોટક બેન્ક ૧.૨૫ ટકા વધ્યા હતા. જ્યારે ટાટા મોટર્સ ૨.૨૪ ટકા, પાવર ગ્રીડ ૧.૪૭ ટકા, એક્સિસ બેન્ક ૧.૦૨ ટકા, સ્ટેટ બેન્ક ૦.૭૬ ટકા, એનટીપીસી ૦.૫૬ ટકા, લાર્સન ૦.૫૫ ટકા, ટાટા સ્ટીલ ૦.૫૪ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૩૪ ટકા અને આઈટીસી ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

# ટ્રમ્પની ટેરિફ નીતિના ફફડાટમાં વૈશ્વિક સોનું ત્રણ મહિનાની ટોચે

## સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૭૪૧ની તેજી સાથે ₹ ૮૦,૦૦૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તેનાં મુખ્ય વેપારી ભાગીદાર દેશો સામે ટેરીફ અંગે કેવી નીતિ અપનાવશે તેનાં ફફડાટ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ વધીને ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું અને ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩૮થી ૭૪૧ની તેજી આવી હતી, જેમાં ૯૯૯ ટચ અથવા તો શુદ્ધ સોનાના ભાવ રૂ. ૮૦,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળે ૨૫ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. તે જ આજે પ્રમાણે વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૭૧૫ના સુધારા સાથે રૂ. ૯૧,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩૮ વધીને રૂ. ૭૯,૮૭૩ની સપાટીએ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૪૧ની તેજી સાથે રૂ. ૮૦,૧૯૪ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના આ માહોલમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી પણ છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૧૫ના સુધારા સાથે રૂ. ૯૧,૨૪૮ના મથાળે રહ્યા હતા. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર-વેરાની નીતિની અનિશ્ચિતતા વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ગત પહેલી નવેમ્બર પછીની ઊંચી ઔંસદીઠ ૨૭૫૯.૮૩ ડૉલર આસપાસની સપાટીએ અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૨૭૭૧.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૮૯ ડૉલર આસપાસ એક મહિનાની ઊંચી સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પ તેના મુખ્ય વેપારી ભાગીદાર દેશો સામે તેની નીતિનો અમલ કરશે તેની અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી ડૉલરને પણ કોઈ દિશા મળતી ન હોવાથી અનિશ્ચિતતાનો લાભ સોનાની તેજીને મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે આર્થિક અનિશ્ચિતતાને કારણે એક તરફ સોનામાં સલામતી માટેની માગ ઉપરાંત ડૉલરની નબળાઈને કારણે પણ રોકાણકારોમાં સોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન સામે ટેરિફ લાદવાની ધમકી ઉચ્ચારવાની સાથે ચીનથી થતી આયાત સામે પહેલી ફેબ્રુઆરીથી ૧૦ ટકા ટેરિફ લાદવા અંગે પણ વિચારણા થઈ રહી હોવાનું જણાવ્યું હતું. સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોનામાં હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ ટ્રમ્પની વેપાર નીતિ ફુગાવાપ્રેરક હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ માટે વ્યાજદરમાં કપાતની શક્યતા પાતળી થવાથી વ્યાજદર ઊંચી સપાટીએ રહેતાં સોનામાં માગ નબળી પડી શકે, એવું સૂત્રોનું માનવું છે.

જોકે, એએનઝેડે એક નોટ્સમાં જણાવ્યું હતું કે હાલના તબક્કે સોનામાં આર્થિક અને વેપારનીતિની અનિશ્ચિતતાને કારણે સલામતી માટેની માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો પ્રબળ ટેકો મળી રહ્યો છે, પરંતુ રોકાણલક્ષી માગનો અભાવ રહેતો હોવાનું નોટ્સમાં ઉમેર્યું હતું.


**ભારત સરકાર રેલવે મંત્રાલય, રેલવે ભરતી બોર્ડ**

**રેલવે ભરતી બોર્ડ (RRBs)**

**કેન્દ્રિય રોજગાર સૂચના (CEN) નં. 08/2024**

**7મા CPC પે મેટ્રિક્સના લેવલ 1 માં વિવિધ પોસ્ટ માટે ભરતી**

લેવલ 1 પર વિવિધ જગ્યાઓ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. વિગતવાર CEN 08/2024 અપલોડ કરવામાં આવશે અને ઓનલાઈન અરજી સબમિટ કરવાની લિંક RRBની અધિકૃત વેબસાઈટ પર લાઈવ થશે. અરજીઓ (તમામ બાબતોમાં પૂર્ણ) માત્ર ઓનલાઈન સબમિટ થવી જોઈએ.

**ઓનલાઈન અરજીની શરૂઆતની તારીખ : 23.01.2025**
**ઓનલાઈન અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ: : 22.02.2025 23:59 hrs**

| પોસ્ટનું નામ | પ્રારંભિક પગાર (રૂ.) | પોસ્ટ મુજબની શૈક્ષણિક લાયકાત અને તબીબી ધોરણો | ઉંમર(01.01.2025ના રોજ) | કુલ ખાલી જગ્યાઓ (બધી રેલવે) |
|---|---|---|---|---|
| 7મા CPC પે મેટ્રિક્સના લેવલ 1 માં વિવિધ પોસ્ટ્સ | 18000 | વિગતવાર CEN ના પરિશિષ્ટ A જુઓ | 18-36 વર્ષ | 32438 |

રેલવે ઝોન મુજબની ખાલી જગ્યાઓનું વિગતવાર વિતરણ વિગતવાર CEN ના પરિશિષ્ટ-B માં આપવામાં આવ્યું છે. CCAA હેઠળની ખાલી જગ્યાઓ માત્ર રેલવે એસ્ટાબ્લિશમેન્ટ્સમાં તાલીમ પામેલા એપ્રેન્ટિસ માટે જ લાગુ પડે છે.

**"આમાં COVID-19 રોગચાળાને કારણે નિર્ધારિત ઉપલી વય મર્યાદામાં એક વખતની છૂટ ઉપરાંત 3 વર્ષની વધારાની છૂટનો સમાવેશ થાય છે".**

વધુ વિગતો માટે, કૃપા કરીને નીચે સૂચિબદ્ધ તમામ સહભાગી રેલવે ભરતી બોર્ડ (RRBs) ની સત્તાવાર વેબસાઈટ્સ પર ઉપલબ્ધ વિગતવાર કેન્દ્રિય રોજગાર સૂચના CEN નંબર-08/2024 નો સંદર્ભ લો.

| આરઆરબી અને રેલવેનું નામ | વેબસાઇટનું સરનામું | આરઆરબી અને રેલવેનું નામ | વેબસાઇટનું સરનામું |
|---|---|---|---|
| અમદાવાદ (WR) | www.rrbahmedabad.gov.in | ગોરખપુર (NER) | www.rrbgkp.gov.in |
| અજમેર (NWR) | www.rrbajmer.gov.in | ગુવાહાટી (NFR) | www.rrbguwahati.gov.in |
| બેંગ્લોર (SWR) | www.rrbbnc.gov.in | કોલકાતા (ER) | www.rrbkolkata.gov.in |
| ભોપાલ (WCR) | www.rrbbhopal.gov.in | મુંબઈ (CR) | www.rrbmumbai.gov.in |
| ભુવનેશ્વર(ECoR) | www.rrbbbs.gov.in | પટના (ECR) | www.rrbpatna.gov.in |
| બિલાસપુર(SECR) | www.rrbbilaspur.gov.in | પ્રયાગરાજ (NCR) | www.rrbald.gov.in |
| ચંદીગઢ (NR) | www.rrbcdg.gov.in | રાંચી (SER) | www.rrbranchi.gov.in |
| ચેન્નાઈ (S.R.) | www.rrbchennai.gov.in | સિકંદરાબાદ (SCR) | www.rrbsecunderabad.gov.in |

આ સૂચના પ્રકૃતિમાં સંપૂર્ણપણે સૂચક છે. ઉમેદવારોએ ઑનલાઇન મોડ દ્વારા અરજી કરતા પહેલા તેમની પાત્રતાની ખાતરી કરવા માટે વિગતવાર **CEN-08/2024**માંથી પસાર થવું આવશ્યક છે. ઉપરોક્ત ભરતીને લગતી કોઈપણ સુધારણા/પરિશિષ્ટ/મહત્વની સૂચના સમય સમય પર ફક્ત RRBની ઉપરોક્ત વેબસાઈટ્સ પર જ બહાર પાડવામાં આવશે.

**No.RRB/PRYJ/Advt./CEN-08/2024**
**નોટિસ નંબર 05/2025** | **તારીખ : 22.01.2025** | અધ્યક્ષ, રેલવે ભરતી બોર્ડ

**વચેટિયાઓ, દલાલો અને નોકરીમાં ધંધો કરનારાઓથી સાવધ રહો** 0994


# મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં બાવન રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, વધુમાં આજે કપાસિયા રિફાઈન્ડમાં નિરસ માગે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ તથા રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર છૂટાછવાયા રહ્યા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૪૬૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા.

# ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે પાંખાં કામકાજો વચ્ચે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯, રૂ. પાંચ અને રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એક ઘટી આવ્યા હતા. જોકે, આજે માત્ર કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા લંડન ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ટનદીઠ ૯૨૩૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.


**PUBLIC NOTICE | પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાયડ્રોલીક એન્જીનીયરનો ડીપાર્ટમેન્ટ)

નં. DyHE/PPC/૬૯૧૬/પાંજરાપુર ૨૧.૦૧.૨૦૨૫ના

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર નીચેના કામો માટે ''આઈટમ રેટ ધોરણ'' પર લાયક બીડરો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ સમાપ્તિ તારીખ & સમય ટેન્ડર સેક્સન હેઠળ M.C.G.M.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં જણાવેલ છે.

| અ. ક્ર. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| | | પાંજરાપુર |
| ૧. | ૨૦૨૫_MCGM_ ૧૧૩૯૬૩૪_૧ | પાંજરાપુર પંપિંગ સ્ટેશન ખાતે સ્ટેઝ-II પંમ્પસ માટે મિકેનિકલ સિલ્સનો સપ્લાય. |
| ૨. | ૨૦૨૫_MCGM_ ૧૧૩૯૭૨૮_૧ | સ્ટેઝ-III સેટલિંગ પ્લાન્ટ, પાંજરાપુર ખાતે સ્પષ્ટતા માટે ગિયર બોકસ સાથે સ્ક્રેપર મોટર્સનું સમારકામ |

ઈચ્છુક ટેન્ડરરો ટેન્ડરની વધુ વિગતો માટે **http://portal.mcgm.gov.in** ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લે.

સહી/-
એકઝીક્યુટીવ એન્જીનીયર
(M & E) પાંજરાપુર

**PRO/2312/ADV./2024-25**

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ)

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ ID નં. | ૨૦૨૫_MCGM_૧૧૪૦૫૯૮_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | ડૉ. R.N. કૂપર હોસ્પિટલ ખાતે LT પેનલ રિપ્લેસમેન્ટ વર્કના ઉપયોગમાં બેકઅપ યુનિટનું ભરતીનું કામ |
| ટેન્ડર ફી | રૂ. ૩૩૦૦/- + ૧૮% GST |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બિડ સુરક્ષા ડિપોઝિટ / બારડી | રૂ. ૨૦,૯૦૦.૦૦ |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૩.૧.૨૦૨૫, ૧૧.૦૦ ક.થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૨૯.૧.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૯.૧.૨૦૨૫, ૧૬.૦૦ ક. સુધી |
| પ્રિ-બિડ મિટિંગ | - NA- |
| પેકેટ A ખૂલશે | ૩૦.૧.૨૦૨૫, ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૩૦.૧.૨૦૨૫, ૧૬.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | E.E. Mech (E.I.) મેન્ટે., BMC મ્યુનિસિપલ વર્કશોપ, R.S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮ની ઓફિસ |
| બિડ ખોલવા માટેનું સ્થળ | E.E. Mech (E.I.) મેન્ટે.ની ઓફિસમાં ઓનલાઈન |
| NICની પોર્ટલ | https://mahatenders.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી. BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
E.E. Mech. (E.I.) Maint.

**PRO/2318/ADV./2024-25**

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# નગરપાલિકાઓની ચૂંટણી પછી લાડકી બહેન યોજના બંધ થઈ જશે?

મુંબઈ: મુખ્ય પ્રધાનની પ્રિય લાડકી બહેન યોજનાને લઈને રાજકીય વર્તુળોમાં આરોપ-પ્રત્યારોપ ચાલી રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે અપાત્ર મહિલાઓના ખાતામાંથી પૈસા પાછા ઉપાડી લેવામાં આવશે. દરમિયાન, હવે ઠાકરે જૂથના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ પણ આવો જ દાવો કર્યો છે. ઠાકરેએ એવો દાવો કર્યો હતો કે, રાજ્યમાં આવી રહેલી મહાનગરપાલિકાઓની (જુઓ પાનું ૪)

